CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૨૦
તા.૦૫-૦૬-૨૦૧૮, મંગળવાર
સંવત ૨૦૭૪ અધિક જેઠ વદ - ૦૬
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૫ સૂર્યાસ્ત : ૦૭:૨૧

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૧.૩ | વડોદરા | ૪૧.૧ |
| અમદાવાદ | ૪૧.૦ | સુરત | ૩૬.૨ |
| ગાંધીનગર | ૪૧.૬ | નલિયા | ૩૫.૪ |

ચાંદી : ૪૦૩૦૦ સોનું : ૩૧૭૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# બનાસડેરીનું સુકાન ફરી શંકરભાઈ ચૌધરીના હાથમાં

**અઢી વર્ષની બીજી ટર્મ માટેના નવા ચેરમેન અને વાઈસ ચેરમેનની વરણી માટે મળેલી બનાસ ડેરીના સંચાલક મંડળની બેઠકમાં ફરી શંકરભાઈ ચૌધરીની સર્વાનુમતે તાજપોશી : વા.ચેરમેન પદે પણ માવજીભાઈ દેસાઈ યથાવત્**

પાલનપુર

એશિયાની નંબર વન બનાસ ડેરીના ચેરમેન પદે ફરી શંકર ચૌધરી બિન હરીફ ચૂંટાઈ આવ્યા છે. અઢી વર્ષ પૂર્ણ થતાં આજે ફરી વિશ્વાસ મત માટે બનાસ ડેરીમાં ચેરમેન અને વાઈસ ચેરમેન માટે ની ચૂંટણી યોજાઈ હતી. જેમાં ચેરમેન તરીકે શંકર ચૌધરી અને વાઈસ ચેરમેન તરીકે માવજી દેસાઈની બિન હરીફ વરણી કરવામાં આવી હતી.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં વર્ષે ૮૦૦૦ હજાર કરોડનું વાર્ષિક ટર્ન ઓવર ધરાવતી બનાસ ડેરીના ચેરમેન તરીકે ફરી શંકર ચૌધરી ચૂંટાઈ આવ્યા છે. બનાસ ડેરીની ચુંટણીને અઢી વર્ષ પૂર્ણ થતાં આજે વિશ્વાસ મત માટે ડેરીના કોન્ફરન્સ હોલમાં ડિરેક્ટરો ની બેઠક યોજાઈ હતી. નાયબ કલેકટરના અધ્યક્ષસ્થાને યોજાયેલી ચૂંટણીમાં ચેરમેન તરીકે શંકર ચૌધરી જ્યારે વાઈસ ચેરમેન તરીકે માવજી દેસાઈ નું નામ મુકવામાં આવ્યું હતું. તમામ ડિરેક્ટરો એ આ બંને નામો પર સર્વાનુમતે મંજૂરી આપી હતી. જેને પગલે શંકર ચૌધરી અને માવજી દેસાઈની બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા હોવાનું ચૂંટણી અધિકારી સુરેન્દ્રસિંહ ચાવડાએ જણાવ્યું હતું.

આજે યોજાયેલી ચૂંટણીમાં પૂર્વ મંત્રી શંકર ચૌધરીની ચેરમેન તરીકે પુનઃ વરણી થઈ છે. જ્યારે વાઈસ ચેરમેન તરીકે માવજી દેસાઈ ફરી ચૂંટાઈ આવ્યા છે.

ત્યારે શંકર ચૌધરી ફરી ચૂંટાઈ આવતા તેમના સમર્થકો માં ખુશી ની લહેર છવાઈ હતી. શંકર ચૌધરી ની ચેરમેન તરીકે ચૂંટાઈ આવતા કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી અને રાજયકક્ષાના મંત્રી પરબત પટેલ દ્વારા પણ અભિનંદન પાઠવ્યા હતા. ચેરમેન તરીકે શંકર ચૌધરી ચૂંટાઈ આવતા તેઓએ પશુપાલકો અને બનાસ ડેરીના ડિરેક્ટરોનો આભાર માન્યો હતો.

વાવ વિધાનસભાની હાર બાદ શંકર ચૌધરી માટે વિશ્વાસ મતની આ ચૂંટણી પ્રતિષ્ઠાનો જંગ હતી. ચૂંટણી ને લઈ અનેક અટકળો હતી તેમ છતાં સહકારના રાજ-કારણમાં શંકર ચૌધરીનું કદ યથાવત છે. આજે બનાસ ડેરીના ચેરમેન તરીકે ફરી ચૂંટાઈ આવતા દૂધના રાજ-કારણ તેઓએ પોતાની છાપ ફરી પ્રસ્થાપિત કરી છે.



સંજય જોષી

## કૉંગ્રેસ શાસિત બનાસકાંઠા જિ.પં.ની આઠ સમિતિઓના ચેરમેનોની વરણી

**પ્રબળ દાવેદારોના પત્તા કાપી નખાતા અંદરખાને નારાજગી**

પાલનપુર

કૉંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતની વિવિધ આઠ સમિતિઓના ચેરમેનોની વરણી કરવામાં આવી હતી. આ સમિતિઓમાં સર્વ જ્ઞાતિઓના ચેરમેનનો સમાવેશ કરી આગામી લોકસભાની ચૂંટણીમાં મતદારોને રીઝવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જોકે, કેટલાક મોટા માથાઓની બાદબાકીને પગલે અંદરખાને નારાજગી પ્રવર્તી રહી હોવાનું ચર્ચાસ્પદ બન્યું છે.

બનાસકાંઠા જિલ્લા પંચાયતની વિવિધ આઠ સમિતિના ચેરમેનની સર્વાનુ મતે વરણી કરવામાં આવી હતી. જેમાં અપીલ સમિતિ જિલ્લા પંચાયત પ્રમુખ પીનાબેન ઠાકોરે પોતાની પાસે રાખી છે. જ્યારે સતત ત્રણ ટર્મથી જીતીને આવતા લક્ષ્મીબેન કરેણને મહત્વની શિક્ષણ સમિતિના ચેરમેન બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત અન્ય સમિતિઓમાં સર્વ જ્ઞાતિના ચેરમેનને સ્થાન આપી આગામી લોકસભાની ચૂંટણીમાં મતદારોને રીઝવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું માનવમાં આવી રહ્યું છે.



સંજય જોષી

### અંદરખાને નારાજગી

કૉંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતની રસાકસીભરી ચૂંટણીમાં કોંગ્રેસના મોટા માથાઓ ના પરિવારજનો પણ ચૂંટાયા હતા. જેમની મહત્વની સમિતિઓમાં સભ્ય તરીકે વરણી કરવામાં આવી હતી. જેઓ આ મહત્વની સમિતિઓના ચેરમેન માટે પ્રબળ દાવેદાર હતા. જોકે, તેમનું પત્તુ કપાતા આ સદસ્યો અંદરખાને નારાજ હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

### સમિતિ અને ચેરમેનના નામ

મહિલા અને બાળ વિકાસ :- જશુમતીબેન પ્રવિણભાઈ પરમાર (કાલેડા)
સામાજિક ન્યાય સમિતિ :- સાયબાભાઈ નેનાભાઈ તરાલ (દાંતા)
ઉત્પાદન, સહકાર અને સિંચાઈ :-ઈશ્વરભાઈ જેઠાભાઈ ખટાણા (ખીમાણા)
અપીલ સમિતિ :- પીનાબેન રાજેશકુમાર ઘાડીયા
જાહેર બાંધકામ સમિતિ :- કમુબા ગોપાલસિંગ સોલંકી (કંબોઈ)
જાહેર આરોગ્ય સમિતિ :- ફાતમાબેન ભીખુભાઈ બિહારી (બસુ)
શિક્ષણ સમિતિ :- લક્ષ્મીબેન પરથીભાઈ કરેણ (જલોત્રા)
કારોબારી સમિતિ :- અમીરામભાઈ શંકરલાલ આશલ (માડકા)













CMYK

સૂર્યોદય - ૫.૫૪ સૂર્યાસ્ત - ૭.૨૧

## તિથિદર્શન

જેઠ વદ-૬ મંગળવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ વદ :છઠ્ઠ મંગળવાર નક્ષત્ર: ઘનિષ્ઠા સાંજે ૫.૫૭ પછી શતતારા યોગ : વૈધૃતી કરણ :વિષ્ટી આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ.શ.ષ.સ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**લોભા વિષ્ટો નરોં વિતં વીક્ષતે ન સચાપદમ્**
**દુગ્ધં પશ્યતિ માર્જારો યથા ન લઘુડાઈતિમ્**

બિલાડીને દૂધ તો તરત દેખાઈ જાય છે પણ તેની સાથે જ લાકડીનો પ્રહાર પણ થશે એ ભયને જોતી નથી, તેમ જ લોભી- લાલચી માણસને ધન તો દેખાય છે પણ તેના પછી આપત્તિઓને એ જોઈ શકતો નથી.

આજના યુગમાં સરકારી બિલાડીઓ દૂધની તપેલી તો 'સુગંધ' પરથી શોધી જ લે છે અને ટેવ પ્રમાણે 'આંખ બંધ કરીને' ચપ- ચપ ચાટવા લાગે છે, જાતે બંધ કરી હોય એટલે ઈમ એમ જ સમજે છે મને કોઈ જોતું નથી! પણ વિરોધીઓ, વિરોધપક્ષો, ઈર્ષાળુ અધિકારીઓ, બધાની નજર એ 'દૂધ' પર જ હોય છે, તેથી તેની વિરુદ્ધ 'છટકાં' અરજી - ફરિયાદોનો લઠ્ઠ - દંડો ઝીંકે જ છે.

લોભી- લાલચી કલમાડી- રાજા- જાડેજા બાપુઓ આમ ઠગાઈ રૂપી દૂધ પી- પી તગડા તો થાય છે પણ કુદરત- ન્યાય - કોર્ટ- કાયદાનો 'દંડ' લાઠીનો ફટકો પડે ત્યારે તમ્મર આવી જાય અને ભાન આવે ત્યારે સીધા 'તિહારની કાળ- કોટડીમાં જ આંખે ખૂલે છે અને પછી 'ગાંધી વિચાર' પરીક્ષામાં પહેલો નંબર આવે છે.

આમ, ખાયકી- કૌભાંડો- કટકીઓમાં જે લોકો 'આંખ મીંચી' ખાવા લાગ્યા છે, એમને કુદરતી ન્યાય કે ઈશ્વરના દંડની પણ બીક નથી, પોતાના કાળાં કામ અને દુષ્કૃત્યોને એ જોતા જ નથી.

સુરેશ પ્રા.ભટ્ટ

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) મહત્વના કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનમાં ઘર્ષણ થવા સંભવ છે.**
**વૃષભ : (બ.વ.ઉ.) નાણાંભીડ હળવી બને. નવિન શુભ સમાચાર મળે.**
**મિથુન : (ક.છ.ઘ.)માનસિક પ્રસન્નતાનો અનુભવ થાય. પ્રવાસમાં સફળતા મળે.**
**કર્ક : (ડ.હ.) વિશ્વાસે વહાણ ન ચલાવવું. અપયશના ભોગ બનવું પડે.**
**સિંહ : (મ.ટ.)કાર્યોમાં અટકી-અટકીને સફળતા મળે. આર્થિક પરિસ્થિતિ ગુંચવાશે.**
**કન્યા : (પ.ઠ.ણ.)જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. તમારા પ્રયત્નો ફળે.**
**તુલા : (ર.ત.)ધીરજની કસોટી થાય. મનમાં ઉગ્રતા રહે.**
**વૃશ્ચિક : (ન.ય.)અગત્યના કામમાં રૂકાવટ આવે. નાણાંભીડ ઉદ્‌ભવે.**
**ધન : (ભ.ફ.ધ.) ઘરમાં વાદ-વિવાદના પ્રશ્ન બને. પ્રયત્નો વિલંબથી ફળે.**
**મકર : (ખ.જ.)આરોગ્ય બાબતે ચિંતા રહે. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.**
**કુંભ : (ગ.શ.સ.)ચિંતાનો ઉકેલ મળે. નાણાંકીય સમસ્યા હળવી બને.**
**મીન : (દ.ચ.જ.થ.)પુરૂષાર્થ પછી યોગ્ય ફળ મળે. પડવા-વાગવાથી સંભાળવું.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

પ્રાચીન યુગના અંતિમ મહાન હિન્દુસમ્રાટ હર્ષવર્ધનનો જન્મદિન છે. એમનો જન્મ ઈ.સ. ૫૯૦ જૂન માસની પાંચમી તારીખે થયો હતો. ઈ.સ. ૬૦૬માં સોળ વર્ષની ઉંમરે થાણેશ્વરની ગાદીએ બેઠા અને રાજયશ્રીનું કનોજનું રાજય પણ તેની સાથે ભેળવી દેવાયું અને પછી તો બીજાં રાજયો જીતી તેઓ ઉત્તર ભારતના સૌથી મોટા રાજવી બન્યા! તે વિજેતા, વહીવટકર્તા અને ધર્મપરાયણ હોવા ઉપરાંત સહિત્ય અને કલાને ઉતેજન આપનારા સંસ્કારી સમ્રાટ હતા.

ઈ.સ. ૬૪૭માં એમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રધ્ધા સબૂર.... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા.૦૫.૦૬.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....

**નિફ્ટી ફ્યુચર ૧૦૬૪૬ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૦૪.૦૬.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૬૦૬ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૫૭૩ પોઈન્ટના પ્રથમ અને ૧૦૫૬૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૬૧૬ પોઈન્ટ થી ૧૦૬૩૩ પોઈન્ટ, ૧૦૬૪૬ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૬૪૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૦૪.૦૬.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૬૨૧૫ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૧૨૬ પોઈન્ટના પ્રથમ અને ૨૬૦૨૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૨૬૨૭૩ પોઈન્ટ થી ૨૬૩૦૩ પોઈન્ટ, ૨૬૩૩૩ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૩૩૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**ડો. રેડી (૧૯૯૩) :- ફાર્મા ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૯૮૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૯૭૩ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૦૦૬ થી રૂ.૨૦૧૯ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૦૨૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**કોટક બેન્ક (૧૩૦૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૨૯૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૨૭૬ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૩૧૭ થી રૂ.૧૩૨૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૯૩૭) :- રૂ.૯૨૩ નો પ્રથમ તેમજ રૂ.૯૧૬ ના બીજા સપોર્ટથી રિફાઇનરી સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૯૪૯ થી રૂ.૯૫૫ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**ગ્લેનમાર્ક ફાર્મા ( ૫૪૨ ) :- ફાર્મા સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૫૫૩ થી રૂ.૫૬૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૫૩૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**એકસિસ બેન્ક (૫૩૭) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૩૩ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક બેન્ક સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૪૬ થી રૂ.૫૫૫ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**HDFC બેન્ક (૨૦૩૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટર નો આ સ્ટોક રૂ.૨૦૬૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૦૨૨ થી રૂ.૨૦૧૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૨૦૭૫ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ઇન્ફોસિસ (૧૨૦૬) :- રૂ.૧૨૨૨ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૨૩૦ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૧૯૬ થી રૂ.૧૧૯૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૨૩૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**સેન્ચુરી ટેક્ષટાઇલ (૯૩૨) :- સિમેન્ટ સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૯૪૯ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૯૨૩ થી રૂ.૯૧૯ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**અજંતા ફાર્મા (૯૩૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૯૪૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૯૨૩ થી રૂ.૯૧૯ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૯૫૫ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**બાટા ઈન્ડિયા (૭૫૩) :- રૂ.૭૭૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૭૭૭ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૭૪૪ થી રૂ.૭૩૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૭૮૫ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

## શ્રી આશાપુરા ઠાકોર ક્ષત્રિય સમાજ ટ્રસ્ટ ગુજરાત દ્વારા ઠાકોર સમાજના પ્રેસ પ્રતિનિધિનો સન્માન



નટુજી ઠાકોર

પ્રતિનિધિ કોતરવાડા

તાજેતરમાં શીલજ અમદાવાદ ખાતે આવેલ આશાપુરા માતાજીના મંદિર ખાતે શ્રી આશાપુરા ઠાકોર ક્ષત્રિય સમાજ ટ્રસ્ટ ગુજરાત દ્વારા ઠાકોર સમાજના પત્રકારોનો સન્માન સમારોહ માધુભાઈ ઠાકોર પૂર્વ કેબિનેટ મંત્રી ગુજરાતના અધ્યક્ષસ્થાને યોજાયો હતો જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. જેમાં દરેક પત્રકારોને શાલ શિલ્ડ તેમજ ફુલ છડી થી સન્માન કરવામાં આવેલ આ સમારોહ માં શ્રી આશાપુરા ઠાકોર ક્ષત્રિય સમાજ ટ્રસ્ટ ગુજરાતના પ્રમુખ પુનમજી બી. ડાભી અને ટ્રસ્ટીગણ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતુ. આ સાથે દરેક પત્રકારો એ પોતનો પરીચય આપ્યો હતો. આ સમારોહમાં અનુપ બી. ઠાકોર તંત્રી ક્ષત્રિય જયોત (સા) એ સર્વોને અભિનંદન અને આભાર માન્યો હતો આ કાર્યક્રમમાં ઉપસ્થિત માધુભાઈ ઠાકોર પૂર્વ કેબિનેટ મંત્રી ગુજરાત એ જણાવ્યું હતુ કે સમાજ સુધારણામાં ઠાકોર સમાજના પત્રકારોનો મુખ્ય ફાળો છે ત્યારે સમાજના રાજકીય અગ્રણીઓ પક્ષાપક્ષીથી દૂર રહી સમાજ સુધારણા કરતા સમાજના પત્રકારો ને અનુમોદન આપવું જોઈએ આ પ્રસંગે કાંકરેજ તાલુકા કેળવણી મંડળના પ્રમુખ ભુપતજી એન ઠાકોર નેકરીયાવાળા, સી.વી.ઠાકોર બનાસબેંક ઈન્સ્પેક્ટર થરા સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમનું સંચાલન દશરથજી ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતુ.

## નવાવાસ રાજપુર ગામનું ગૌરવ



ડીસા

ન.રા.ટી.જુથ ઉ.બુ. વિદ્યાલય, નવાવાસ રાજપુર, તા.સતલાસણા, જિ. મહેસાણા ની શાળાનું માર્ચ - ૨૦૧૮ એસ.એસ.સી પરીક્ષાનું પરિણામ ૯૦ ટકા આવેલ છે. જેમાં પ્રથમક્રમે ૯૫.૧૬ પી.આર.સાથે ગુંજનકુમાર વિષ્ણુભાઈ દરજી આવેલ છે. જયારે બીજાક્રમે ૯૩.૩૮ પી.આર.સાથે જીનલબેન મેઠાભાઈ ચોધરી અને ત્રીજાક્રમે અમીષાબેન વીરજીભાઈ ચૌધરી ૯૧.૬૭ ઉર્તીણ થયેલ છે. જે નવાવાસ રાજપુર ગામનું ગૌરવ વધારેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે શાળામાં કન્યાઓનું પરિણામ ૧૦૦ ટકા આવેલ છે. જે ગૌરવની બાબત છે.

## મોદી સ્કૂલ પાલનપુરનું ગૌરવ

તા.પ્રતિ. ધાનેરા

બનાસકાંઠા જિલ્લા મોઢ - મોદી કેળવણી મંડળ, પાલનપુર સંચાલિત મોદી સ્કૂલ, પાલનપુર દ્વારા લેવાયેલ એસ.એસ.સી બોર્ડ - ૨૦૧૮ ની પરીક્ષાનું પરિણામ ૭૭.૭૮ ટકા આવેલ છે.

## કાંકરેજ તાલુકાના વડા ગામનું ગૌરવ



તાલુકા પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના વડાગામના જૈન ખેડૂત અગ્રણી નલીનકુમાર બાલચંદભાઈ શાહની પુત્રી ધૃવાબેન નલીનભાઈ શાહે ગત માર્ચ - ૨૦૧૮ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ - ૧૦ એસ.એસ.સી.ની પરીક્ષા નિર્માણ હાઈસ્કૂલ પંચવટી - અમદાવાદમાં અભ્યાસ કરીને આપી જેના જાહેર થયેલ પરિણામમાં ધૃવા શાહે ૬૦૦ માંથી ૫૬૧ ગુણ સાથે ૯૩.૫૦ ટકા મેળવી નાનકડા વડા ગામનું ગૌરવ વર્ધાયું છે.તેના પર્સન્ટાઈલ રેન્ક ૯૯.૭૮ આવતા ઠેરઠેરથી અભિનંદનની વર્ષા થઈ રહી છે.

## માળી સમાજનું ગૌરવ

પ્રતિ. માલગઢ

ક્રિષ્ના કેરિયર કલાસીસના સંચાલક જિતેન્દ્રકુમાર મગનાજી ટાંકની સુપુત્રી કુ.તેજલબેન ટાંકે તાજેતરમાં લેવાયેલી ધોરણ - ૧૨ (એચ.એસ.સી) ની પરીક્ષામાં માલગઢની શેઠ શ્રી એલ.એચ. માળી આદર્શ હાઈસ્કૂલમાં ૭૯.૬૦ ટકા (પર્સન્ટાઈલ રેન્ક ૯૭.૦૯) ગુણ પ્રાપ્ત કરી. માલગઢ ગામ, હાઈસ્કૂલ અને માળી સમાજનું ગૌરવ વધાર્યું છે. કુ.તેજલ ટાંકે તત્વજ્ઞાનમાં ૧૦૦ માંથી ૯૭ ગુણ પ્રાપ્ત કર્યા છે.

## લાખણી તાલુકાનાં કુડા ગામની ગૌ-શાળામાં શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન



પ્રતિ. કુડા

લાખણી તાલુકામાં આવેલાં કુડાં ગામમાંની ગૌ-શાળામાં કુડાં ગ્રામજનો દ્વારા ગૌ-શાળાનાં લાભાર્થે સાત દીવસીય શ્રીમદ્ ભાગવત કથાનુ આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૧/૬/૧૮ થી તારીખ ૭/૬/૧૮ સુધી કાર્યક્રમનું આયોજન કરાયુ છે. બનાસકાંઠામાં ૨૦૧૭ માં આવેલા પુરમાં કુડાં ગામની ગૌ-શાળા પડી ભાગી હતી અને ગૌશાળાની હાલત ખરાબ થઈ હતી. જેથી ગાયોને ખવડાવવા માટે ઘાસ અને દાણાની અછત સર્જાઈ હતી. જેના અનુસંધાને કુડાંના ગ્રામજનો દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહનુ આયોજન કરાયુ છે. જેનો ખાસ ઉદેશ ગૌ-શાળામાં દાન અને આવક થાય જેથી ગૌ માતાને જીવંત રાખી શકાય અને ગૌ-શાળા ટકી રહે. જેથી ગ્રામજનો દ્વારા ગૌ-પ્રેમીઓને બને તેટલુ દાન કુડાં ગૌશાળાને આપવાં વિનંતી કરાઈ છે.

## કાંકરેજ તાલુકાના આકોલી ગામે ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજાયો

(પ્રતિ.) કંબાઈ

કાંકરેજ તાલુકાના આકોલી ગામે દરબાર ગઢ ખાતે વાઘેલા વીરસિંહ ભાવસિંહજીના ઘરે યાત્રા કરી પરત આવતા દિવસે દીકરીઓને ભોજન અને તેમના મોટા સુપુત્ર ચિનુભા વાઘેલા (SRP) ને ત્રણ દીકરીઓ ઉપર દીકરો ભગવાને આપતા પારણુ બાંધ્યું તેમજ નવા મકાનનું વાસ્તુ એમ એક સાથે ત્રિવેણી સંગમનો સાથ સાથે ભજન સતસંગનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આકોલી ભક્ત મંડળના ખેંગારસિંગ, બચુભા, ગાંડાજી સરપંચ વીજુભા વાઘેલા પૂર્વ સરપંચ સહિતના રાજુગીરી ગૌસ્વામી, જલારામ મહારાજ અને ચામુંડા સાઉન્ડ આકોલી બાબરસિંહ વાઘેલા એ રાત્રે ભજનનો લાવો લીધો હતો. જેમાં માનભા વીરસિંહ વાઘેલાના પરિવારના સભ્યો ખુશીઓમાં ખોવાઈ ગયાં હતા અને મોડા સુધીનાં ભાવિ ભક્તો અને ધર્મપ્રેમીઓએ ભજનની મોજ માણી હતી અને પ્રસાદ આરતીનો લાભ લઈ સૌએ ધન્યતા અનુભવી હતી. આમ આકોલી ખાતે ત્રિવેણી સંગમનો ભક્તિના ભાવ સાથે કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

**બનાસકાંઠા જિલ્લાના ઐતિહાસિક થીરપુર (થરાદ) નગરમાં**

## પવિત્ર અધિક માસ નિમિત્તે કુંવરબાઈનું મામેરૂં ત્રિદિવસીય કથાનું દિવ્ય આયોજન

**આ કથાનું રસપાન ગૌવત્સ શ્રી ભગત બાપુ (કારેલીવાળા) કરાવશે**

ડીસા

સમયના પ્રવાહમાં પવિત્ર પુરુષોત્તમ (અધિક) માસ ચાલી રહ્યો છે. વિવિધ ગામોમાં મંદિરોમાં ભાગવત- રામાયણની કથા-કિર્તનો ચાલી રહ્યાં છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના ઐતિહાસિક થીરપુર (થરાદ) શહેરની પવિત્ર પાવન ધરા પર એક ભવ્યાતિભવ્ય ભક્ત શિરોમણી નરસિંહ મહેતાના જીવન પર આધારિત કુંવરબાઈનું મામેરું (નાનીબાઈ રો માયરો) ત્રિદિવસીય કૃષ્ણ ભક્તિની રસતરબોળ સંગીમય કથાનું આયોજન આગામી તા. ૮-૬-૨૦૧૮ને શુક્રવારથી થશે. કથાનો સમય સવારે ૧૦-૦૦થી બપોરના ૧-૦૦ વાગ્યા સુધી છે. કથા વિરામ તા. ૧૦-૬-૨૦૧૮ને રવિવારના દિવસે થશે. કથાના વક્તા તરીકે ગૌ વત્સ શ્રી ભગત બાપુ (કારેલીવાળા) જ્ઞાનગંગાનું આચમન કરાવશે, કથાનું શુભ સ્થળ શિવધારા બંગ્લોઝ, વાવ-થરાદ હાઈવે, રેફરલ હોસ્પિટલની સામે,

અનુસંધાન પાના નં.૬

## ભીલડી પોલીસ સ્ટેશનમાં ગોગા મહારાજની રમેલ યોજાઈ



નરસિંહ દેસાઈ, કંચનજી ઠાકોર

**પોલીસ સ્ટેશનમાં બિરાજમાન ગોગા મહારાજ ફોજદારી ગોગા તરીકે ઓળખાશે : ભુવાજી**

પ્રતિ. વડાવળ

ભીલડી પોલીસ સ્ટેશનમાં બિરાજમાન ગોગા મહારાજની રમેલ (જાતર) નું આયોજન પોલીસ સ્ટેશનના પી.એસ. આઈ. એ.વી.આહીર તથા પારઘી અને પોલીસ સ્ટાફ દ્વારા ગત તા.૨/૬/૨૦૧૮ ને શનિવાર ના રાત્રે રમેલનું આયોજન કર્યુ હતુ જેમાં અનેક ભુવાજીઓએ હાજરી આપી દેવી-દેવતાઓના દર્શન કરાવી ખમ્મા અને મજાના આર્શીવાદ આપ્યા હતા. રાત્રે રમેલ બાદ દિવસે ભોજન પ્રસાદનું પણ આયોજન કરાયુ હતું. આ રમેલના પ્રસંગે ભુવાજી પરબતભાઈ નાગફણા, ભુવાજી રેવાભાઈ શેરગઢ, ભુવાજી પ્રકાશભાઈ ડેડોલ, ભુવાજી ભોપાભાઈ સોડીયા, ભુવાજી જગાભાઈ ઢેઢાલ, ભુવાજી મુડેઠા સહિત ગામેગામથી ભુવાજી ઓએ હાજરી આપી હતી હાલરીયાના કલાકાર સંજયભાઈ નાંણી, રાજન રાયકા મોક્ષકાપરા તથા વિષ્ણુભાઈ તાલંગેજ દ્વારા રેગડીઓ અને હાલરીયાઓની રમઝટ જમાવી હતી.

આ કાર્યક્રમમાં દિયોદરના પૂર્વ ધારાસભ્ય કેશાજી ચૌહાણ ઉપરાંત રઘુભાઈ રાજગોર, સુરેશભાઈ સીલ્વા, સ્વરૂપજી ઠાકોર, તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ ગીરીશભાઈ દેસાઈ, જિલ્લા સદસ્ય જેઠાભાઈ દેસાઈ, ઢેઢાલ સરપંચ ભરતભાઈ દેસાઈ સહિત આજુબાજુના ગામોના સરપંચ સહિત આગેવાનોએ હાજરી આપી હતી. મોડી રાત સુધી રમેલની રમઝટ જામી હતી ત્યારે ભુવાજી પરબતભાઈ નાગફણાએ પોલીસ સ્ટેશનમાં બિરાજમાન ગોગા મહારાજનું ફોજદારી ગોગો નામ આપી ગોગા મહારાજ નવી ઓળખાણ ફોજદારી ગોગા તરીકે પૂજાશે તેમ કહ્યું હતુ ત્યારે આ રમેલના પ્રસંગને સફળ બનાવવા ભીલડી પી.એસ.આઈ. સાગરભાઈ આહીર કોન્સ્ટેબલ અમરતભાઈ દેસાઈ સહિતના પોલીસ સ્ટાફે ખુબ જહેમત ઉઠાવી હતી.

## ભગવાનની માયા

ભગવાન શ્રીકૃષ્ણની લીલા કાયમ અલૌકીક રહી છે. તેમણે પોતાના પરમ ભક્તોને સમય સમય ઉપર સત્યનું જ્ઞાન કરાવ્યું હોવાના અનેક દાખલા છે.

એક વખતની વાત છે. ભગવાનની શ્રી કૃષ્ણ દ્વારકાના રાજા બન્યા ત્યારે સુદામાજી ભગવાનના મહેમાન થઈને ગયા હતા ત્યારે બન્ને વાતોએ વળગેલ વાતમાંને વાતમાં સુદામાજીએ ભગવાન શ્રી કૃષ્ણને કહ્યું, "હે નાથ આપને મારી વિનંતી છે. મે સાંભળ્યું છે કે તમારી માયા અલૌકીક છે મને તમારી એ અલૌકીક માયાના દર્શન કરાવોને."

ભગવાન શ્રી કૃષ્ણએ સુદામાને કહ્યું, "જુઓ સુદામાજી તમને મારી માયાના દર્શન અવશ્ય કરાવીશ પરંતુ તેને યોગ્ય વખત આવશે ત્યારે કરાવીશ."

એ વાતને થોડા દિવસો વિતી ગયા. એક દિવસ ભગવાન શ્રીકૃષ્ણ અને સુદામાજી ગોમતીજીમાં સાથે નાહવા ગયા. બન્યું એવું કે સુદમાજીએ ગોમતીજીમાં ડૂબકી લગાવી. ડૂબકી લગાવીને જેવા સુદામાજી બહાર નિકળ્યા તો તેઓ કોઈ નવા જ નગરમાં આવી ગયા હોય અને નવા જ પ્રકારનો નદીનો કિનારો જોયો.

જોઈને ગભરાયેલા સુદામાજી ઝડપભેર નદીની બહાર નિકળ્યાને કિનારે આવી અને કોઈને પૂછ્યું, "આ દ્વારીકાનગરી જ છે ને ?"

તો જવાબ મળ્યો," તમે કોઈ પાગલ લાગો છો આ દ્વરકાનગરી નથી આ તો માયાનગરી છે" આ સાંભળી સુદામાજીને ખૂબજ આશ્ચર્ય થયું તેથી તે તો આ માયાનગરી જોવા નિકળી પડ્યા. તેની ઈમારતો, નગરીના લોકો, તેમનું જીવન વગેરે જોઈ અને સુદામાજીને ખૂબ જ આનંદ આવી રહ્યો હતો.

સુદામાજી માયાનગરીમાં ફરી રહ્યાં હતા ત્યાં અચાનક એક હાથણી કળશ લઈને સામેથી આવી રહી હતી. તે હાથણી પાછળ માણસોનું મોટું ટોળું આવી રહ્યું હતું. તે હાથણીએ આવી અને સુદામાજી ઉપર કળશ ઢોળ્યો. એટલે ત્યાં પાછળ આવેલ માણસોએ સુદામાજીનું નામ પૂછ્યું. એટલે સુદામાજીએ પોતાનું નામ કહ્યું. તેના નામનો જય જયકાર થયો.

સુદામાજીને કંઈ સમજાયું નહીં તેથી તેમણે એક વ્યક્તિને પૂછ્યું, "આ બધુ શુ છે ? અને શા માટે મારો જય જયકાર બોલાવો છો ?"

"જુઓ, માયાનગરી છે અને અમારા રાજાનું મરણ થયું છે માટે અમારે ત્યાં રાજા મરણ પામે તો નવો રાજા શોધવા માટે અમે આ રીતે હાથણીની મદદ લઈએ છીએ. આજે હાથણીએ તમારા ઉપર કળશ ઢોળ્યો છે તેથી આજથી તમે અમારા રાજા થયા છો." તે વ્યક્તિએ જવાબ આપ્યો.

આ સાંભળીને સુદામાજી તો ખુશખુશાલ થઈ ગયા. પછી રાજા હતા કુંવારા એટલે રાજા હોય તો રાણી તો જોઈએ જ. તેથી એક સુંદર કન્યા પસંદ કરી તેને સુદામાજી સાથે પરણાવવામાં આવ્યા. પછી તો સુદામાજીને આનંદ આનંદ થઈ ગયો. ઘેર ચાર પુત્રો અને ચાર પુત્રીઓ થયા. આમ, સંસારમાં પડેલા એવા સુદામાજી તો રાજ ચલાવતા હતા અને તેમનીમસ્તીમાં જીવતા હતા. દિવસો સુખેથી વિતતા હતા.

એક દિવસ અચાનક રાણી બિમાર પડ્યા. રાજવૈદ્યએ કહી દીધું રાણી બહુ ઝાઝા દિવસો કાઢે તેમ નથી. અને સુદામાજી તો પડ્યા ચિંતામાં અને એક દિવસ અચાનક રાણી અવસાન પામ્યા. તેનો વિરહ થવાથી સુદામાજી તો રડવા લાગ્યા ત્યારે પાસે ઉભેલા પ્રધાન કહેવા લાગ્યા,"મહારાજ, આપ શા માટે રડો છો ?"

સુદામાજી કહે છે, 'મારી પત્ની અવસાન પામી તેના વિરહમાં હું રડું છું." પ્રધાને કહ્યું,"તો તમે રડવાનું રહેવા દો તમારૂ વિરહ લાંબો સમય નહીં ચાલે કારણ કે અમારા રાજયનો નિયમ છે જો રાણી મરે તો તેમની ચિતામા રાજા ભલે ન જીવતો હોય તો પણ તેને સાથે બેસાડી અને અગ્નિદાહ આપવામાં આવે છે. એટલે કે, તમારે પણ ટૂંક સમયમાં રાણી સાથે જ જવાનું છે માટે રડવાનું છોડી દો" હવે તો સુદામાજી ધ્રુસકે ધ્રુસકે હૈયાફાટ રૂદન કરવા લાગ્યા. પછી તેમને કંઈક યાદ આવ્યું એટલે અચાનક તેમણે પ્રધાન અને ત્યાં ઉપસ્થિત સૌને કહ્યું,"બરોબર, પરંતુ પહેલાં મને જરા સ્નાન કરવા દેશો. મને આપણી માયાનગરી પાદરે વહેતી નદીમાં સ્નાન કરવાની ઈચ્છા છે."

પ્રધાનજીએ કહ્યું,"જરૂર..જરૂર.." પછી તેમને લઈ પ્રધાનજી ગયા નદી કિનારે સુદામાજીએ અંતઃકરણ પૂર્વક ભગવાન શ્રીકૃષ્ણને યાદ કરી અને ડૂબકી લગાવીને જેવા બહાર નિકળ્યા. જોયું તો ફરી એ ગોમતીજી કીનારો અને દ્વારકાનગરી પછી તેમને થયું હાશ માયાનગરીમાંથી માંડ છૂટ્યા અને દ્વારકાનગરી દેખાઈ ખરી.

પાસે જ ભગવાન શ્રીકૃષ્ણ ઉભા હતા. તેમણે સુદામાજીને ગભરાયેલા જોયા. એટલે હસતાં હસતાં ભગવાન શ્રીકૃષ્ણ સુદામાજીને પૂછે છે,"આપણે પાંચ મીનીટ પહેલાં નાહવા ગોમતીજીમાં ઉતર્યા ત્યારે તમે આનંદમાં હતા અને અત્યારે તમે પાણીમાં એક નાની ડૂબકી લગાવીને બહાર નિકળ્યા તેમાં આટલો બધો ડર શેનો ?"

સુદામાજી તો વિચારમાં પડી ગયા. પોતે માયાનગરીમાં રાજા બન્યો. ત્યાં તેમના લગ્ન થયા. આઠ સંતાનોનો પોતે પિતા બન્યો પછી રાણીનું મૃત્યુ થયું અને પોતાને પણ ચિતા સાથે.." બધું યાદ આવતા સુદામાજી તો રડવા લાગ્યા. ત્યારે ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યું,"તમારે મારી માયા જોવી હતી ને ? જોઈ લીધીને મારી માયા ?" ત્યારે સુદામાજીએ ભગવાનને કહ્યું,"હે નાથ, તમારી માયા તો ખરેખર અલૌકીક છે."

આજનું ભજન

સોપ્યું સઘળું વ્હાલા, તું સંભાળજે,
પાણી પહેલા બાંધી લેજે પાળ જો..
શાને કાજે માનું "હું" ને "માહરૂ",
તું જાણે ને તારૂ છે સૌ કાજ જો..
મનની મૂંઝવણ ખંખેરી ખૂણે મૂકી,
મારી નાહીં પણ તારી જશે લાજ જો..
"પુનિત" આવ્યો ખાલી લઈ બે હાથે,
મૂડિ નહીં ત્યાં ક્યાંથી ગણવું વ્યાજ જો..

**કનકચંદ્ર સી.વ્યાસ**

**સંકલન : શ્રીમતી રમણતારા કે.વ્યાસ**

## આજે ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક

# પાલનપુર-ડીસા નગરપાલિકાના સૂત્રધારોની આજે પસંદગી થશે

**પાલનપુરમાં પ્રમુખપદ માટે ૪ પ્રબળ દાવેદારો: કોંગ્રેસના સભ્યો સહેલગાહે: ભાજપના સભ્યો પણ જશે સહેલગાહે : નવાજુની થવાના એંધાણ વચ્ચે બન્ને પક્ષો સતર્ક.**

પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર અને ડીસા નગરપાલિકાના વર્તમાન સૂત્રધારોની મુદત પૂર્ણ થવા જઇ રહી છે. આગામી ૧૩મી જૂને નવા સૂત્રધારોની ચૂંટણી યોજાનાર છે. ત્યારે આજે ગાંધીનગર ખાતે ભાજપની મળનારી પાર્લામેન્ટ બોર્ડમાં નવા સૂત્રધારોની પસંદગી થશે. જોકે, પ્રમુખ- ઉપપ્રમુખના દાવેદારોએ લોબિંગ કરી એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ત્યારે કોની પર પસંદગીનો કળશ ઢોળાશે તેતો આવનારો સમય જ બતાવશે.

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાના પ્રમુખપદ માટે ૪ પ્રબળ દાવેદારો છે. જોકે, પ્રમુખપદની સીટ સામાન્ય છે. જેના પર સૌથી પ્રબળ દાવેદાર તરીકે સરળ અને લો-પ્રોફાઈલ તથા પ્રસિદ્ધિથી દૂર ભાગતા બાંધકામ સમિતિના ચેરમેન દશરથસિંહ સોલંકી ઉપરાંત ઓબીસીમાંથી વર્તમાન ઉપ પ્રમુખ અશોકભાઈ ઠાકોર અને મિલનસાર સ્વભાવના પૂર્વ પ્રમુખ હસમુખ પઢીયાર તથા શાંતિ પઢીયાર દાવેદાર છે. જયારે ઉપપ્રમુખપદ માટે કુસુમબેન રાવલ, જાગૃતિબેન મહેતા, હેતલબેન રાવલ, વિપુલ રાવલ સહિત ૬ બ્રાહ્મણ ઉમેદવારો મળી કુલ ૧૧ જેટલા દાવેદારો મેદાનમાં છે. જોકે, પાલનપુર શહેર ભાજપ દ્વારા જિલ્લા સંકલન સમિતિમાં તમામ નામ મોકલાયા હોવાનું જાણવા મળ્યું છે.

જયારે જિલ્લા ભાજપ સંકલન સમિતિની મળેલી બેઠકમાં મનોમંથન અંતે પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટે ૩-૩ નામ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં મોકલાયા હોવાના અહેવાલ મળ્યા છે. જેમાં પ્રમુખપદ માટેના ઉમેદવાર શાંતિ પઢીયાર પક્ષવિરોધી પ્રવુત્તિ માટે પંકાયેલા હોઈ તેમની બાદબાકી કરાઈ હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

### લોકસભાની ચૂંટણીને ધ્યાને લેવાશે

પાલનપુર નગરપાલિકાના નવા સૂત્રધારોની વરણી લોકસભાની ચૂંટણીના સમીકરણોને ધ્યાને લઈને કરાશે. ત્યારે ભાજપની ધુમિલ થતી જતી બચાવવા પક્ષ દ્વારા વોટબેંકની રાજનીતિ કર્યા વિના સ્વચ્છ પ્રતિભા ધરાવતા ઉમેદવારની પસંદગી કરાય તેવી લાગણી ખુદ ભાજપી કાર્યકરો વ્યકત કરી રહ્યા છે.

### નગરસેવકો સહેલગાહે

પાલનપુર નગરપાલિકાના નવા સૂત્રધારોની વરણીમાં કંઈક કાચું કપાય તો નવાજુની થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. ત્યારે વિપક્ષ કોંગ્રેસના સભ્યો રાજસ્થાનના કુંભલગઢ ખાતે સહેલગાહે ગયા હોવાનું જાણવા મળ્યું છે. જયારે ભાજપના નગર સેવકોને પણ ભાજપના પ્રમુખપદ ના ૪ દાવેદારોએ સહેલગાહે લઈ જવાની તજવીજ હાથ ધરી છે.

# થરાદના રાજેન્દ્રનગરમાં વેપારીના ઘરમાં છરા સાથે બે યુવકો ઘસી આવતાં ખળભળાટ

**જિલ્લા કંટ્રોલરૂમને જાણ કરાતા થરાદ પોલીસે બંને યુવકોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા**


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ નગરમાં સોમવારની બપોરના બે વાગ્યાના સુમારે બનેલી એક ચકચારી અને ગંભીર ઘટનાની મળેલી વિગતો પ્રમાણે શહેરની રાજેન્દ્રનગર સોસાયટીમાં રહેતા મુકેશભાઈ શાહ બપોરના સુમારે પોતાના ઘરમાં સુતા હતા અને તેમના બે પુત્રો બહાર જાગતા હતા.આ વખતે શહેરના શિવનગર વિસ્તારના નવિનભાઈ રાઠોડ અને ઉમેશપુરી ગૌસ્વામી નામના બે યુવકો હાથમાં છરા સાથે ધસી આવ્યા હતા.જૈન પરિવારના જણાવ્યા મુજબ યુવકોએ તેમની પાસેનો ધારદાર છરો તેમના પુત્ર ના ગળે ભીડાવ્યો હતો.અને કાંઇ પણ અનિચ્છનીય ઘટના બને તે પુર્વે અચાનક અવાજથી જાગીને બહાર આવેલા મુકેશભાઈએ નરી આંખે ઉપરોક્ત ઘટના જોતાં જ સમયસૂચકતા વાપરીને યુવકોને પડકારીને છરો ઝૂંટવી લીધો હતો.જોકે આ વખતે ડરી ગયેલા બંન્ને યુવકો ભાગવાની કોશિશ કરે તે પહેલા ઘર બંધ કરીને તેમને જકડી રાખ્યા હતા.

ત્યાર બાદ સગાં સ્નેહીજનોને તાબડતોબ ઘટનાની જાણ કરતાં બધા દોડી આવ્યા હતા.તેમણે આ અંગે જિલ્લા કંટ્રોલ પોલીસમાં જાણ કરતાં થરાદ ટાઉન પોલીસ કર્મીઓ પણ દોડી આવ્યા હતા. અને બંને યુવકોને ઝડપી પોલીસ મથકે લઈ જઈ જેલ હવાલે કર્યા હતા.બનાવની જાણ થતાં સોસાયટીમાં બહોળી સંખ્યામાં લોકોના ટોળાં એકઠાં થવા પામ્યાં હતા. આ બનાવને પગલે બહોળી સંખ્યામાં જૈન અગ્રણીઓ પણ ફરિયાદ કરવા પોલીસ મથકમાં ઉમટી પડ્યા હતા. જોકે રાત્રિના સાડા આઠ વાગ્યા સુધી આ બનાવ અંગે કોઈ ફરિયાદ નોંધાવા પામી ન હતી. પરંતુ નગરના જૈન વેપારીના રહેણાંકના મકાનમાં છરા સાથે આવીને તેમના પુત્ર ને ગળે ભીડાવવાની ઘટનાએ ભારે ખળભળાટ સાથે ઉત્તેજનાનો માહોલ મચી જવા પામ્યો હતો.

અનુસંધાન પાના નં.૬

# ધાનેરામાં શ્યામ પ્રસાદ શોપીંગની ૧૫ પૈકી ૭ દુકાનોની હરાજી થઈ


એન.કે.મોદી

**૭ દુકાનો હરાજીમા ૧.૫૦ કરોડ માં વેચાઈ**

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા નગરપાલિકાની ૧૫ દુકાનોની ગઈકાલે જાહેર હરાજી રાખેલ જેમાં નગર પાલિકાને ૧.૫૦ કરોડની (દોઢ કરોડ) ની આવક થઈ છે. ખરેખર સાચી કિંમતમાં હરાજી થતાં દુકાન ખરીદનાર પૈસા ભરી શકશે. અનામતના લાભવાળા તથા દબાણદારો ને પણ આ વખતે લાભ થશે કારણ કે બજારની કિંમતે જ અગાઉ હરાજીમાં લાભ લેતાં મોટી બોલી બોલેલ.

પરંતુ પૈસા ન ભરતાં ૧૫ દુકાનો જેમાં નીચેની ૭ ઉપર પ્રથમમાળે ૬ બીજા ગામે ૨ દુકાનો રદ થતાં તેની હરાજી ગઈકાલે રાખેલ જેમાં સાચી કિંમતના હવે આવતા લોકો પૈસા ભરી શકશે ગઈકાલે ૭ દુકાનોની હરાજી થયેલ બાકીની છ દુકાનોની હરાજી આજરોજ થશે.

# સરહદી બનાસકાંઠા જિલ્લામાં અંદાજીત બાસઠ લાખ કીલો ઘાસનું વિતરણ

**રાજયના ૩૩ જિલ્લાના પ્રતિનીધિઓની બેઠક મળી : સમસ્ત મહાજન દ્વારા મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કરાયો**

ડીસા

તા.૩/૦૬/૨૦૧૮ ના સવારે ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે સમસ્ત મહાજનના ઉપક્રમે ગુજરાતના ૩૩ જિલ્લાની પાંજરાપોળ - ગૌશાળાના વહીવટદારોની મીટીંગ મળેલ હતી તેમાં સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહ દ્વારા મુકાયેલ ઠરાવમાં ગુજરાત સરકારના મુખ્યમંત્રી જીવદયાપ્રેમી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ગત વર્ષમાં અતિવૃષ્ટીથી પ્રભાવિત એવા બનાસકાંઠા જિલ્લામાં બાસઠલાખ કી.ગ્રા ઘાસ વિવિધ પાંજરાપોળ ગૌશાળા સંસ્થાઓને પહોંચડાવા બદલ આભાર અભિનંદન ઠરાવ પસાર કરેલ તમામ જિલ્લાના પ્રતિનિધિઓ આભાર અભિનંદન ઠરાવમાં ટેકો પૂરાવેલ હતો. તેમજ ગુજરાત રાજયમાં અંદાજ ૧૦૦૦ એક હજાર જેટલી પાંજરાપોળ - ગૌશાળા સંસ્થાઓને કાયમી ધોરણે સરકાર તરફથી સહાય મળે તેવી વિનંતીપત્ર લખવાનું સર્વાનુમતે કરાવેલ છે. આ મીટીંગમાં બનાસકાંઠા જિલ્લામાંથી ભરતભાઈ કોઠારી, જયંતિભાઈ દોશી, ચીનુભાઈ પાંચાણી અને હસમુખભાઈ વેદલીયાએ ભાગ લીધેલ ગુજરાત સરકારના મંત્રી મંડળ અને મા.મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની પશુરક્ષાની ભાવનાને બીરાદાવેલ હતી.

# દાંતાના નારગઢ ગામે દલીત યુવક પર હુમલો



પ્રતિનિધિ દાંતા

દાંતા તાલુકાના નારગઢ ગામે રહેતા દલીત પરીવાર નો સભ્ય મહેશ ભાઈ મોડી રાત્રે નારગઢ ગામમાંથી જતા હતા. તે દરમિયાન ગામના મુસ્લીમ સમાજના યુવકો (૧)અનસ ઐયૂબ ભાઈ (૨)સઈદ આદમ ભાઈ, (૩)આરીફ આદમભાઈ, (૪)શાદિક ઊસમાનભાઈ, (૫)આશિન રસૂલ, (૬) અશિદ અહેમદ, (૭) મુસ્તફા અહેમદ તમામ રહે નારગઢના ઓ ગામમાં રહેતા દલીત પરીવારના યુવાન પર ભેગા થઈ તૂ કેમ અહીંયા ફરે છે તેમ કહી ઉશ્કેરાઈ જઈ અપશબ્દો બોલી જાતી વિરૂધ્ધ અપમાનિત શબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી શરીરે બેઠો માર મારી ઈજાઓ કરતા દલિત સમાજ ના લોકો તાત્કાલિક ૧૦૮ દ્વારા દાંતા સિવીલ ખાતે સારવાર લઈ રહેલ હતા આ બનાવ અંગત દાંતા પોલીસ સ્ટેશન ફરિયાદ દાખલ કરીને આગળની કાયઁવાહી હાથ ધરાઈ છે.

# બનાસકાંઠા જિલ્લાની પાંજરાપોળ ગૌશાળાને ખાણદાણ ખરીદી માટે મુખ્યમંત્રીએ પાંચ કરોડ રૂપિયા ફાળવ્યા

**પશુઓ માટે મુખ્યમંત્રીના રાહતફડમાંથી રકમની ફાળવણી કરાઈ**

ડીસા

ગતવર્ષની અતિવૃષ્ટીથી નુકશાન પામેલ બનાસકાંઠા જિલ્લાની નોંધાયેલી પાંજરાપોળ - ગૌશાળા સંસ્થા ઓમાં રહેલ પશુદીઠ ૧ કી.ગ્રા ખાણદાણ તા.૧૫/૦૫/૧૮ થી તા.૩૦/૦૬/૧૮ સુધી પ્રતિ કીલોગ્રામ રૂા.૧૬/૫૦ ની મર્યાદામાં રોકડ સહાય ચુકાવવા માટે ગુજરાત સરકાર ના કૃષિ - ખેડૂત - કલ્યાણ અને સરકાર વિભાગના ઠરાવ કમાંક વી.એ.ડી ૧૨૨૦૧૮/ ૭૭૦/ પી-૧ મુજબ મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી ચુકાવવાનું ઠરાવેલ છે. આ બાબતે જિલ્લાની પાંજરાપોળ - ગૌશાળા સંસ્થાઓના વહીવટદારોને વિનંતી છે કે વધુ માહિતી માટે તા.૭/૦૬/૧૮ બાદ જયંતિભાઈ દોશી અને હસમુખભાઈ વેદલીયાનો સંપર્ક કરવા જણાવાયું છે.

જિલ્લામાં પાંજરાપોળ - ગૌશાળા સંસ્થાઓમાં રહેલ અબોલ જીવોને પ્રતિ પશુદીઠ ૧ કી. ગ્રામની મર્યાદામાં મળનાર પૌષ્ટીક પશુ ખાણદાણથી પશુઓની હાલત સુધરશે તે માટે જિલ્લાની તમામ સંસ્થાઓના વહીવટદારોએ મા.મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના આભાર માનેલ છે. તેમજ નામદાર ગુજરાત સરકાર પશુદીઠ ૪ કી.ગ્રામ ઘાસનું વિતરણ કાર્ય ચાલુ જ છે.

# થરાદ તાલુકા ભાજપ યુવા મોર્ચા દ્વારા રાહ ગામે કેંપ



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

સોમવારે થરાદ તાલુકાના રાહ મુકામે તાલુકા ભારતીય જનતા પાર્ટીના યુવા મોર્ચા દ્વારા મિનરલ પાણી અને ઠંડી છાશના કેંપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં થરાદ તાલુકા યુવા પ્રમુખ પ્રવિણભાઈ માળી, મેવાભાઈ ખટાણા, મદનલાલ પટેલ, જગદીશભાઈ, હીરાભાઈ, રૂપાભાઈ, માંગીલાલ માળી સહિત બહોળી સંખ્યામાં સંગઠનના કાર્યકર્તાઓ અને મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. ઉનાળાની કાળઝાળ ગરમીમાં પ્રજાજનોએ ઠંડી છાસ અને પાણીની સેવા લઇને ઠંડક અનુભવી હતી.

# ડીસામાં ગ્રામીણ ડાકસેવકોનું વિરોધ પ્રદર્શન

ડીસા

બનાસકાંઠાના ગ્રામીણ ડાક સેવકોની બેમુદ્દતી હડતાળ ઉગ્ર બની રહી છે.આજે ડીસા ખાતે પણ આંદોલનકારી ડાક સેવકોએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

હાલ દેશભરના ગ્રામીણ ડાકસેવકોએ તેમની વિવિધ પડતર માંગણીઓ સંદર્ભે હળતાળનું હથિયાર ઉગામી કેન્દ્ર સરકાર સામે મોરચો માંડ્યો છે.ગ્રામીણ ડાક સેવકોની આ દેશવ્યાપી હડતાળ અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના ૮૦૦ થી પણ વધુ ગ્રામીણ ડાક સેવકો પણ હાલ હડતાળ પર ઉતરી ગયા હોઈ ગ્રામીણ વિસ્તારોમાં ટપાલ વિતરણ સહિતની કામગીરી ઠપ્પ થઈ ગઈ છે.જોકે કેન્દ્ર સરકારે હજુ સુધી ગ્રામીણ ડાકસેવકોની આ હડતાળને ગંભીરતાથી લીધી નથી જેથી આંદોલનકારી ડાક સેવકો વધુ આક્રમક બની ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.તદ અનુસાર આજે ડીસા સ્થિત મુખ્ય પોસ્ટ ઓફીસ ખાતે પણ ગ્રામીણ ડાક સેવકોએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું અને તેમને સાતમા પગાર પંચના લાભો આપવા સહિતની વિવિધ માંગણીઓ ના સંતોષાય ત્યાં સુધી હડતાળ ચાલુ જ રાખવાની ચીમકી ઉચ્ચારી હતી.

# ઝાલમોર ખાતે ગ્રામસભા યોજાઈ


મહાદેવ પરમાર

પ્રતિ. રવિયાણા

કાંકરેજ તાલુકાના ઝાલમોર ગ્રામ પંચાયતમાં પાણી પુરવઠા અધિકારીની અધ્યક્ષતામાં ગ્રામસભા યોજાયેલ જેમાં ગામમાં વિવિધ વિકાસના મુદાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. જેવી કે આરોગ્ય, પાણી પુરવઠો, રસ્તાઓ, સ્વચ્છતા તેમજ વિવિધ ભારત સરકાર તથા રાજય સરકારની યોજનાઓના લાભ મેળવવા બાબતની ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે પુરવઠા અધિકારી વી.પી.પટેલ, ગ્રામ સેવક,સરપંચ કમુબેન ડાભાણી, તલાટી ક્રમમંત્રી એમ.કે.ડાભી, આરોગ્ય સુપરવાઈઝર, આશાવર્કર, આંગણવાડી કાર્યકર, પંચાયતના સદસ્યો, ગ્રામજનો, અભુજી દરબાર વગેરે હાજર રહેલ.

# માધવ વિશ્વ વિદ્યાલયમાં યોગ શિબિરમાં પ્રાણાયામનું મહત્વ સમજાવાયું

આબુરોડ

માધવ વિશ્વ વિદ્યાલયમાં ચાલી રહેલ યોગ શિબિરમાં ચોથા દિવસે પણ વિશ્વ વિદ્યાલયના પરિસરમાં વિદ્યાર્થીઓ શિક્ષકો તથા અન્ય સદસ્યો ઉત્સાહિત જણાયા ત્રણ દિવસના નિરન્તર અભ્યાસથી શરીરના લચી લાયન અને હલ્કામનમાં સ્ફૂર્તિનો અહેસાસ થઈ રહ્યો હોવાનું ભાગ લઈ રહેલા શિબિરાર્થીઓ અહેસાસ જોવા મળ્યો.

યોગ અભ્યાસના અંતમાં કરવામાં આવનાર પ્રણાયામમાં યોગ વિશેષજ્ઞ ડો.પૂર્ણ જૈને જણાવેલ કે પ્રાણાયામમાં સંસ્કૃતના બે શબ્દોથી બન્યો છે. પ્રાણ + આયામ ! જેનો શાબ્દિક અર્થ થાય છે શ્વાસની ક્રિયાને નિયંત્રિત કરવી.

આયુર્વેદ યોગ એવં નૈચરોપેથી ડીન ડો. (પ્રો) જી.એસ. ઈન્દોરિયાએ જણાવેલ કે જે વ્યક્તિઓની કોઈપણ પ્રકારની દવા ચાલે છે. તેવો પણ દવાની સાથે સાથે યોગાસન એવા પ્રાણાયામનો અભ્યાસ કરે છે. જેથી તેવોને જલ્દી સ્વસ્થ બની જવાની સંભાવના છે. ઘણા પ્રકારની બિમારીઓમાં યોગાભ્યાસને મહત્વ આપવામાં આવ્યું પરંતુ યોગાભ્યાસ માટે જગ્યા અને સમયનું ખાસ ધ્યાન રાખવું પડે છે. પરંતુ પ્રાણાયામ ગમે ત્યાં ગમે તે સમયે કોઈપણ અવસ્થામાં થઈ શકે છે.

# બનાસકાંઠા જિલ્લામાં આજથી પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન યોજાશે

**આ અભિયાન હેઠળ પ્લાછસ્ટીકનો વપરાશ બંધ થાય તે માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવશે**

પાલનપુર

આગામી તા. ૫ થી ૧૧ જુન સુધી બનાસકાંઠા જિલ્લામાં પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાનની ઉજવણી કરવામાં આવશે. આ અભિયાન હેઠળ જિલ્લાની ૬ નગરપાલિકા વિસ્તાર અને ૮ મોટી ગ્રામ પંચાયતો તથા વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજીમાં વિશાળપાયે સફાઈ હાથ ધરી પ્લાચસ્ટીકનો વપરાશ બંધ થાય તે માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવશે. તેના આયોજન માટે પાલનપુર મુકામે કલેકટરશ્રી સંદીપ સાગલેના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.

આ અભિયાન અંતર્ગત તા. ૫ જુન ના રોજ ગામના પ્રવેશદ્વાર, જાહેર સ્થળો, મુખ્ય બજારો, ધાર્મિક સ્થળો, શાકભાજી બજાર, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેન્ડ, રીક્ષા સ્ટેન્ડ, હોટલો, દુકાનો, લારી-ગલ્લા અને મુખ્યમાર્ગોની સાફ-સફાઇ તથા પ્લોસ્ટીક અને અને અન્ય રીસાઈકલ કરી શકાય તેવો કચરો એકત્રિત કરી છુટો પાડવો. તા. ૬ ના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ગ્રામ પંચાયત કચેરી, હોસ્પીટલ અન્ય સરકારી સંસ્થાઓ વગેરેની સાફ-સફાઈ. તા. ૭ ના રોજ ફળીયાવાર ઘરે ઘરેથી સાફ-સફાઈ. તા. ૮ ના રોજ જે ગામોમાં જુટ/કાપડ/કાગળની બેગોનો ઉપયોગ ન બતાવી શકાય ત્યાં પ્લા સ્ટીક શેડેડ મશીનથી નિકાલનો ઉપયોગ બતાવવો, ભીના કચરામાંથી માઈક્રો કમ્પોસ્ટ પધ્ધતિ દ્વારા ખાતર તૈયાર કરાવવું અને શાળા તથા આંગણવાડીમાં સફાઇ હાથ ધરવી. તા. ૯ ના રોજ પ્લારસ્ટીકનો ઓછો વપરાશ થાય તે માટે ડેમોસ્ટ્રેશન અને સ્વસહાય જુથોની બહેનો દ્વારા બેગો તૈયાર કરાવી તેનું ડેમોસ્ટ્રેશન. તા. ૧૦ ના રોજ ગ્રામ્ય સ્તરે પસ્તી/કબાડીવાળા સાથે સંકલન. તા.૧૧ ના રોજ ગ્રામસભા, ઈનામ વિતરણ સમારોહ યોજાશે. જેના માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે.

# ડીસામાં ગરમીથી રાહત માટે ઠંડી છાશનું વિતરણ


વિનોદ બાંડીવાલા

ડીસાના ફુવારા વિસ્તારમાં અત્યારની કાળઝાળ ગરમીમાં પ્રજાને રાહત મળે તે હેતુથી ભુરાભાઈ માળીના માતૃશ્રીના સ્મરણાર્થે ગઈકાલે ઠંડી છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં સવારથી બપોર સુધીમાં અંદાજે ૧૨૦૦ થી ૧૫૦૦ લીટર છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# શ્રી જે.ડી.અજબાણી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય, ડીસાનું ગૌરવ



ડીસા

શ્રી સર્વોદય એજયુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ, ડીસા સંચાલિત શ્રી જે.ડી.અજબાણી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય, ડીસામાં એસ.એસ.સી./એચ.એસ.સી માર્ચ ૨૦૧૮ માં લેવાયેલ બોર્ડની જાહેર પરીક્ષામાં એસ.એસ.સીમાં ૬૧.૩૬ ટકા તેમજ એચ.એસ.સી.માં ૭૧.૮૭ ટકા પરિણામ આવેલ છે.

એસ.એસ.સી.માં ચૌહાણ ટવીંકલ રતિલાલ ૯૬.૬૧ પી.આર, ગંગવાણી દિયા ખેમચંદભાઈ ૯૪.૯૬ પી.આર, મનસુખાણી હર્ષિતા સુરેશભાઈ ૯૪.૫૪ પી.આર, સુથાર અભય ભરતભાઈ ૯૪.૫૪ પી.આર સાથે મેળવેલ છે જયારે એચ.એસ. સી.માં બઘેલ ગજેન્દ્ર રામનરેશભાઈ ૯૯.૪૫ પી.આર, સુથાર કમલેશ ચમનલાલ ૮૮.૧૬ પી.આર, ખોખરીયા જયાબેન બાબુભાઈ ૮૭.૧૫ પી.આર. મેળવી ગૌરવ વધાર્યું છે.

અનુસંધાન પાના નં.૬

# વુમન એશીયન ક્રિકેટ કપ ૨૦૧૮ સ્પર્ધા કવર કરવા જનાર એકમાત્ર ભારતીય મહિલા ફોટોગ્રાફર


મનીષ જોષી

વડોદરા

વડોદરા શહેરના મહિલા ફોટોગ્રાફર અભિલાષા અગ્રવાલને આગામી ૩ થી ૧૦ જુનમાં મલેશીયા ખાતે યોજાનાર વુમન ટી ૨૦ એશીયા કપ ક્રિકેટ સ્પર્ધાનો કવરેજ માટેનું આમંત્રણ મળ્યું છે.

વડોદરા શહેરના શૈક્ષણિક, રમત-ગમત તેમજ સાંસ્કૃતિક ક્ષેત્રે ખ્યાતનામ સંસ્થા બી.આર.જી ગૃપની ગુજરાત પબ્લીક સ્કુલના ડાયરેક્ટર તેમજ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સેનેટ મેમ્બર અભિલાષા અગ્રવાલને સ્પોર્ટસ ફોટોગ્રાફીમાં અનેરો રસ છે. જે સંદર્ભે ઈન્ડીયન ક્રિકેટ કાઉન્સીલ તરફથી છેલ્લા ઘણા વર્ષોથી ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વિવિધ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ ભારતમાંથી એક માત્ર મહિલા ફોટોગ્રાફર તરીકે કવર કરે છે. તાજેતરમાં મલેશીયા ખાતે યોજાનાર એશીયન કપમાં ભારત, મલેશીયા, પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ તેમજ થાઈલેન્ડની ટીમો ભાગ લઈ રહી છે. જેમાં છેલ્લા ૬ વર્ષથી ભારતીય મહિલા ટીમનો વિજય રથ ચાલતો આવ્યો છે.

ભારતીય મહિલા ટીમના અનેક પ્રવાસો જેવા કે આઈ.સી.સી ટી ૨૦ બાંગ્લાદેશ વુમન વર્લ્ડ કપ ૨૦૧૪, આઈ.સી.સી ટી-૨૦ વર્લ્ડ કપ ક્વોલીફાયર ૨૦૧૫, આઈ.સી.સી ટી ૨૦ ઈન્ડીયન વુમેન વર્લ્ડ કપ ૨૦૧૬, એશીયા વુમેન ક્રિકેટ કપ ૨૦૧૬, આઈ.સી.સી વર્લ્ડ કપ ૨૦૧૭ તેમજ આઈ.સી.સી એશીયા ક્વોલીફાયર વુમેન વર્લ્ડ કપ ૨૦૧૮ વડોદરાના અલિભાષા દ્વારા કવર કરવામાં આવ્યાં છે.

# વડોદરાના લક્ષ્મી નારાયણ મંદિરમાં નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન

વડોદરા

વડોદરાના લક્ષ્મી નારાયણ મંદિરમાં પુરુષોત્તમ માસ વિવિધ કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યા છે. તેની સાથે આંતર રાષ્ટ્રીય યોગ દિનને અનુલક્ષીને તા. ૪ થી ૧૯ દરમિયાન નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન થયું છે.

વડોદરાના માંજલપુર વિસ્તારના લક્ષ્મીનારાયણ મંદિરમાં સામાન્ય દિવસોમાં દર ગુરૂ અને શુક્રવારે દર્શનાર્થીઓની ભારે ભીડ જોવા મળતી હોય છે. હાલમાં પુરુષોત્તમ માસ ચાલી રહ્યો હોવાથી દર રોજ સાંજે ૬ કલાકે વિષ્ણુ સહસ્ત્ર નામનો પાઠ તેમજ દર ગુરૂ અને રવિવારે સમુહ ૧૦૦૮ તુલસી અર્ચના થઈ રહી છે. ઉપરાંત તા. ૬ થી ૧૩ જુન સુધી વિવિધ મનોરથોના દર્શનનો લાભ ભક્તજનોને મળશે.

તદ્ઉપરાંત સર સયાજીરાવ ઈન્સ્ટીટ્યુટ ઓફ રીસર્ચ ઈન યોગ, આયુર્વેદ, નેચરોપેથી મ્યુઝિક એન્ડ એલાઇડ સાયન્સિઝ સંસ્થા દ્વારા તા. ૪ થી ૧૯ દરમિયાન નિઃશુલ્ક યોગ શિબિરનું સવારે ૬ થી ૭ દરમિયાન આયોજન વહેલો તે પહેલોના ધોરણે કરવામાં આવ્યું છે. ભાગ લેવા ઈચ્છુકોએ બીજલ શાહ કે હીરલ ચૌહાણનો સંપર્ક કરવા મંદિરના પ્રમુખ કમલેશ પટેલે જણાવ્યુ છે.

**જાહેરાત/સુધારો**

હું પ્રજાપતિ વાઘાજી નથાજી રહે.પેપરાલ, તા.લાખણી, જિ.બ.કાં. મારી માલીકીની જમીન લાખણી તાલુકાના પેપરાલ ગામે આવેલ છે. તેમજ તેના પર લોન લેવા માટે એકસીસ બેન્ક ડીસામાં અરજી કરેલ છે. તથા મારા ૭/૧૨ માં મારૂ નામ પ્રજાપતિ વાઘાજી નથાજી તથા આધાર કાર્ડમાં પ્રજાપતિ વાઘાભાઈ હરનાથભાઈ લખેલ છે. જે બન્નો નામવાળી વ્યક્તિ હું એક જ છું. જે હું આથી જાહેર કરી જણાવુ છું.

લિ. પ્રજાપતિ વાઘાજી નથાજી

## તંત્રી સ્થાનેથી ...

**અસ્પૃશ્યતા આપણા સમાજ અને દેશના મસ્તક પર કલંક છે.**

## ત્રાસવાદને સમર્થન આપતાં કાશ્મીરી યુવાનો સામે કડક નીતિ જરૂરી

જો કાશ્મીરમાં શાંતિ અને એખલાસપૂર્ણ વાતાવરણ સર્જવું હોય તો જમ્મુ - કાશ્મીરના સ્થાનિક લોકોએ પથ્થરમારો કરતા યુવાનોને સારા સંસ્કાર આપી તકેદારી માટે કાર્યરત જવાનો સાથે મિત્રતા કેળવવી જોઈએ. આતંકીઓને સાથ સહકાર આપીને કાશ્મીરના યુવાનોને કોઈપણ પ્રકારનો ફાયદો થઈ શકશે નહિ. તેઓ ગમે ત્યારે અથડામણ દરમ્યાન જવાનોની ગોળીનો ભોગ બની શકે છે. જે યુવાનનું સીઆરપીએફના વાહન સાથે અથડામણથી મોત થયું હતું. તેના પગલે લોકો ભડકી ઉઠયા હતા અને સૈન્ય પર પત્થરમારો શરૂ કરી દીધો હોવાની ઘટના લોકોની કાયરતા કહી શકાય.

શ્રીનગરમાં બે ત્રણ દિવસથી હિંસાના બનાવો વધ્યા છે. ત્યાંના યુવાનોને અલગતાવાદીઓ ભડકાવી રહ્યા હોવાનું મનાય છે. જે થઈ રહ્યું છે તે અલગતાવાદીઓ અને સ્થાનિક યુવાનોના કારણે પરિસ્થિતિ તંગ બની રહી છે. સ્થાનીક યુવાનનું સીઆરપીએફના વાહન સાથે અથડાવાનો બનાવ ગંભીર છે પરંતુ જવાનોને દોષિત માની શકાય નહિ. યુવાનો શા માટે તોફાને ચઢે છે. ? શા માટે પત્થરમારો કરવો પડે ? જે યુવાનોમાં હિંમત હોય તો ત્રાસવાદીઓ સામે કેમ કોઈ હરકત કરી શકતા નહીં હોય. ત્રાસવાદીઓને સમર્થન આપતા યુવાનો પોતાની ઝીંદગી ઝેર સમી બનાવી રહ્યા છે. માતા - પિતાના સંસ્કારના અભાવે યુવાનો જે દિશા તરફ વળી રહ્યા છે. તે દિશા એક દિવસ તેમની ઘોર ખોદશે તે વાત ચોક્કસ છે.

સ્થાનિક યુવાન દોડાદોડીમાં લશ્કરી ગાડીને અથડાયા બાદ તેનું મોત નિપજેલ અને તેની અંતિમયાત્રામાં ત્યાંના સેંકડો લોકો જોડાયા હતા. અને પાકિસ્તાન તથા ઈસ્લામિક સ્ટેટના ઝંડા લહેરાવવામાં આવ્યા બાદમાં લોકોની એકત્ર થયેલ ભીડમાં સામેલ તોફાની યુવાનોએ સુરક્ષા જવાનો પર ચલાવેલ બેફામ પત્થરમારાથી અનેક લોકો ઘવાયા.જમ્મુ - કાશ્મીરમાં વકરેલી હિંસાખોરીના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ચૂક્યું છે. શૈક્ષણિક સંસ્થાઓ પણ બંધ રહેતા શાળા - કોલેજના વિદ્યાર્થીઓ અભ્યાસથી વંચિત રહ્યા છે. આ બાબતે સરકારે ત્વરિત દરમિયાનગીરી કરવી જોઈએ.

હિંસાની સૌથી વધુ અસર શ્રીનગરમાં થઈ છે. અને તેમાં યુવાનના મોત બાદ અલગતાવાદીઓએ બંધનું એલાન આપતા જનજીવન ખોરવાઈ ચુક્યું છે. અલગતાવાદીઓની સરમુખત્યારશાહી સરકાર શા માટે ચલાવી લેતી હશે ? આંતકીઓએ ગ્રેનેડ વડે જવાનો પર હુમલા કરતા અનેક લોકો ઘવાયા પરંતુ રાજયના મુખ્યમંત્રી મહેબૂબા મુક્તિ દ્વારા તકેદારીના સખ્ત પગલા ભરવામાં ન આવતા સ્થાનિક લોકો જ હવે ગુડાગીરી કરી રહ્યા છે. એક તરફ રમઝાન માસમાં આતંકીઓ વિરૂધ્ધના સૈન્ય ઓપરેશનને સરકાર દ્વારા અટકાવવામાં આવ્યું છે. જ્યારે બીજી તરફ આતંકીઓ બેફામ બની રહ્યા છે અને જે પાંચ ગ્રેનેડ હુમલા થયા તેમાં હજુ સુધી કોઈ આતંકીઓ પકડાયા નથી. મોટાભાગે સ્થાનિક આતંકીઓ હોવાની દહેશતને હાલ નકારી શકાય તેમ નથી. હિંસાના છમકલા ભરી રહેતા હાલમાં બસ - ટ્રેન સેવા સ્થગિત થઈ ચૂકી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી સિંગાપુર, મલેશિયા અને ઈન્ડોનેશિયાની સત્તાવાર મુલાકાત બાદ સ્વદેશ પરત આવ્યા છે ત્યારે કાશ્મીરમાં જે તંગદીલી સર્જાઈ છે. તે બાબતે હિંસાખોરીને ડામવા વ્યુહાત્મકનીતિ હાથ ધરે તે જરૂરી છે

# મોદી વિરુદ્ધ વિપક્ષી શંભુમેળો કેટલું કાઢશે?

**રાજકારણના રંગ**
**મહેશ દોશી**

'રાષ્ટ્રવાદી' ભાજપના નેતા નરેન્દ્ર મોદી ભારતના જાહેરજીવનમાં જબરદસ્ત કરિશ્મા અને અભૂતપૂર્વ લોકચાહના ધરાવે છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીઓમાં તેઓ પ્રચંડ બહુમતી સાથે ચૂંટાઈ આવ્યા ત્યારે દેશ-વિદેશમાં તેના સારાં-નરસાં પ્રત્યાઘાતો પડ્યા હતા. અનેકવિધ નાત, જાત, કોમ, સંપ્રદાય અને સાંસ્કૃતિક વિવિધતા ધરાવતા આ દેશને ચલાવવાની "હિંદુ રાષ્ટ્રવાદી" ભાજપ સરકારની ક્ષમતા વિષે ઘણાં લોકો આશંકિત હતા. અનેક લોકોએ એક સમર્થ નેતા તરીકે મોદીને આવકાર્યા હતા. તેઓ ભારતના અર્થતંત્રની ગાડી પાટે ચડાવી દેશે એવો વિશ્વાસ તેઓને હતો.

મોદી સરકારને ચાર વર્ષ પૂર્ણ થઇ ગયા છે અને તેમના નામે સંખ્યાબંધ સિધ્ધિઓ ચડી છે છતાં, રોજે રોજ એ વિષે મત-મતાંતર વ્યક્ત થતાં રહે છે. લોકસભાની ૨૦૧૯ની ચૂંટણીઓને હવે એક વર્ષથી પણ ઓછો સમય બાકી રહ્યો છે. મોદી અને અમિત શાહ સહિત ભાજપના મોટાભાગના નેતાઓ અને કાર્યકરોને ફરી એકવાર સત્તાના સૂત્રો હાંસલ કરવાનો વિશ્વાસ છે. બીજી તરફ કોંગ્રેસના ઈતિહાસના સૌથી નબળા અને અપરિપક્વ ગણાતા પક્ષ પ્રમુખ રાહુલ ગાંધી વડાપ્રધાન બનવા થનગની રહ્યા છે. આ સંજોગોમાં ૨૦૧૯માં મતદાતાઓ મોદી સરકારના કયા ઉજળા પાસાં લક્ષમાં લઈ શકે તેમ છે અને કઈ બાબતો મોદીની વિરુદ્ધ જાય તેમ છે તેની ચર્ચા રસપ્રદ થઇ પડશે.

કોઈપણ દેશની સરકારને મૂલવવા માટે બે બાબતો અત્યંત મહત્વની હોય છેઃ એક વિદેશ નીતિ અને બીજી અર્થતંત્ર. મોદીએ સત્તાના સૂત્રો સંભાળ્યા તે પહેલાનાં ત્રણ વર્ષ દરમિયાન ભારતીય અર્થતંત્ર ખાડે ગયું હતું. કોંગ્રેસની મનમોહન સરકારને માથે બિનકાર્યક્ષમ અને ભ્રષ્ટ સરકારના કલંક લાગ્યા હતા. ભારતીય પ્રજાએ સજા રૂપે તેને સત્તાભ્રષ્ટ કરી. ૨૦૧૪ની ચૂંટણીઓમાં કોંગ્રેસને લોકસભાની માત્ર ૪૪ બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો. મોદીએ બે-તૃતીયાંશ બહુમતી સાથે હિન્દુસ્તાનની ગાદી સંભાળી પરંતુ, વારસામાં ખાલી શકોરું મળ્યું હતું. કેન્દ્ર સરકારની તિજોરી તળિયાઝાટક હતી અને દેણાના ડુંગર ખડકાયેલા હતા. નવી સરકાર મહત્વના સુધારા કરશે અને અર્થતંત્રને વિકસવા માટે છૂટ્ટો દોર આપશે તે અપેક્ષિત હતું.

ભાજપની સરકારો મૂડીરોકાણલક્ષી અને વધુ અનુકૂળ હોવાની સામાન્ય છાપ છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે મોદીએ 'વાઈબ્રન્ટ ગુજરાત'ના નેજાં હેઠળ મૂડીરોકાણ આકર્ષવાના સ્તુત્ય પ્રયાસો કર્યા હતા એટલે કેન્દ્રમાં તેમના નેતૃત્વની સરકાર પાસે સમગ્ર દેશવાસીઓ અને ખાસ કરીને મૂડીરોકાણકારો વધુ અપેક્ષા રાખે એ સ્વાભાવિક હતું. ચૂંટણી પ્રચારમાં પણ મોદીએ વિકાસનું 'ગુજરાત મોડેલ' રજુ કરી લોકોને મોટાપાયે આકર્ષ્યા હતા. ગુજરાત જેવો વિકાસ દેશભરમાં થશે તેવી વાત લોકોના ગળે ઉતારવામાં મોદી સફળ થયા હતા.

મધ્યમ વર્ગના વિસ્તાર અને ઉપભોક્તાવાદી બજાર માંગમાં થયેલા પ્રચંડ વધારાનો આર્થિક લાભ મેળવવા ચીને અનેક બહુરાષ્ટ્રીય કંપનીઓને આવકારી. આજે ચીન દુનિયાની સૌથી મોટી ઉત્પાદન ધરી બની ગયું છે. ચીનમાં ઉત્પાદન એકમ ઊભા કરવાની ગાડી ચૂકી ગયેલી અથવા તો ચીને જેને પ્રવેશવા દીધી ન હોય તેવી બહુરાષ્ટ્રીય કંપનીઓ ભારત તરફ નજર દોડાવી રહી છે. મોદીએ આ બાબત લક્ષમાં રાખીને 'મેઈક ઈન ઈન્ડિયા' કાર્યક્રમ આપ્યો છે. પરિણામ સ્વરૂપ, સંખ્યાબંધ કંપનીઓએ ભારતમાં મૂડીરોકાણ કર્યું છે અને ઘણું નવું મૂડીરોકાણ આવી રહ્યું છે. 'એમેઝોન' કંપનીએ ભારતમાં પાંચ અબજ ડોલરનું મૂડીરોકાણ કરવાની જાહેરાત કરી છે. 'ઉબેર' અને 'નેટફ્લીક્ષ' જેવી કંપનીઓ મોટાપાયે ભારતમાં વિસ્તૃતિકરણ કરી રહી છે. આવા બીજા ઘણા દ્રષ્ટાંત આપી શકાય તેમ છે પરંતુ, આ મોરચે હજુ સંતોષકારક કામ થયું નથી તે હકીકત છે.

આર્થિક સુધારાની ગતિ ધીમી છે અને હજુ છૂટાછવાયા પરિણામો જ મળ્યા છે. ગાડી પાટે ચડે તે પહેલાં, મોદીએ નોટબંધી જાહેર કરી. નોટબંધીની કળ વળી નહોતી ત્યાં 'જીએસટી'નો અમલ કરાયો. આ બે બાબતોએ અર્થતંત્રને મોટો ફટકો માર્યો. જો કે, હવે ભારતીય અર્થતંત્રની ગાડી પાટે ચડી ગઈ છે અને નોટબંધી તથા જીએસટીના સારા પરિણામો દેખાઈ રહ્યાં છે. વિકાસ દરમાં પણ નોંધપાત્ર વધારો જોવામાં આવી રહ્યો છે. પરંતુ, કઠોર શ્રમ કાયદાઓ જેવી ઘણી બાબતો મૂડીરોકાણકારોને ચીડ ચડાવનારી છે જેનું કોઈ નિરાકરણ સરકારે કર્યું નથી. હજ્જારો કરોડની બેંક છેતરપીંડીઓ દેશના અર્થતંત્રને ખાડામાં ધકેલી રહી છે. તેને અટકાવવાના કારગર ઉપાય સરકાર આપી શકી નથી. બીજી તરફ, મોંઘવારી, બેરોજગારી અને ખેડૂતોના પ્રશ્નો મોદી માટે શિરદર્દ બની રહ્યા છે. મોદીવિરોધીઓ અને વિપક્ષો જ્ઞાતિવાદ, કોમવાદ, દલિત ઉશ્કેરણી વગેરે મુદ્દા વધુ ને વધુ ચગાવી મોદીને લક્ષ્ય બનાવી રહ્યા છે.

મોદીના નેતૃત્વમાં વિદેશ નીતિ બળુકી બની છે તે હકીકત કોઈ નકારી શકે તેમ નથી. ચીન, પાકિસ્તાનની અકોણાઈ સામે પ્રથમવાર ભારતે અત્યંત મક્કમ વલણ દાખવ્યું છે. તો બીજી તરફ, ઈઝરાયલ અને આરબ રાષ્ટ્રો સહિત સંખ્યાબંધ રાષ્ટ્રો સાથે ભારતના મૈત્રી સંબંધો ખુબ જ મજબૂત બન્યા છે. એક સમય એવો હતો જ્યારે ભારતને કોઈ ગંભીરતાથી લેતું નહીં; આજે અમેરિકા, રશિયા, ચીન, બ્રાઝીલ, યુરોપીય સંઘ જેવી મહાસત્તાઓ સહિત દુનિયાનો કોઈપણ દેશ ભારતને અવગણી શકે તેમ નથી.

વિદેશ નીતિની આ સિદ્ધિનો શ્રેય મોદીને જાય છે. એશિયામાં ચીનની વધતી તાકાતને ખાળી શકે એવો એકમાત્ર દેશ આજે ભારત છે. વિશ્વ સમક્ષ મોદીએ કટ્ટરવાદી નહીં પરંતુ, સહુને સાથે લઈને ચાલનારા રાજપુરૂષની છબી ઊભી કરી છે. અમેરિકી પ્રમુખ ટ્રમ્પ પણ આવું કરી શક્યા નથી. મોદી શાસનમાં ભારત-પાક સરહદે સતત તણાવપૂર્ણ સ્થિતિ રહી છે અને વધી છે પરંતુ, પાકિસ્તાનના ઊંબાડીયાઓનો ભારત જડબાતોડ જવાબ આપી શકે છે તેની પ્રતીતિ મોદીએ કરાવી દીધી છે. ચીન સામે અત્યાર સુધી ભારત હંમેશા ઝૂકીને ચાલતો દેશ હતો; આજે ખોંખારો ખાય છે. ડોકલામ મુદ્દે ભારતે ચીનને મીણ ભણાવ્યું તે હકીકત આ વાતની સાબિતીરૂપ છે. ચીન સાથે સંબંધ સુધારવાની દિશામાં હજુ ઘણું કરવાનું બાકી છે. તેમ છતાં, ભારત સાથે હવે ગમે તેમ વર્તી શકાય તેમ નથી એટલું ચીનની નેતાગીરીને સમજાઈ ગયું છે.

પાકિસ્તાન સાથે સંબંધો સુધારવાની દિશામાં મોદીએ ઘણી પહેલ કરી છે તે વાતનો ઈનકાર થઇ શકે તેમ નથી. પોતાની શપથવિધિમાં મોદીએ પાકિસ્તાનના તત્કાલીન વડાપ્રધાનને આમંત્રણ આપીને જગત આખાને અચંબામાં નાખી દીધું હતું. ૨૦૧૫માં મોદીએ શરીફના જન્મદિવસે પાકિસ્તાનની આશ્ચર્યજનક મુલાકાત લઇ શરીફને 'મુબારકબાદી' આપી હતી. આવા પગલાં ભરીને મોદીએ પાકિસ્તાનને અને સમગ્ર જગતને સ્પષ્ટ સંદેશો આપ્યો હતો કે, ભારત શાંતિમાં માને છે અને ગમે તેવા શત્રુને મિત્ર બનાવવાની પહેલ કરતાં અચકાશે નહીં. પાકિસ્તાન, મોદીની શુભચેષ્ટાઓનો એવો જ પ્રતિભાવ આપી શક્યું નથી અને તેનો એવો ઈરાદો પણ નથી એ તો આખું જગત સમજે છે. ભારતના મૈત્રીના હાથને લોહીઝાણ કરવામાં જ પાકિસ્તાન પોતાની મર્દાનગી સમજતું રહ્યું છે. ૨૦૧૬ના પઠાણકોટ અને ઉરીના ત્રાસવાદી હુમલાઓ દ્વારા પાકિસ્તાને આ વાતને પુષ્ટિ આપી છે. કાશ્મીરને સતત સળગતું રાખવા પાકિસ્તાન આકાશ-પાતાળ એક કરી રહ્યું છે.મોદી આની સામે શાંતિથી બેઠા નથી. પાકિસ્તાન ત્રાસવાદનું જનક અને મુખ્ય કેન્દ્ર છે તેવી ભારતની વાત અગાઉ કોઈ માનતું નહિ, આજે ભારતે આખી દુનિયાને આ વાત ગળે ઉતરાવી દીધી છે. દુનિયાથી પાકિસ્તાનને વિખૂટું પાડી દેવામાં મોદીએ નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે.

ભારતે જે કડક વલણ અખત્યાર કરીને પાકિસ્તાનમાં યોજાઈ રહેલી ૧૯મી સાર્ક શિખર પરિષદનો બહિષ્કાર કર્યો હતો. આખરે તે મુલત્વી રાખવાની પાકિસ્તાનને ફરજ પડી એ ભારતનો જબરદસ્ત રાજદ્વારી વિજય હતો. ભારતે યોગ્ય સમયે બલુચિસ્તાનમાં માનવ-અધિકાર ભંગના મુદ્દે પાકિસ્તાનને ઉઘાડું પાડ્યું એટલું જ નહીં, સતત ત્રાસવાદી હુમલાઓ સામે 'સર્જીકલ સ્ટ્રાઈક'નું પગલું ભરીને પાકિસ્તાનને પોતાની તાકાતનો પરચો પણ દેખાડ્યો. પાકિસ્તાન હવે સાનમાં સમજી જશે અને કૂણું પડશે તેવી ભારતની આશા જો કે ફળી નથી. પાકિસ્તાને પોતાની અકોણાઈ વધારી દીધી છે. ૨૦૧૭માં પાકિસ્તાને 'યુદ્ધવિરામ'નો સૌથી વધુ વખત ભંગ કર્યો છે. ભારતમાં કોઈપણ સરકાર આવશે પરંતુ, પાકિસ્તાન આડોડાઈ છોડશે નહિ તે વાત આજે નાનું બાળક પણ સમજે છે.

અમેરિકા સાથેના ભારતના સંબંધોમાં હંમેશા ચડાવ-ઉતાર આવ્યા છે પરંતુ, મોદી શાસનમાં આ સંબંધો શ્રેષ્ઠ રહ્યા છે તે હકીકત છે. પાકિસ્તાનના ત્રાસવાદ અને ચીનને ખાળવા માટે અમેરિકાએ નવી દિલ્હીને મજબૂત ટેકો આપવો જ જોઈએ તેની પ્રતીતિ મોદીએ પ્રમુખ ટ્રમ્પને કરાવી દીધી છે.

દુનિયાભરમાં ભારતની શાન વધારવા મોદીએ શ્રેષ્ઠ પ્રયત્નો કર્યા છે. પરંતુ, ઘરઆંગણે મોદી કોંગ્રેસ સહિતના વિપક્ષોની સામે રાજકીય રીતે મહાત ખાઈ રહ્યા હોય એવું ચિત્ર ઉપસી રહ્યું છે. પ્રજાના નામે મોદી વિરુદ્ધ જે હોબાળો મચાવવામાં આવી રહ્યો છે તે ચોક્કસપણે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીઓમાં મોદી અને ભાજપને સત્તાભ્રષ્ટ કરવા માટે જ છે. એક બીજા સામે ઝેર ઓકવામાં કોઈ કસર નહીં છોડતા વિપક્ષો આજે મોદી વિરુદ્ધ એક જ કૂલડીમાં ગોળ ભાંગી રહ્યા છે. મોદીએ કેન્દ્રની લગામ સંભાળી તે પછી અત્યાર સુધી એકપણ પેટા ચૂંટણીમાં ભાજપનો દેખાવ સારો રહ્યો નથી તેથી વિપક્ષો ખુબ જ જોરમાં છે. તેઓનું જોર વધે છે કે મોદીનું એના પારખાં ૨૦૧૯માં થશે. —અસ્તુ. (લખ્યા તારીખઃ ૦૪ જુન ૨૦૧૮).

-મહેશ દોશી, પૂર્વતંત્રી,
'ફૂલછાબ' ઈ-મેઈલઃ m-doshi @hotmail.com

## વિ-હેલ્પ ફાઉન્ડેશન દ્વારા કેન્સર પીડિત બાળકોના લાભાર્થે ચેરીટી શો યોજાયો



અમદાવાદ

વિ-હેલ્પ ફાઉન્ડેશન, જે ઘણાં વર્ષોથી અનેકવિધ સામાજીક કાર્યો થકી સમાજ સેવામાં કાર્યરત છે તેના દ્વારા અમદાવાદ ખાતે કેન્સર પીડિત અને જરૂરિયાતમંદ બાળકો માટે ચેરીટી શો - ગુજરાતી નાટક "દીકરી નં.૧"નું આયોજન કરવામાં આવ્યું હતું.સર્વે પ્રથમ હું સંસ્થા દ્વારા આયોજીત આ ચેરીટીશોને સફળ બનાવવા માટે તમામ દાતાઓ અને સ્વયંસેવકોનો હાર્દિક આભાર વ્યક્ત કરૂં છું. છેલ્લા આઠ વર્ષથી અમે કેન્સર પીડિત અને જરૂરિયાતમંદ બાળકોના લાભાર્થે ચેરીટી શોનું આયોજન કરી રહ્યાં છીએ. આ ઉપરાંત સંસ્થા દ્વારા પ્રોજેક્ટ વાત્સલ્ય, પ્રોજેક્ટ વિદ્યા, પ્રોજેક્ટ અન્નપૂર્ણા જેવા અનેક પ્રોજેક્ટ કાર્યરત છે. આગામી કાર્યક્રમ પ્રોજેક્ટ વિદ્યા અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોમાં શાળામાં ભણતા જરૂરિયાતમંદ બાળકોને ચોપડા વિતરણ કરવામાં આવશે. આ ચેરીટી શો દ્વારા એકત્રિત કરાયેલ ભંડોળ કેન્સરપીડિત અને જરૂરિયાતમંદ બાળકો માટે ખર્ચ કરવામાં આવશે. વિ-હેલ્પ ફાઉન્ડેશન દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં દાતાઓ સહિત વિશાળ સંખ્યામાં સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંસ્થા દ્વારા અર્પણ સંસ્થાના રમેશ અમીનને શ્રધ્ધાંજલી અર્પિત કરવામાં આવી હતી.સંસ્થા દ્વારા આયોજીત ગુજરાતી નાટક દિકરી નં.૧ સામાજીક સંદેશા સાથે સ્ત્રીશસક્તિકરણની થીમને રજૂ કરે છે.આ કાર્યક્રમમાં ગુજરાતી સાહિત્યમાં પોતાનું પ્રદાન આપનાર કવિ અને લેખકોનું પણ સમ્માન કરવામાં આવ્યું હતું.

## વનઆસિસ્ટ એ ભારતમાં સૌપ્રથમ કોમ્પ્રિહેન્સીવ હોમ એપ્લાયન્સીસ પ્રોટેકશન સેવા 'હોમસર્વ' લોન્ચ કરી

ભારતની અગ્રણી આસિસ્ટેન્સ અને પ્રોટેકશન કંપની વનઆસિસ્ટ એ હોમ એપ્લાયન્સીસ ક્ષેત્રે પ્રવેશ કરતા બધા હોમ એપ્લાયન્સીસને સુરક્ષા પ્રદાન કરતો ભારતનો સૌપ્રથમ વિસ્તૃત પ્લાન 'હોમસર્વ' લોન્ચ કરવાની ઘોષણા કરી. આ કેશલેસ સેવા તમારા બધા એપ્લાયન્સીસને એક વાર્ષિક પ્લાન અંતર્ગત સુરક્ષિત કરે છે. હોમસર્વ પ્લાન બધી બ્રાન્ડસના ૧૦ વર્ષ સુધીની આયુ ધરાવતા એસી, ટીવી, રેફ્રિજરેટર્સ, વોશિંગ મશીન, માઈક્રવેવ ઓવન, ઓટીજી, એર પ્યુરીફાઈર, વોટર પ્યુરીફાઈર, એર કૂલર, ડ્રાયર, ડિસવોશર, ફૂડ પ્રોસેસર, ગીજર, કિંચન ચિમની, વેકયુમ ક્લિનર વગેરે જેવા બધા પ્રમુખ ઘરેલું ઉપકરણો માટે વન-સ્ટોપ સોલ્યુશન પ્રદાન કરે છે. હોમસર્વ મેમ્બરશીપના સમયમાં કવોલિફાઈડ (યોગ્ય શિક્ષિત અને તાલિમ પામેલ) રિપેરર દ્વારા અમર્યાદિત કેશલેસ રિપેર, ૧૦ દિવસમાં રિપેર, બ્રેકડાઉન વગેરે માટે કોમ્પ્રીહેન્સીવ પ્રોટેકશનનો સમાવેશ થાય છે. આ શરૂઆતી પ્લાન પ્રતિ વર્ષ માત્ર રૂ.૪,૯૯૯ માં અધિકતમ ૪ ઉપકરણોની કોઈપણ ક્ષતિ, બ્રેકડાઉન કે ખરાબ ફંકશન સામે સેવા આપી તેને સુરક્ષિત કરે છે.ગ્રાહકોની એપ્લાયન્સીસની સમસ્યાઓ વિશેના સંસોધનમાં જાણવા મળ્યું કે મોટાભાગના લોકો વિવિધ બ્રાન્ડસ, એમ્પીયર અને આયુ ધરાવતા વિવિધ એપ્લાયન્સીસનો ઉપયોગ કરે છે પરંતુ તેઓ પાસે તેને સમગ્ર વર્ષ ફંકશન (કાર્યરત) રાખતુ કે મેન્ટેન કરતુ માટે કોઈ સોલ્યુશન નથી. ઘરમાલિકોને તેના માટે અસંગઠિતક્ષેત્રના તાલિમ વગર કે અયોગ્ય ટેકનિશીયન પર નિર્ભર રહેવું પડે છે અને વિવિધ સ્થળો સેવાઓનો વિવિધ અનુભવ મળે છે. હોમસર્વએ વિવિધ સ્માર્ટફોન,ગેજેટસ અને હવે હોમ એપ્લાયન્સીસ માટે વનસ્ટોપ આસિસ્ટન્સ અને પ્રોટેકશન પ્રદાન કરતો અમારો મુખ્ય પ્રસ્તાવ છે. હોમસર્વ માટે અમે ગ્રાહકોને એક બટનના ટચ સાથે તેમના હોમ એપ્લાયન્સીસનું નિયંત્રણ પ્રદાન કરતો ટેકનોલોજી ફર્સ્ટનો દ્દષ્ટિકોણ અપનાયો છે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

શ્રી જૈન વિસા ઓસવાળ ક્લબ, શ્રેયસ ટેકરા, આંબાવાડી, અમદાવાદ ખાતે

## નેશનલ સિલ્ક એક્સ્પો સિલ્ક રૂટ્સ ૨૦૧૮ એક્ઝિબિશન કમ સેલનું આયોજન



અમદાવાદ

એકવાર ફરી લગ્ન સિઝનની શરૂઆત છે. લગ્ન પારિવારિક પ્રસંગ માટે અનુકૂળ સાડીઓની વ્યાપક શ્રૃંખલાનું આયોજન એક જ સ્થળ શ્રી જૈન વિસા ઓસવાલ ક્લબ (ફુલ્લી એસી), શ્રેયસ ટેકરા, શ્રેયસ ફાઉન્ડેશન, મિથિલા સોસાયટી, આંબાવાડી, અમદાવાદ ખાતે કરવામાં આવી રહ્યું છે. આ સિલ્ક રૂટ્સ - વીવર્સ અલ્ટીમેટ ડેસ્ટીનેશન ૨૦૧૮ એક્ઝિબિશન કમ સેલ ગ્રાહકો માટે એક શાનદાર તક છે.૧ જૂનથી ૧૦ જૂન, ૨૦૧૮ દરમિયાન સવારે ૧૦.૩૦થી રાત્રે ૮.૩૦ વાગ્યા સુધી એક્ઝિબિશન કમ સેલમાં દેશના ખૂણે ખૂણેથી અલગ અલગ જગ્યાએથી લોકપ્રિય વેરાઈટીની સાડીઓ તથા ડ્રેસ મટિરિયલ્સ મૂકવામાં આવેલ છે. જે આપના મનને લોભાવશે. નવીન ડિઝાઈન્સ, પેટર્ન, કલર કોમ્બીનેશનનો ખજાનો અહીં ઉપલબ્ધ છે અને સાથે ફેશન જ્વેલરીનું કલેક્શન પણ મૂકવામાં આવ્યું છે. સિલ્ક રૂટ્સ દ્વારા આયોજીત આ ભવ્ય પ્રદર્શનમાં દેશના વિવિધ પ્રાંતોના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે લોકપ્રિય વેરાઈટીનો ખાસ સંગ્રહ અહીં પ્રદર્શિત કરાશે. અહીં પ્રદર્શિત કરાનારી બધી સાડીઓ તથા ડ્રેસ મટિરિયલ્સ પોતાનામાં અદ્વિતિય અને મનમોહક છે.

લગ્ન સિઝનને લઈને મહિલાઓ મોટી સંખ્યામાં ખરીદી કરે એ હેતુસર પ્રદર્શનમાં નિઃશુલ્ક પ્રવેશ રાખેલ છે. સાથે આવનાર માટે આયોજન સ્થળ પર નિઃશુલ્ક પાર્કિંગની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.

## ઝી એક્શન પર રજૂ થઈ રહી છે, ભારતીય સ્પાય થ્રિલર "નામ શબાના", શનિવાર ૯મી જૂન સાંજે ૮ વાગ્યે




૨૦૧૫ની બોક્સ ઓફિસ હિટ બેબીનો બીજો ભાગ, નામ શબાનામાં એક સ્પાયના જીવન અને તેના પ્રવાસને આવરી લેવામાં આવ્યું છે, શિવમ નાયર દ્વારા ડિરેક્ટ કરવામાં આવેલા આ થ્રિલરમાં તાપસી પન્નુ શબાના ખાન તરીકે જોવા મળશે, તેની સાથે અક્ષય કુમાર, પૃથ્વીરાજ સુકુમાર, અનુપમ ખેર અને મનોજ બાજપાયી અગ્રણી ભૂમિકામાં છે. ઝી એક્શન- ઈન્ડિયાસ વન-સ્ટોપ ડેસ્ટિનેશન ફોર એક્શન મૂવી પર આ એક્શન પેક્ડ મૂવી શનિવાર, ૯મી જૂન, સાંજે ૮ વાગ્યે રજૂ કરવા માટે તૈયાર છે.રણવિર સિંઘ (મનોજ બાજપાયી) હેઠળ કામ કરતા બે ભારતીય એજન્ટને એક આંતરરાષ્ટ્રિય ડિલર મિખાઈલ (પૃથ્વીરાજ સુકુમાર) દ્વારા મારી નાખવામમાં આવે છે, જે ઘણી ઈન્ટેલિજન્સ એન્જસીના લિસ્ટમાં વોન્ટેડ છે. એક વર્ષ બાદ, શબાના ખાન (તાપસી પન્નુ), એ એક કોલેજની વિદ્યાર્થી છે,

જે જુડોની ફાઈટર છે, તેને ભારતીય એજન્સી દ્વારા એક સંભવિત એજન્સી તરીકે અનુસરવામાં આવી રહી છે. એક દિવસ એક ડેટ બાદ તે અને તેનો મિત્ર જય (તાહેર શબ્બીર મિઠાઈવાલા) પર ચાર પિધેલા લોકોનું જૂથ હુમલો કરે છે અને છોકરીઓની છેડતી પણ કરે છે. પરિસ્થિતિ વણસી જાય છે અને જયને એટલો મારવામાં આવે છે કે, તેનું મૃત્યુ થઈ જાય છે. તાહિરના મૃત્યુ બાદ તે થોડી નિરાશ હોય છે, ત્યારબાદ શબાનાને એક અજાણ્યા નંબર પરથી ફોન આવે છે અને તેને એવું કહે છે કે, તેના પ્રેમીની મોતનો બદલો લેવા ઈચ્છે છે. વિહવળ શબાના એજન્સીમાં જોડાવા તૈયાર થાય છે અને તાહિરના ખૂનીઓને અજય સિંઘ (અક્ષય કુમાર) અને રણવીર સિંઘની મદદથી બહાર લાવે છે. છેલ્લા એન્કાઉન્ટર બાદ, શબાનાની એજન્સીમાં નિમણૂંક થાય છે અને તે અત્યંત કડક તાલિમમાંથી પસાર થાય છે અને મિખાઈલને શોધવાના તથા તેને નાબૂદ કરવાના મિશન પર મોકલવામાં આવે છે.શું શબાના મિખાઈલને શોધવામાં સફળ થશે? શું મિખાઈલ આ વખતે પણ એજન્સીની પકડમાંથી છટકી જશે?

## ઝી સિનેમા ઓફર કરે છે, સમર બોનાન્ઝા, 'દોપહર ઝી સિનેમા પર' શરૂ થઈ રહ્યો છે

મુંબઈ

આ વર્ષનો એ સમય છે, જ્યારે તમે શાંતિથી ઘરે બેઠા હોય અને ગરમીથી રક્ષણ કરતા હોય અથવા તો, વરસાદની રાહ જોતા હોય અને તમારા ટેલિવિઝન સ્ક્રીન પર અનલિમિટેડ મનોરંજન લાવશે. તો 'બોરિંગ આફ્ટરનૂન કરો કરો બાય, એન્ટરનેઈનિંગ દોપહર કો કરો હાય', કારણકે, ઝી સિનેમા, હોમ ઓફ બ્લોકબસ્ટર, લાવી રહ્યું છે, સૌથી વધુ રાહ જોવાતી વાર્ષિક પ્રોપર્ટી, 'દોપહર ઝી સિનેમા પર' સોમવારથી શુક્રવાર, ૪થી ૧૫મી જૂન, ૨૦૧૮ના રોજ બપોરે ૧૨ વાગ્યે.'દોપહર ઝી સિનેમા પર'ના પ્રથમ સપ્તાહની શરૂઆત, સોમવાર ૪થી જૂનથી થઈ રહી છે, પ્રેરણાદાયી સ્પોર્ટ નાટ્ય- દંગલની સાથે, ત્યારબાદ હંમેશની પસંદગીની મંકી કિંગ ૧ અને સ્ટુઅર્ટ લિટલ, કોમેડી કેપર્સ જેવી કે, અ ફ્લાઈંગ જટ્ટ, હાઉસફૂલ અને વેલકમ બેક જેવી ઘણીનો સમાવેશ થાય છે. બીજા સપ્તાહમાં મેગા બ્લોકબસ્ટરમાં સોમવાર ૧૧ જૂનના રોજ રોબોટ ત્યારબાદ તારે જમીન પર, સુપરહિરોની એક્શન ફ્લિક સુપર સિંઘ, હાસ્યના હુલ્લડથી ભરપૂર ફિર હેરા ફેરી અને એક્શન મનોરંજક- મુન્ના માઈકલનો સમાવેશ થાય છે.'બોરિંગ આફ્ટરનૂન્સ કરો કરો બાય, એન્ટરટેઈનિંગ દોપહર કો કરો હાય', જોતા રહો, ઝી સિનેમાનું, 'દોપહર ઝી સિનેમા પર' સોમવારથી શુક્રવાર, ૪થી થી ૧૫મી જૂન બપોરે ૧૨ વાગ્યે.

## સોનમ ક્લોક લિમિટેડ નો રૂ. ૧૦.૧૧ કરોડનો આઈપીઓ સાથે માર્કેટમાં પ્રવેશ

ભારત ની અગ્રણી ઘડિયાળ ઉત્પાદક કંપની, સોનમ ક્લોક લિમિટેડ ૨૮,૦૮,૦૦૦ શેર નો રૂ. ૧૦.૧૧ કરોડ ના આઈપીઓ સાથે માર્કેટ માં આવી રહી છે. એનએસઈ ઈમર્જ પર લિસ્ટ થનારો આ ઈશ્યુ તારીખ ૧ જૂન ૨૦૧૮ ના ખુલશે અને તારીખ ૬ જૂન ૨૦૧૮ ના બંધ થશે. પ્રતિ શેર ભાવ રૂ. ૩૬ છે જેમાં પ્રતિ શેર ફેસ વેલ્યુ રૂ. ૧૦ છે. આ આઈપીઓ માં રિટેલ વ્યક્તિગત રોકાણકારો માટે ૧૩,૩૨,૦૦૦ શેર અનામત રાખવા માં આવ્યા છે જેમાં ન્યુનતમ ખરીદી નો હિસ્સો ૩૦૦૦ શેર છે. તેમજ માર્કેટ મેકર માટે ૧,૪૪,૦૦૦ શેર અનામત રાખવા માં આવ્યા છે. બાકી અન્ય રોકાણકારો માટે ૧૩,૩૨,૦૦૦ શેર રાખવામાં આવ્યા છે. આ ઈશ્યુ પહેલા કંપની ના ૭૨,૦૦,૦૦૦ શેર હશે જે ઈશ્યુ પછી ૧,૦૦,૦૮,૦૦૦ શેર થઇ જશે. ઈશ્યુ પછી કંપની ની ચુકવેલી મૂડી રૂ. ૧૦.૦૧ કરોડ હશે. ઈશ્યુ પહેલા પ્રમોટર નો હિસ્સો ૧૦૦% રહેશે જે ઈશ્યુ પછી ૭૧.૯૪% થશે જયારે પબ્લિક નો હિસ્સો ૨૮.૦૬% રહેશે. આ ઈશ્યુ ના લીડ મેનેજર હેમ સેક્યુરિટીઝ લિમિટેડ છે અને ઈશ્યુ ના રેજીસ્ટ્રાર બિગશેર સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ છે. આ ઈશ્યુ થી ઉભા કરેલા નાણાં થી કંપની ચાલુ મૂડી જરૂરિયાતો, સામાન્ય કોર્પોરેટ હેતુઓ, અસુરક્ષિત લોન ની ચુકવણી અને પબ્લિક ઈશ્યુ નો ખર્ચ પૂરો કરવા માટે કરશે.

કંપની વર્ષ દર વર્ષ સારા પરિણામો નોંધાવી રહી છે. ૩૧ ડિસેમ્બર ૨૦૧૭ માં કંપની ની આવક રૂ. ૩૮.૨૨ કરોડ રહી જે ૩૧ માર્ચ ૨૦૧૭ માં રૂ. ૩૮.૩૧ કરોડ હતી,અને ૩૧ ડિસેમ્બર ૨૦૧૬ (૯ મહિના) માં રૂ. ૨૭.૧૬ કરોડ હતી જે ૩૧ ડિસેમ્બર ૨૦૧૬ (૯ મહિના) વેંચાણ કરતા ૩૧ ડિસેમ્બર ૨૦૧૭ ના વેચાણ માં ૩૮.૪૩% ની આવક સૂચવે છે. કંપની નું ઈબ્ઁૈંઙ્ઘછ (કરવેરા તથા અન્ય ખર્ચ બાદ કર્યા પહેલા ની આવક) માર્જિન વર્ષ ૨૦૧૭(૯ મહિના)માં ૧૩.૮૮% હતી જે વર્ષ ૨૦૧૭ માં ૧૧.૩૦% હતી. પ્રતિ શેર બુક વેલ્યુ વર્ષ ૨૦૧૭ માં રૂ. ૧૨.૯૮ હતી જે વર્ષ ૩૧ ડિસેમ્બર ૨૦૧૭ માં રૂ. ૧૬.૧૨ થઇ છે. નાણાકીય વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માં કંપની ની કુલ આવક ૨૨.૨ % અન્યદેશો માં નિકાસ થી હતી.

## વેજલપુર ખાતે શ્રી આદેશ્વર એજ્યુકેશન પબ્લિક ચેરીટ્રેબલ ટ્રસ્ટ તરફથી ચોપડા વિતરણ



વેજલપુર ખાતે જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને ચોપડા વિતરણનો કાર્યક્રમ યોજાયો જેમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો આ પ્રસંગે આદેશ્વર એજ્યુકેશનના ટ્રસ્ટી લાખન ચુંડાસમા, રસિકભાઈ ધનજી ભાઈ વોરા, અતુલ શાહ, પ્રવિણભાઈ શાહ હાજર રહયા હતા તેમજ સંસ્થાના કાર્યકરતાઓનો આભાર માન્યો હતો.

## બિગ બ્રધર ન્યુટ્રાકેર દ્વારા એકટીવ પ્રાકૃતિક સામગ્રી સાથે ભારતના પ્રથમ સુરક્ષાત્મક કવચ સ્વર્ણસાથીનુ અનાવરણ



બિગ બ્રધર ન્યુટ્રા કેર પ્રાઈવેટ લિમીટેડ બેસ્ટકોમ ફૉર્મ્યુલેશન લિમિટેડની એક ન્યૂટ્રાસ્યુટિકલ શાખા છે, જે ભારત ના વધતા હેલ્થકેર સમાધાન સમુહમાંથી એક છે . આ સમુહ દ્વારા ભારતમાં પ્રથમ નોવેલ ન્યુટ્રસ્યુટિકલ ઉત્પાદ સ્વર્ણસાથી નુ અનાવારણ કરાયુ જેથી તમાકુ , ગુટકા ઉપયોગકર્તાઓ ને બેનિફિશિયલ સર્પોટ મળી શકે, જે કેન્સર અને અન્ય જુની બીમારીઓ ના કારણથી ખતરામાં છે. પ્રાકૃતિક સક્રિય સામગ્રીથી બનેલ આ દેશનુ પહેલુ એવુ ઉત્પાદ છે જે યુવાઓ અને ઘણી જનસંખ્યાને તમાકુ ની લત સામે લડવા સાથોસાથ ગુટકા, તામાકુ ની ખપત અને સિગરેટ ધુમ્રપાન ના ખરાબ પરિણામોને રોકવામા મદદરુપ થશે.

## શ્રમણ ભગવાન શ્રી મહાવીર દેવનો પરિવાર

૧.ગણધર શ્રી ગૌતમ સ્વામી ઈન્દ્રભૂતિ આદિ ૧૪ હજાર સાધુઓની ઉત્કૃષ્ટ સંપદા.૨. આર્યા ચંદનબાળા આદિ ૩૬ હજાર સાધ્વીજીઓની ઉત્કૃષ્ટ સંપદા.૩. સુશ્રાવક શંખ, શતક આદિ એક લાખ ઓગણસાઠ હજાર શ્રાવકોની ઉત્કૃષ્ટ સંપદા.૪. સતી સુલસા, રેવતી આદી ત્રણ લાખ અઢાર હજાર શ્રાવિકાઓની ઉત્કૃષ્ટ સંપદા.૫.ત્રણસો ચૌદ પૂર્વધરો ૬. તેરસો અવધિજ્ઞાનીઓ ૭. સાતસો કેવલજ્ઞાનીઓ ૮. સાતસો વૈક્રીય લબ્ધિવાળા. ૯. પાંચસો વિપુલમતિ મનઃ પર્યવજ્ઞાનવાળા ૧૦. ચારસો ઉત્કૃષ્ટવાદીઓ.ભગવાનના સાતસો શિષ્યો મુક્તિ પામ્યા અને ચૌદશો સાધ્વીજીઓ મુક્તિપદે પહોંચી આઠસો મુનિઓ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા.

શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્મા ત્રીસ વર્ષ ગૃહસ્થાવસ્થામાં રહ્યા લગભગ સાડા બાર વર્ષ છદ્માવસ્થામાં રહ્યા, ત્રીસ વર્ષમાં થોડા દિવસ ઓછા સુધી કેવલીપર્યાય પાળ્યો. આમ એકંદરે બેતાલીસ વર્ષ ચારિત્ર પર્યાય પાળીને બોંતેર વર્ષનું આયુષ્ય પુર્ણ કરીને પ્રભુ નિર્વાણ પામ્યા.

હજુ જ્યારે ચોથો આરો પૂર્ણ થવાને ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાકી હતા.

જ્યારે પ્રભુને ચોવિહાર છઠ્ઠનો ઉપવાસ હતો, જયારે સ્વાતિનક્ષત્રમાં ચંદ્રનો યોગ થયો હતો, રાત્રિ મુહુર્ત બાકી હતો.

પ્રભુ પદ્માસને બેઠા હતા ત્યારે સોળ પ્રહરની દેશના આપીને પ્રભુ સિદ્ધ થયા-બુધ્ધ થયા-મુકત થયા-નિર્વાણપદ પામ્યા.

**-સેવંતી મ.સંઘવી (મુંબઈ)**

દિવ્યજ્યોત
અધ્યાત્મ, ધર્મ, ભકિતને લગતાં સાહિત્યનાં અજવાળાં...

## સુવાકયો

પોતાની જાત પર શ્રદ્ધા રાખવી અને પોતાની બધી જ શકિત સાથે કામે લાગી જવુ દસમાંથી નવ વખત આ સફળતાનો આધાર છે.
વિચારવો વધુ, બોલજો ઓછું અને લખજો થોડુંક જ.
રાજા હોય કે ખેડૂત સહુથી વધુ સુખી એ છે કે જે પોતાના ઘરમાં શાંતી મેળવે છે.
માથે ચિંતા રાખીને કરવામાં આવેલા કામમાં કંઈ ભલી વાર થતો નથી એ કામ સારૂં થવાને બદલે બગડી જ જાય છે.
જીંદગીમાં કયારેક એક ક્ષણ કોઈક માટે બુરી હોય છે તો એ જ ક્ષણ સામેવાળા માટે સારી હોય છે.
સાચા રસ્તે ચાલતી એક કીડી તમને પછાડી શકે છે જો તમે ખોટા રસ્તે ચાલતા હોવ તો..
મનુષ્ય નિત્ય જેવા પ્રયત્નો કરે, જેવા વિચાર કરે, જેવું આચરણ કરે, તેવો તે થઈ જાય છે.
કાર્ય માટેની સફળતાનું રહસ્ય કાર્ય કરનારની નિષ્ઠામાં છુપાયેલું હોય છે.



**આરાધના** — નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

# આ દેહ જ અયોધ્યા છે

આ દેહ જ અયોધ્યા છે તેમાં રાજય કરતો રાજા દશરથ આપણો જીવ છે જે દશેય ઘોડા (વૃત્તિઓ) ઉપર સવાર થઈને આ દેહનું શાસન કરે છે. સત્વ,રજ અને તમ જેવી ત્રિવિધ સ્વભાવવાળી કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયી વૃત્તિઓ પોત પોતાના ક્ષેત્રમાં પ્રભુરાજા દશરથને પ્રભાવિત કરવા સતત મથ્યા કરે છે. સાત્વિક વૃત્તિઓ જેનામાં વિશેષ છે તેવી કૌશલ્યા (દરેક કામમાં કુશળ) માતાને ત્યાં જ આપણા અંતર આત્મારૂપી રામ અવતાર ધારણ કરે છે. અવતાર ધારણ કરવો એટલે પ્રગટ થવું, પરિચિત થવું, જાહેર થવું.ભગવાન રામ આપણા શ્વાસ, પ્રાણ કે અસ્તિત્વ રૂપે છે. એ પરમાત્મા આત્મ સ્વરૂપે આપણી સમક્ષ પ્રગટ થાય છે. જેને આપણે જોઈ શકવાના નથી. માત્ર અનુભવી શકીએ છીએ તેવા સુહ્દ આપણા અસ્તિત્વ સાથે ઓતપ્રોત રામ છે.રામાયણ ગ્રંથમાં આપણા યુગદ્રષ્ટા ૠષિઓએ એ વાતની પ્રતીતી કરાવી છે કે આપણા દેહમાં પૂર્ણ પુરૂષોત્તમ શ્રીરામને ઓળખવા અને સ્વીકારવાની સમજ કેળવવાની છે.આત્મ સ્વરૂપ શાંતિ સ્વરૂપા સીતા સાથે જોડાયેલા છે. એટલે ૠષિઓએ શાંતિ રૂપી સીતાને આત્મસ્વરૂપ રામ સાથે લગ્નગ્રંથિથી જોડાયેલી બતાવી છે.આ રામ-સીતાની જોડી આત્મા અને પરમાનંદનું સ્વરૂપ છે જે એકબીજા સાથે જોડાયેલું છે અને અહંકાર ઉપર પોતાનું વર્ચસ્વ જમાવે છે ત્યારે આપણી એ શાંતિ હણાઈ જાય છે. તેને શાસ્ત્રકારોએ દશવૃત્તિવાળા રાવણ દ્વારા શાંતિરૂપી સીતાનું હરણ થયું તેવું દર્શાવ્યું છે.

અંતર આત્મા રૂપી રામ પોતાની પ્રિયપત્ની શાંતિનું હરણ પેલી દશવૃત્તિઓ વાળો રાવણ કરી ગયો છે તે જાણીને પોતે રાખેલી નિષ્કાળજી અને સીતાએ મર્યાદાનું કરેલું ઉલ્લંઘન યાદ કરીને વિલાપ કરતા રામાયણમાં દર્શાવ્યા છે.

આપણે પણ આ રીતે મનની શાંતિ હણાઈ જાય ત્યારે શોક, વિલાપ, ધમપછાડા કરીએ છીએ. આ શાંતિ સ્વરૂપા સીતાને પાછી મેળવવા માટે ભગવાન શ્રીરામે જે વ્યૂહ અપનાવ્યો છે અને જે પરાક્રમી સાહસ બતાવ્યાં છે. જે ધીરજ અને કુનેહથી આ બહેકી ગયેલી વૃત્તિઓના વિકારોની સામે સતત લડતા રહેવાનું છે.

બહેકી ગયેલી વૃત્તિઓ અનેક રૂપ ધારણ કરીને આપણી સામે આવશે. જો આપણે નિષ્ઠાપૂર્વક ધૈર્યથી અને ખંતથી આવી વૃત્તિઓને કાબુમાં રાખતાં શીખીશું તો આજે નહીં તો કાલે આપણા ચિત્તમાંથી હણાઈ ગયેલી શાંતિને ચોક્કસ પાછી મેળવી શકીશું.

-નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

# યતઃ પ્રવૃત્તિર્ભૂતાનાં યેન સર્વમિદં તતમ્ ।
# સ્વકર્મણા તમભ્યર્ચ્ય સિદ્ધિં વિન્દતિ માનવઃ ॥

‘પોત પોતાના કર્મોમાં તત્પર માણસ સિદ્ધિ પ્રાપ્ત કરે છે’ આ બાબતની શ્રીકૃષ્ણ માત્ર ઉદ્‌ઘોષણા જ કરતા નથી પણ માનવ કઈ રીતે પોતાના કર્મને એ શ્રેષ્ઠ સિદ્ધિ માટે સાધન બનાવી શકે છે તે પણ તેઓ બતાવ`છે. તેમના આ ઉપદેશમાં જીવન, વિશ્વ તથા કર્મનું એક ૠત પ્રગટ થાય છે. સમગ્ર સત્‌ તા તથા સંપૂર્ણ વૃત્તિ ભગવાનથી વ્યાપ્ત છે તે બતાવતાં નીચેના શ્લોકમાં કહે છે કે :

**યતઃ પ્રવૃત્તિર્ભૂતાનાં યેન સર્વમિદં તતમ્ ।**
**સ્વકર્મણા તમભ્યર્ચ્ય સિદ્ધિં વિન્દતિ માનવઃ**
**॥ ૧૮-૪૬ ॥**

‘જેનાથી જે પરમેશ્વરથી, જે પરમાત્માથી (યતઃ) સઘળાં પ્રાણીઓની સર્વ ભૂતોની સર્વ જીવોની (ભૂતાનામ્) પ્રવૃત્તિ થાય છે-ઉત્પત્તિ થઈ છે (પ્રવૃત્તિ) તથા જેના વડે જેનાથી (યેન) આ (ઈદમ્) બધું સર્વ જગત (સર્વમ્) વ્યાપેલું છે-પરિપૂર્ણ છે. (તતમ્) તેને તે પરમેશ્વરને (તમ્) પોતાનાં કર્મો વડે (સ્વકર્મણા) અર્ચના કરીને પૂજા કરીને (અભ્યર્ચ્ય)મનુષ્ય (માનવઃ) સિદ્ધિને (સિદ્ધિ) પામે છે. (વિન્દતિ)’આ શ્લોકમાં સ્વકર્મથી સિદ્ધિની પ્રાપ્તિ બતાવતાં ભગવાન કહે છે કે, જેનાથી પ્રાણીઓ ઉત્પન્ન થઈ કર્મોમાં પ્રવૃત્ત રહે છે, જેનાથી આ સર્વ જગત વ્યાપ્ત છે તેને એટલે કે પરમાત્માને પોતાનાં (સ્વાભાવિક) કર્મ વડે પુજીને માણસ અંતઃકરણની શુદ્ધિરૂપ-મોક્ષરૂપ સિદ્ધિને પામે છે અર્થાત જેની શક્તિ વ્યાપ્ત થઈ જવાથી બધાં પ્રાણી પોતાનાં કર્મ કરી શકે છે અને જે બધામાં વ્યાપી રહ્યો છે તે જ ઈશ્વર છે. જે માણસ સ્વકર્મથી તે ઈશ્વરની અર્ચના, પુજા કરે છે તે સિદ્ધિને પ્રાપ્ત કરે છે. આથી માણસે પોતાની જીવનધારાને જ પોતાની પૂજા બનાવવી જોઈએ. માણસ જે કાંઈ સ્વકર્મ, નિત્ય કર્મ કરે છે તે નિષ્કામભાવથી કરવાં જોઈએ કર્મ કરાવનાર કર્તા તો તે છે.

જે પરમાત્માથી સંસાર પેદા થયો છે જેનાથી સંપૂર્ણ સંસારનું સંચાલન થાય છે જે બધાનો ઉત્પાદક, આધાર અને પ્રકાશક છે. જે બધામાં પરીપૂર્ણ છે એવા પરમાત્માનું પોત પોતાના સ્વભાવ જ અર્થાત વર્ણોચિત સ્વાભાવિક કર્મો વડે પુજન કરવું જોઈએ. શાસ્ત્રોમાં મનુષ્યને માટે પોતાના વર્ણ અને આશ્રમ અનુસાર જે જે કર્તવ્ય કર્મ બતાવ્યાં છે તે બધાં સંસારરૂપ પરમાત્માની પુજાને માટે જ છે. મનુસ્મૃતિ અધ્યાય ૧ ના શ્લોક ૮૮ થી ૯૧ માં ચારેય વર્ણના સ્વભાવ જ કર્મો બતાવ્યાં છે. પરમેશ્વરને જ સર્વસ્વ સમજી તેનું ચિંતન કરતાં તેની આજ્ઞા અનુસાર મન, વાણી અને શરીરથી પરમેશ્વરને માટે સ્વાભાવિક કર્તવ્ય, કર્મનું આચરણ કરવું એ કર્મ દ્વારા પરમેશ્વરનું પુજન છે.

શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતાના અધ્યાય ૧૫ માં જણાવ્યા પ્રમાણે સર્વ જીવો પરમેશ્વરના ભિન્ન ભિન્ન અંશો છે તેથી પરમેશ્વર જ જીવમાત્રના આદિ છે. વેદાંતસૂત્રમાં કહ્યુ છે કે, જન્માદ્યસ્ય યતઃ’ અર્થાત પરમેશ્વર દરેક જીવનનું ઉદગમ છે. તો વળી અધ્યાય ૩ માં કહ્યું છે તેમ ‘પરમેશ્વર પોતાની પરા અને અપરા આ બે શક્તિઓ વડે સર્વવ્યાપી છે. આ અધ્યાયના શ્લોક ૭૦ માં ભગવાન અર્જુનને કહે છે કે કોઈપણ મનુષ્ય આપણા બંનેના આ ધર્મમય સંવાદનું અધ્યયન કરશે. એના દ્વારા પણ હું જ્ઞાનયજ્ઞથી પૂજીત થઈશ એવો મારો મત છે.

સ્વભાવ, સ્વધર્મ અને સ્વકર્મના મુળમાં રહેલો જે ‘સ્વ’ છે જે અંતઃકરણને પ્રેરનારી પ્રકૃતિ છે. તેનો અંતર્યામી, તેનો સ્વામી ભગવાન પોતે જ છે. સમગ્ર અસ્તિત્વમાં તે જ રહેલો છે. બધામાં તે જ વ્યાપ્ત છે. આ પરમેશ્વર જ બધાનો અધિષ્ઠાતા છે, બધાનો નાયક છે તેમજ જગતની બધી પ્રવૃત્તિઓનો પ્રેરક છે. આથી બધાનું સ્વાભાવિક કર્મ ભગવાનના નિયમો પ્રમાણે, તેમના વિધાન પ્રમાણે કરવામાં આવે તો તેમનું નૈવેદ્ય બની જાય છે. સ્વકર્મને પરમેશ્વરની આરાધના બનાવવાથી દિવ્ય ચૈતન્ય,દિવ્ય સામર્થ્ય અને દિવ્ય વિધાનનો અનુભવ કરાવવામાં સહાયક બને છે. આમ સ્વકર્મ વડે પરમેશ્વરની અર્ચના-પૂજા કરવાથી અવશ્ય સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

**અધ્યાત્મ** ૬૧૩ — પ્રિ.ડૉ.હેમરાજભાઈ આર.પટેલ

**જીવન દર્શન** — ભગવાનદાસ બંધુ

## જીવદયા અને ગૌરક્ષાના પ્રેરણાદાયી કામ થકીઆગવી સેવા કરી અનેરી સુવાસ ફેલાવતી વારાહીની શ્રી ભીડભંજન હનુમાનજી ગૌશાળા

એક નાનકડા વિચારમાંથી વટવૃક્ષ બનેલ વારાહીની શ્રી ભીડભંજન હનુમાનજી ગૌશાળા એક જોવાલાયક દર્શનીય સ્થળ બની ચુકેલ છે. જાન્યુ.૨૦૦૫ માં આડેસર પાંજરાપોળની ગાયો મુકવા માટે ડીસા જતા હતા ત્યારે ગૌવાહકોને ઘાસચારાની જરૂર હોઈ વારાહી રોકાણ કરાવ્યું અને ત્યારબાદ રવાના થયા. રસ્તામાં ગાયોના ગ્રુપમાંથી બે નંદી અને ચાર ગાયો વિખુટા પડી ગયેલ જે વારાહીના ભરવાડોને મળતાં રજનીભાઈ ઝોટાને વાત કરી. આ વાતની જાણ રજનીભાઈએ વારાહીના યુવાનોને કરી અને યુવાનોએ સાથે મળીને આ વાત ચમનભાઈ હરગોવનભાઈ ઠક્કર (ભગત) ને કરતાં શ્રી ભીડભંજન હનુમાનજી મંદિરના વંડામાં આ ગાયોને રાખવાની શુભ શરૂઆત થઈ અને ૧૪ જાન્યુ. ૨૦૦૫ થી ભવિષ્યની એક ખુબ જ મોટી ગૌશાળાનાં મંડાણ થયાં. ગાયોની સેવા કરનાર યુવાનોની સંખ્યા પણ ધીરે ધીરે વધતી ગઈ. શરૂઆતમાં પંચ પરમેશ્વરની જેમ પાંચ યુવાનો કોઈપણ ભોગે ગાયોની સેવા કરવા માટે તન, મન અને ધનથી સમર્પિત ભાવથી તૈયાર થયા.હનુમાનજી મંદિરે જ ગૌશાળાનું બોર્ડ પણ લાગી ગયું. સેવાનો આ મહાયજ્ઞ દિવસે ને દિવસે વધુ ને વધુ પ્રજ્જવલીત થતો ગયો.

જયાં સુધી ગૌશાળામાં ૧૦૦ (એકસો) ગાયો હતી ત્યાં સુધી યુવાનોએ જાતે જ સેવા કરી પણ ગાયો વધતાં જાળવણી માટે એક માલધારી પરિવારને રાખવામાં આવ્યું. સમય જતાં ધીરે ધીરે નીરાધાર, બિમાર, અશકત ગાયો પણ ગૌશાળામાં આજુબાજુથી આવવા લાગી. પરમાત્માના કાર્યમાં પરમાત્મા જ મદદ કરે એમ વારાહી નિવાસી અને હાલે અમદાવાદ રહેતા શેઠ શ્રી વર્ધીભાઈ ત્રિભોવનદાસ ઠક્કર/અખાણીને ગૌશાળાના વિકાસ અને વ્યવસ્થા માટે સ્થાનિક યુવાનોએ વાત કરી અને ૨૧ જેટલા સમર્પિત ટ્રસ્ટીઓને સાથે રાખી ગૌશાળાનું ટ્રસ્ટ બન્યું જે આજે જીવદયા ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ, વારાહી તરી-કે ઓળખાય છે અને હાલે ૧૧ જેટલા ટ્રસ્ટીઓ ખુબ જ સક્રિય પણ છે. શ્રી ભીડભંજન હનુમાનજી ગૌશાળાની હાલના સમયે કુલ ત્રણ શાખા છે. પ્રથમ મંદિર પાસે જ શરૂ કરેલ ગૌશાળાની જગ્યા નાની પડતાં વર્ષ ૨૦૦૭ ની પૂજ્ય વંદનાબેન ગૌસ્વામીની કથા પૂર્ણ થયા બાદ માનપુરા ખાતે ખેતાભાઈ પંચાલના માર્ગદર્શનથી ૨૦૦૮ માં ૪ એકર જેટલી જગ્યા રાખવામાં આવી. જેમાં ૧૨૦૦ જેટલા નંદીઓને રાખવામાં આવેલ છે. હરિભાઈ હરગોવનભાઈ ઠક્કર/અખાણીએ ગૌશાળાનો વહીવટ સંભાળતાં તેમના વડપણ હેઠળ વારાહી હાઈવે ઉપર નવીન જગ્યા અંદાજે ૨૫ લાખના ખર્ચે લેવામાં આવી. જેમાં પુરાણ કામગીરીમાં રૂપિયા ૧૫ લાખ અને વંડાની કામગીરીમાં રૂા.૧૦ લાખ ખર્ચી ગાયોને સગવડતા મળી રહે તેવી ગૌભૂમિનું નિર્માણ કરાયું. જોકે આજ સ્થળે ટુકડે ટુકડે ત્રણથી ચાર વાર જમીન ખરીદાતાં આજે તો વારાહી હાઈવે ઉપર ગૌશાળા માટે અંદાજે ૧૭ એકર જેટલી જમીન ઉપલબ્ધ છે. ત્રણેય શાખાઓમાં કાર્યાલય, ચબુતરો, વરંડા, નાના મોટા શેડ, સ્ટાફ કવાર્ટર સહિતની તમામ સુવિધા છે. કેટલાક ખુબ જ સમર્પિત ગૌસેવકોએ ઘણી બધી સેવા કરી હોવા છતાં તેમનાં નામ લખવાની તેમણે જ ના પાડતાં મને ઈચ્છા હોવા છતાં કેટલાંક નામોનો અહીં ઉલ્લેખ કરેલ નથી તો ક્ષમા કરશો. ગૌશાળાના વિકાસ માટે પાંચથી છ વખત લોક ડાયરાઓ પણ થયા. માયાભાઈ આહીર, ૠષભ આહિર, રેખાબેન વાળા, કીર્તિદાન ગઢવી, યોગેશપુરી, ટીના છેડા, દેવ્યાની બાંદ્રે, દેવરાજ ગઢવી, લલીતા ઘોડાદ્રા, ઓસમાન મીર જેવા કલાકારો આ ડાયરાઓમાં આવી ચૂકયા છે. ગુજરાતી ફિલ્મી જગતના ખ્યાતનામ કલાકાર ઉપેન્દ્ર ત્રિવેદી પણ પાંચમા ડાયરા વખતે હાજર રહ્યા હતા. લગભગ ગુજરાતની એક માત્ર આ ગૌશાળા છે કે જ્યાં ઓછી જગ્યામાં વધારે ગાયોને સહી સલામત રીતે રાખવામાં આવે છે. ગૌશાળામાં ૬૦ વ્યક્તિઓનો સ્ટાફ છે.

શ્રી ભીડભંજન હનુમાન ગૌશાળા વારાહીને શકય તેટલું વધારે દાન આપવાથી પુણ્ય તો ચોક્કસ મળે જ છે પરંતુ આ ગૌશાળામાં રૂબરૂ આવી દર્શન કરવાથી પણ અનેકગણું પુણ્ય થાય છે. ૧૭૦ જેટલી ગાયો દુઝણી છે જેના દુધમાંથી રોજ અંદાજે ૬૦ લીટર દુધ, ૪૦૦ લીટર છાશનું વિતરણ થાય છે. સાથે સાથે દરરોજ અંદાજે ૭ થી ૧૦ લીટર ઘી પણ વેચાણમાં જાય છે. દુધ, છાશ કે ઘીના વેચાણમાંથી આવતી રકમ પણ ગૌશાળાના નિભાવ માટે વપરાય છે. અનેક સંતો આ ગૌશાળાની મુલાકાતે આવી ચૂકયા છે.ગત વર્ષે ગુજરાત સરકારના મંત્રી જયેશ રાદડીયાએ પણ પુર વખતે આ ગૌશાળાની મુલાકાત લઈ ૧૦ ગાડી લીલા ઘાસની મોકલાવી હતી તો તત્કાલીન ધારાસભ્ય નાગરજી ઠાકોરે પણ તેમની ગ્રાન્ટમાંથી બે હવાડા બનાવી આપેલ છે. સમગ્ર વાગડ વઢિયાર પંથકમાં ડાયરાઓ વખતે છુટે હાથે અગણિત રૂપિયાની ઘોર કરનાર ધનાશા શેઠે પણ આ ગૌશાળાને ખુલ્લા હ્રદયે અને છુટા હાથે ભરપુર મદદ કરેલ છે. આ ગૌશાળાને શકય તેટલી વધુ મદદ કરવા માટે સંપર્ક સૂત્ર માટે મો.નં.૯૮૨૫૦૩૪૪૮૧, ૯૮૨૫૨૮૬૬૬૯, ૯૪૨૭૫૯૯૩૦૫, ૯૮૨૫૦૩૮૮૯૫, ૯૮૨૫૦૬૨૭૯૨ ૯૮૨૫૮૪૧૮૫૮, ૯૮૭૯૫૮૩૭૫૧, ૯૮૨૫૫૩૫૪૬૯, ૯૩૭૬૨૪૩૮૬૧ છે. વારાહી ગૌશાળા ખાતે મો.નં.૯૪૨૯૪૩૦૫૪૧ અને ૯૮૯૮૭૫૧૬૮૭ છે.

તા.૨૧-૪-૨૦૧૮ શનિવાર વૈશાખ સુદ ૬ થી તા.૨૮-૪-૧૮ શનિવાર વૈશાખ સુદ ૧૩ સુધી પરમ વંદનીય, પૂજનીય શ્રદ્ધેય મા મહામંડલેશ્વર, શ્રી શ્રી ૧૦૦૮ પૂજ્ય માં કનકેશ્વરી દેવીજી ખોખરા હનુમાન ધામ, મોરબીના વ્યાસાસને સાયન્સ સીટી સોલા રોડ, શુકન બંગલો ૧ પાસેના મેદાનમાં અમદાવાદ ખાતે ચાલનારી શ્રીમદ્‌ ભાગવત કથામાં હજારો ગૌપ્રેમીઓ અને કથાપ્રેમીઓ ખાસ ઉપસ્થિત રહીને વારાહીની ગૌશાળામાં ખોબલે ખોબલે દાન કરનાર છે. કળીયુગમાં ગૌસેવાનું આગવું મહત્વ છે. પોથીયાત્રા પિયુષભાઈ વલ્લભરામ ઠક્કરના નિવાસસ્થાનેથી શરૂ થયા બાદ આજે કથાનો ચોથો દિવસ છે. ફરશુભાઈ ગોકલાણી જેવા પ્રેરક યજમાન સહિત અનેક દાતાઓએ કથાને સફળ બનાવવા ગૌસેવામાં પોતાનો પૂર્ણ સહયોગ તન, મન અને ધનથી આપેલ છે. અનેક સંતો, મહંતો, સંસ્થાઓના હોદ્દેદારો આ કથામાં ઉપસ્થિત રહેનાર છે. અંદાજે ૧૮ જેટલી સંસ્થાઓ આ કથાના આયોજનમાં સામેલ થઈ છે. આ ગૌશાળાને લીધે હજારો ગાયો કતલખાને જતી બચી છે.માત્ર જીવદયા પ્રવૃત્તિને જ કેન્દ્રમાં રાખીને ચાલતી આ ગૌશાળા અને તેના સૌ ગૌભકતો, ગૌસેવકો,ગૌપ્રેમીઓ, ગૌહિતચિંતકો ગૌપાલકો, ગૌરખેવાળોને કોટિ કોટિ વંદન સાથે અભિનંદન અને અઢળક શુભેચ્છાઓ.. આ ગૌશાળાની શરૂઆતથી લઈને આજ સુધી અનેક નામી અનામી સેવકોએ યથાશક્તિ તન, મન, ધન, શ્રમ અને સમયનું દાન કરેલ છે એવાં ઘણાં બધાં નામો મને મળ્યાં છે પરંતુ સ્થાન મર્યાદાને કારણે એમનો ઉલ્લેખ થઈ શકેલ નથી, તો ક્ષમાયાચના સાથે તેવા સૌ ગૌસેવકોને પણ આદર અને અદબપૂર્વક વંદન. ભાભર, વારાહી, થરા,ટેબી, ડીસા, ચાંગા, ટેટોડા, પથમેડા જેવી વિવિધ ગૌશાળાઓ સાથે સંકળાયેલા તમામ સેવકો ધીરે ધીરે ખુબ જ સુખી સંપન્ન થયા છે તે પણ ગૌમાતાના અસીમ આશીર્વાદની જ કૃપા છે.

**ભગવાનદાસ બંધુ મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩**

## ધર્મ પાલનમાં જ્યાં જે જે બાળક હોય !
## નિર્મમ બનીને ત્યાગી એ પ્રિય ભલે ને હોય !!

**ચિંતન** — યશપાલસીહ ટી.વાઘેલા

કયાં ગયા રામદેવજી કયાં ગયો મોંઘવારી દાયણને મારડાલા ગીત ગાનારો પેટ્રોલ,ડીઝલ ને બીજી બાબતોમાં કેન્દ્રની ગુજરાતને થપ્પડ મારનારા સબસીડીવાળાને સબસીડી વગર નામવાળાને ને નામ વગરના આવી બધી જાહેરાત કોના માટે ? ભારત એક કૃષિપ્રધાન બિન સાંપ્રદાયિક લોકશાહી રાષ્ટ્ર છે પરંતનુ ખરેખર તેની શાસન વ્યવસ્થા આ ઉદ્દેશલક્ષી લોકશાહી પ્રમાણ થાય છે ખરી ? પેટ્રોલ ડીઝલને રાંધણગેસના ભાવમાં સતત વધારોને હવે તો ફુડ ઓઈલ કંપનીઓને દૈનિક ભાવ વધારવાની છુટ આપી છે. કેન્દ્ર સરકારે રોજે રોજના ભાવોની સમીક્ષા કરી વધારો ઘટાડો કરવો તેના બદલે સાચી સમીક્ષા થતી જ નથી ને તેઓ ઠેકો લઈને બેસી ગયા હોય તેમ ભાવવૃદ્ધિની અસર ઝડપી થાય. પેટ્રોલ ડીઝલના આંતરરાષ્ટ્રીય ભાવ ઘટવા છતાં તેનો જે લાભ પ્રજાને મળવો જોઈએ તે મળતો નથી. તેની પાછળ ખોટું ટેક્ષ ભારણ, ટેક્ષ અર્થતંત્રની જીવાદોરી છે પરંતુ તેને પ્રજા પર એવી રીતે ન લાદવો જોઈએ કે તે ત્રાસદાયક બની જાય. આજે શાસકોમાં નેતાઓ, અધિકારીઓની અણઘડ નીતિના કારણે સાચા વ્યક્તિઓ લાભથી વંચિત રહેને ખોટા વ્યક્તિઓને લાભ મળે. આવી શાસન વ્યવસ્થા ખરેખર યોગ્ય કહેવાય ખરી ? અંત્યોદય બીપીએલ, મનરેગા, મા અમૃતમ જેવી ઘણી યોજનાઓમાં કરોડોપતિ કે ધનાઢ્યને લાભ મળે ને જેને ખરેખર આ પ્રકારના લાભની જરૂર છે તે યેનકેન પ્રકારે વંચિત રહી જાય આવું શા માટે ? નેતાઓ, અધિકારીઓ આ બાબતની ખબર નથી એવું નથી છતાં પોતાનો લુલો બચાવ કરવા માટે આવડી મોટી શાસન વ્યવસ્થામાં આવું તો ચાલ્યે જ રાખવાનું એટલે બહુ ચિંતા કરવી નહીં. વ્યક્તિઓને આ બધું ધીમે ધીમે કોઠે પડી જાય છે. એટલે બહુ ઉહાપોહ થશે નહીં તેની ખબર છે. છેવટે ઉહાપો-બળાપો તો અમે જ કરાવીએ છીએ.. આપણે ગતાંકમાં કહ્યું હતું કે, લોકશાહી એટલે લોકો વડે, લોકો માટે, લોકોથી ચાલતી શાસન વ્યવસ્થા જેમાં લોકોની કોઈ લાગણી ભાવના સમજવામાં આવતી નથી. નેતાઓ, અધિકારીઓ માટેની આ શાસન વ્યવસ્થા પ્રજાતંત્રના ધજીયા ટેક્ષરૂપે ઉડાવી રહી છે. લુંટો મારા ભાઈ લુંટો લોકશાહી શાસન વ્યવસ્થાના નામે ગમે તેવા ટેક્ષના ભારણ અમલમાં મુકીને લુંટો પ્રજા ખરેખર યેનકેન પ્રકારે પાંગળી બની ગઈ છે. અનામતના નામે વર્ગવિગ્રહ જેવી સ્થિતિ કરી. જેમાં એસ.સી.એસ.ટી.ઓબીસી જાતિનો અમલ ને તેઓને અનામતનો લાભ ખરોને બીન અનામતનો લાભ આવું ધ્યાન આવતાં નેતાઓ, અધિકારીઓને એક નવો તુક્કો સુજયો કે હવે બીન અનામતવાળાને પ્રમાણપત્રો આપે. તેઓ બીન અનામત સાબીત થશે તો જ લાભ મળશે. પેન્શન ધારક જેવી હાલત થઈ. જીવતો છેકે મરેલો છે તેનું પ્રમાણપત્ર રૂબરૂ આવીને આપવું પડશે. દેશની પ્રજાની સ્થિતિ પણ પેન્શનરો જેવી સર્જાઈ છે. અનામત બીન અનામતના કાવાદાવામાં મુખ્ય નામ તો ભુલાઈ જાય છે ને યુવાધન બેકારીમાં સબડતું વ્યસનોને બદીઓનું ભોગ બની ગયું છે. જો તેના પ્રત્યે કોઈ કડક નિયમ નહીં આપે તો આવતા પાંચ દશ વર્ષમાં ભારતની યુવા પેઢી અધપતનની ખાઈમાં ધકેલાઈ જશે. નબળી યુવા પેઢી જે તે રાષ્ટ્ર માટે આફત નોતરે છે તે ન ભુલવું જોઈએ. શાસકોમાં નેતાઓ, અધિકારીઓ કઈ રીતે કામ કરે છે એ કહેવું મુશ્કેલ છે. મોંઘવારી, ભ્રષ્ટાચાર, ભેળસેળ, સટોડીયા, સંગ્રાહખોરોનો આતંક એટલો બધો વધ્યો છે કે પ્રજા વિસ્તારનો સાચો વિકાસ આ આતંકીઓ હડપ કરી જાય છે ને અર્થતંત્ર પ્રજા વિસ્તારનો વિકાસ કાગનો વાઘ બનાવીને રજુ કરે છે ને તેના સિવાય છુટકારો નથી. આર.સી.સી.ડામરના રોડ બનાવી સરકારી તિજોરીને ખોટના ખાડામાં ઉતારી દેખાડાતો વિકાસ એ વિકાસ નથી પણ ધનસંચયનો એક હિસ્સો છે. જે પ્રજા પર ત્રાસ ટેક્ષના ભારણ રૂપ ગુજરે છે. લોકશાહીમાં લોકોની સ્વતંત્રતા ઉપર તરાપ મારવી કેટલી યોગ્ય ભારતની પ્રજા બહુ સહનશક્તિશીલ છે. એટલે કરશે તે ભરશે તેવા આશાવાદ સાથે જીવન વ્યતીત કરે છે. બાકી કોઈ વાહન ખરીદો તો આરટીઓમાં આ જીવન રોડ ટેક્ષને બીજા સરકાર માન્ય ટેક્ષોની ચુકવણી કરો તોય દર પાંત્રીસ ચાલીસ કી.મી.માં આવેલા ટોલ પ્લાઝામાં ટેક્ષભર્યા વગર નીકળી જ ન શકો. તમારી હરવા ફરવાની સ્વતંત્રતા નજરકેદ કરી નાખી હોય તેવો માહોલ સર્જાયો છે. ગરીબ મધ્યમ વર્ગનો કોઈ વ્યક્તિ તેના ગામથી એસ.ટી.બસમાં મુસાફરી કરે તોય ટીકીટ ભાડા ઉપરાંત ટોલટેક્ષ ટોલપ્લાઝા દીઠ રૂા. પાંચ ફરજીયાત ચુકવવો પડે છે. ગુજરાત એસ.ટી.નિગમે તો લોકોની મજબુરીનો લાભ લેવામાં કંઈ બાકી રાખ્યું નથી છતાં એસ.ટી.નિગમ ખોટનો ધંધો કરતું હોવાનો

અનુસંધાન પાના નં.૬ ઉપર

# પળનો ચમત્કાર

**શ્રદ્ધા અને સંસ્કાર**

અચાનક એક વૃક્ષની ઝુકેલી શાખા જોતાં વીજ ઝબુકે તેમ એક વિચાર રાજાના મનમાં સુઝી આવ્યો. તરત જ રાણીને કહ્યું, ‘દેવી ! જો સામે આવી રહેલી શાખાને આપણે પકડીશું તો જ બચી શકશું. ખુબ જ સ્થિર બનીને તમે એ ડાળી પકડી લેજો.’

આટલા શબ્દો બોલતા હતા ત્યાં તો ડાળી આવી ગઈ અને રાજાએ પકડી લીધી. પણ અબળા રાણી એ પકડવામાં નિષ્ફળ ગઈ. રાજા ડાળી પકડીને જોતો રહ્યો. હાથી તો એ જ તીવ્ર વેગથી રાણીને લઈને આગળ વધતો જ ગયો. રાજા વૃક્ષ પરથી નીચે ઉતરીને ખુબ જ હતાશ બની ગયો. વનમાં ઘણી તપાસ કરી, પણ રાણીના કાંઈ જ એંધાણ ન મળ્યા. આખરે હારી થાકીને રાજા પોતાના રાજયમાં આવ્યો. સૈન્યને ચારેબાજુ મોકલીને આખી પૃથ્વીમાં શોધખોળ કરવામાં આવી પણ રાણીના કોઈ જ સમાચાર ન મળ્યા. અંતે રાણીની આશા છોડી દીધી. સહુથી મોટું બીજું દુઃખ તો એ હતું કે ઉત્તમ દોહદ લઈને અવતરેલા એ પુણ્યશાળી જીવનું શું થશે ? આ બાજુ હાથી તો અત્યંત સુંદર એક મનોરમ જળાશયની પાસે જઈને વિરામ પામ્યો. પાણી પીવા માટે પાણીમાં ઉતર્યો. ત્યાં તો રાણીના મગજમાં એક વિચાર સ્ફુરી આવ્યો કે હવે બચવા માટેની આ બીજી તકને છોડવા જેવી નથી. એકલી અટુલી પડેલી રાણીમાં હવે હિંમત આવી ગઈ હતી. રાજાનો જ્યાં સુધી આશ્રય હતો ત્યાં સુધી ગભરૂ અવસ્થા હતી. પણ હવે એકલી હોવાથી હવે સાહસિક બનવા તૈયાર બની.

વાત પણ સાચી છે આશ્રિત લગભગ સાહસ કરવા તૈયાર નથી હતો. પદ્માવતીએ હાથીના ભયને ગણકાર્યા વગર જ પાણીની અફાટ જળરાશીમાં એક છલાંગ લગાવી. નાની વયમાં આત્મસાત કરેલી તરવાની કળા આજે ઉપયોગમાં આવી. પોતાના બાહુબળથી તરતી તરતી સરોવરના બીજા કાંઠે આવીને ઉભી રહી પોતાની શીખેલી કળા આજે જીવનરક્ષિકા બની એનો આનંદ તેના ઉરમાં સમાતો ન હતો. કળા કયારેય નિષ્ફળ જતી નથી હોતી.

સરોવરના કાંઠે ઘનઘોર જંગલ હોવા છતાં હૈયામાં હામ ધારણ કરીને તે આગળ વધી. નિર્જન વનમાં સહારાની શોધમાં તે આગળ ચાલી રહી હતી. એક તાપસ વનમાં સાધના કરી રહ્યા હતા. આ સંતના દર્શન કરીને તે શાંત બની. સંત પણ સમજી ગયા કે આ સુંદર નવયૌવના વિપત્તિમાં અટવાયેલી લાગે છે.

રાણી સંત પાસે નતમસ્તક બની ઉભી રહી. સંતે પુછ્યું કાંઈ વિપત્તિમાં અટવાઈ છે ? મને કહે તો હુ ંતેને યથાશક્તિ સહાય કરી શકું ?

‘હા, મહાત્માજી ! હું વિપત્તિમાં અટવાઈ છું.. રાજાનો મારે વિયોગ થયો છે. .મને ખબર નથી કે આ કયો પ્રદેશ છે ?

'અનુસંધાન પાના નં.૬ ઉપર

# જીવનયજ્ઞ

જીવન એક યજ્ઞ પણ છે. યજ્ઞ કોઈ ઉદ્દેશ્ય, શાંતિ યા કોઈને કોઈ ઈચ્છાની પ્રાપ્તિ માટે હોય છે. એવી જ રીતે જીવન યજ્ઞમાં આપણે ઘણા બધા અરમાનો લઈને ચાલીએ છીએ. કેટલાક અરમાનો પુરા થાય છે તો કેટલાક અધુરા જ રહી જાય છે. યજ્ઞ ઘણું બધું લે પણ છે તો ઘણું કંઈક મેળવી શકાય છે. જેમ યજ્ઞમાં જવ, તેલ, ઘી હોમવામાં આવે છે એમ આપણે ઘણી નાની મોટી ગમતી ન ગમતી વાતોને જતી કરવી પડશે. શ્વાહા કરવી પડશે, હોમવી પડશે, યજ્ઞમાં થોડી થોડી સામગ્રી મંત્રોચ્ચાર સાથે સ્વાહા સ્વાહા શબ્દો સાથે હોમવામાં આવે છે.

યજ્ઞમાં થોડી થોડી સામગ્રીને હોમતાંની સાથે સાથે શ્વાહા શ્વાહાના મંત્રોચ્ચાર થાય છે. છેલ્લે યજ્ઞમાં નારીયેળ હોમી યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવે છે. આપણે પણ જીવનમાં રહેલી અનેક કડવાહટો ક્રોધ, અશાંતિ ફેલાવતો સ્વભાવ, લોભ, મોહ, ખરાબ સંસ્કાર આ બધું જ હોમવાનું છે. થોડું થોડું સ્વાહા કરતા જઈએ અને દેહ અભિમાન સૌથી છેલ્લે હોમી યજ્ઞની પૂર્ણાહ-ુતિ કરીએ છીએ.આમ બધા જ વિકારો હોમ્યા પછી દેહ અભિમાન પણ સ્વાહા કરીએ તો આપણા જીવનમાં પણ સુખ, શાંતિ અને સમૃધ્ધિ આવશે.

જીવનયજ્ઞમાં આપણે શ્રદ્ધા પણ રાખવી પડે કે આજે નહીં તો કાલે મને શાંતિ મળશે. સારા પ્રયત્નો કરતા રહીએ યજ્ઞમાં શ્લોકો બોલવામાં આવે છે. શ્લોકના આધારે વાણીની પવિત્રતા ઉપર ધ્યાન આપવામાં આવે છે. ચારે દીશાઓમાં આહ-ુતિ આપીને પણ કહેવામાં આવે છે કે :

**મંગલમ્ ભગવાન વિષ્ણુ,**
**મંગલમ ગરૂડભજ,**
**મંગલમ કુંડરીકાક્ષ,મંગલાય હરી હરી’**

સર્વનું મંગળ થાઓ એવી ભાવના પ્રગટ કરવા માટે આપણે કહીએ છીએ કે, ‘સર્વે ભવિન્તુ સુખિનામ સર્વે સન્તુ નીરામયા’ આવી ઉદાર ભાવનાઓ આપણે સર્વના માટે રાખીએ તો આપણું જીવન સુખમય બની જશે.

**સૌરભ** — બી.કે.નીતાબેન

## પવિત્ર અધિક...

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

જી.ઈ.બી. પાસે, થરાદ મુકામે રાખવામાં આવેલ છે. આ કથાનું આયોજન ગૌશાળાના લાભાર્થે કરવામાં આવેલ છે. ગૌપ્રેમી યુવાનો, દાતાઓ અને સહયોગીઓ તનતોડ મહેનત કરી રહેલ છે.

આ કથામાં પરમ વંદનીય નાગરવન બાપુ (કરબુણ), તેમજ પ.પૂ. રેવાપુરી બાપુ (આસોદર), પ.પૂ. બાલ બ્રહ્મચારી શ્રી વાલજી બાપુ (રાંટીલા), પ.પૂ. સુરદાસ બાપુ (મોટીપાવડ) તેમજ અનેક સંતો-મહંતો, સાધુઓ તેમજ રાજકીય મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ભારતના પ્રખ્યાત જયોતિષાચાર્ય પ.પૂ. શાસ્ત્રી શ્રી રઘુનાથભાઈ દવે (ગાયત્રી પ્રત્યક્ષ પંચાગ, અમદાવાદ) ખાસ ઉપસ્થિત આશિર્વાદ પાઠવશે. કથાના મુખ્ય દાતા, ભોજન દાતા સ્વ. ભોમજીભાઈ રાયમલજી બારોટ (સણવાલ) લાભ લીધેલ છે. આ ઉપરાંત વિવિધ દાતાઓ દ્વારા પણ ઉદાર હાથે દાનની સરવાણી રેલાવેલ છે. મહેશભાઈ બારોટ, તેમજ દિનેશભાઈ ત્રિવેદી દ્વારા કાર્યક્રમનું સંચાલન થશે. તો ધર્મ પ્રેમી જનતાને આ કથાનો લાભ લેવા આયોજકો દ્વારા વિનંતી કરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લાના ઐતિહાસિક થીરપુર (થરાદ) નગરમાં પવિત્ર અધિક માસ નિમિત્તે કુંવરબાઈનું મામેરૂં ત્રિદિવસીય કથાનું દિવ્ય-ભવ્ય આયોજન કરાયું- આ કથાનું રસપાન ગૌ વત્સ શ્રી ભગત બાપુ (કારેલીવાળા) કરાવશે.

## શ્રી જે.ડી.અજબાણી...

**અનુસંધાન 3 નુ ચાલુ..**

શ્રી સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ, ડીસાના પ્રમુખ ઈશ્વરભાઈ મિસ્ત્રી, મેનેજીંગ ટ્રસ્ટી વિક્રમભાઈ શેઠ, આચાર્ય જગદીશભાઈ પરમાર, સમગ્ર ટ્રસ્ટ પરિવાર તેમજ શાળા સ્ટાફ પરિવાર તરફથી ઉત્કૃષ્ટ પરિણામ મેળવનાર તમામ વિદ્યાર્થી ભાઈ - બહેનોને બિરદાવેલ છે.

## થરાદના રાજેન્દ્રનગરમાં...

**અનુસંધાન 3 નુ ચાલુ..**

તેમજ આ બન્ને યુવકો નો ઈરાદો શું હતો તેને લઈને પણ અનેક તર્ક-વિતર્કો ચર્ચાસ્પદ બન્યા હતા.નગરમાં દિવસભર ઘટના ટોક ઓફ ધ ટાઉન બનવા પામી હતી.બીજી બાજુ મુકેશભાઈના મકાનમાં પુરાયા બાદ દોડી આવેલા તેમના મિત્રો-સ્નેહીજનોએ બંને યુવકોની ઘરમાં આવવાના કારણ અંગેની પૂછપરછ કરી હતી. આથી યુવકોએ પહેલાં તો કોઈ સોનીના મકાનમાં જવાનું હોવાનું જણાવ્યું હતું. તેમજ તેમને કોઈ વ્યક્તિએ મોકલ્યા હોવાનો ગલ્લાંતલ્લાંભર્યો જવાબ પણ આપ્યો હતો. આથી આ બન્ને યુવકો ઘર ભૂલી ગયા હતા? તેમજ તેઓને મોકલનાર વ્યક્તિ કોણ હશે? તેને લઈને અનેક તર્કો પણ ચર્ચાસ્પદ બન્યા હતા.

## પાયોનિયર સ્કૂલ...

**પાના નં.૮ ચાલુ**

હોય છે. જેમાં પાયોનિયર સ્કૂલના પટેલ શુભમ હરગોવિંદભાઈએ ૫૨૨ ગુણ પ્રાપ્ત કરી પોતાના પરિવાર તથા શાળા પરિવારનું નામ રોશન કર્યું છે. આ ઉપરાંત પાયોનિયર સ્કૂલમાંથી પટેલ શુભમ હરગોવિંદભાઈ ૫૨૨, પટેલ પાર્થ મુકેશભાઈ ૫૧૦, પટેલ મૈથીલકુમાર જયેશભાઈ ૪૭૬, કુંભાર સુલતાન દાઉદભાઈ ૪૪૬, ચૌધરી જયેશભાઈ માનસંગભાઈ ૪૩૮, માળી અનીલકુમાર થાનાજી ૪૧૩, અમીન કરીનાબેન કિશનભાઈ ૪૦૦, પટેલ વેદાંત મનીષભાઈ ૩૯૮, સુથાર આકાશકુમાર પ્રહલાદભાઈ ૩૫૧, પટેલ શુકનકુમાર અનીલભાઈ ૩૩૮, પરીખ મૌલીક ભગવાનભાઈ ૩૩૪, વિહોલ અનિરૂદ્ધસિંહ પ્રદિપસિંહ ૩૩૨, પટેલ હર્ષકુમાર વિજયભાઈ ૩૨૬, ગોસ્વામી શ્રધ્ધાબેન શંકરપુરી ૩૨૪, પટેલ વિશાલ કનુભાઈ ૩૨૨, ચૌધરી જીગ્નેશ ભારમલભાઈ ૩૧૭, પરમાર પૃથ્વેશ દેવેન્દ્રભાઈ ૩૧૫, પુરોહિત પલક નવીનભાઈ ૩૧૨, પટેલ ઉમંગકુમાર સુધીરભાઈ ૩૧૦, સુથાર આકાશકુમાર પ્રહલાદભાઈ ૩૦૨ મેળવી પોતાનું ટેલેન્ટ દેખાડયું છે. શાળાના ટોર્પસ શુભમ હરગોવિંદભાઈના જણાવ્યા અનુસાર ધોરણ - ૧૧ સાયન્સના પ્રથમ દિવસથી અમારી શાળાના તમામ શિક્ષકોએ અમને નીટની તૈયારી કલાસરૂમમાં જ સાથે કરવામાં ઉપરાંત તમામ અભ્યાસકીય સમસ્યાઓનું નિરાકરણ સ્પષ્ટતાથી કરતા હતા અને નિયમિત સાતત્યપૂર્ણ ટેસ્ટ અને તેનું સોલ્યુશન કરી અમારો આત્મવિશ્વાસ વધારતા હતા. આ સફળતાનો યશ મારી શાળા અને મારા પરિવારના ફાળે જાય છે.

શાળાના પ્રિન્સિપાલ નરસિંહભાઈ પટેલના જણાવ્યા અનુસાર તમામ વિદ્યાર્થીઓની નીટની તેયારી સંપૂર્ણપણે અમારી શાળાના સ્ટાફ દ્વારા જ કરાવવામાં આવે છે. જે અંગેનું જરૂરી માર્ગદર્શન, જરૂરી ટીપ્સ અને સાતત્યપુર્ણ ટેસ્ટ લેવાની પદ્ધતિથી આ દરેક વિદ્યાર્થીઓ તૈયાર થઈ નીટની પરીક્ષા આત્મવિસ્વાસથી આપી હતી. જેનું અમને ધાર્યુ પરિણામ પણ મળ્યું છે.

આ તમામ વિદ્યાર્થીઓને વિદ્યાસંકુલના ચેરમેન કે.સી.પટેલે વિદ્યાર્થી તથા સ્ટાફ મિત્રોને અભિનંદન પાઠવી શુભકામનાઓ આપી હતી. ઉપરાંત ટ્રસ્ટી વિકાસભાઈ પટેલ, વિવેકભાઈ પટેલ, નરસિંહભાઈ પટેલ તથા વા.પ્રિ.હિતેન્દ્રભાઈ પટેલ તમામ વિદ્યાર્થીઓને સફળતા બદલ બિરદાવ્યા હતા.

## મડાલના સરપંચ...

**પાના નં.૮ ચાલુ**

બહોળી સંખ્યામાં એકઠા થયા હતા.જ્યાં આ ફરિયાદ ખોટી હોવાની તથા ઠાકોર અને દલિત સમુદાય વચ્ચે વેરભાવ ઊભો કરવાના ઈરાદાથી રાજકીય લાભ લેવા માટે ખોટી રીતે કરાવવામાં આવી હોવાનો સુર વ્યક્ત કરાયો હતો.તથા વર્તમાન સમયમાં સત્તા પર રહેલી સરકારના ઈશારે પોલીસ ચાલતી હોવાના આક્ષેપો કરી આવી ખોટી ફરિયાદો લેવાના બદલે સુપ્રીમ કોર્ટની કૉમેન્ટ મુજબ ઉચ્ચ અધિકારીઓની તપાસ કર્યા બાદ જ ફરિયાદ નોંધવી જોઈએ તેવી રજૂઆત વાળું આવેદનપત્ર રેલી સ્વરૂપે ભાજપ વિરોધી સૂત્રોચાર કરી થરાદ પ્રાંતમાં આપવામાં આવ્યું હતું. શિરસ્તેદાર રમેશભાઈ ગોહિલે આવેદનપત્ર સ્વીકારી ઉચ્ચસ્તરે મોકલી આપવાની ખાતરી આપી હતી. આ પ્રસંગે ઠાકોરસેના પ્રમુખ ભુરાજી ઠાકોર , શહેર પ્રમુખ વીરચંદજી ઠાકોર, મંત્રી અરજણજી ઠાકોર,થરાદ તાલુકા સદારામ યુવક મંડળના પ્રમુખ પ્રધાનજી ઠાકોર ભમરાભાઈ ઠાકોર તથા દલિત અગ્રણી તુલસીભાઈ ધુમડા, બાબુભાઈ ભાટીયા,રાશીભાઈ વરણ, પ્રવીણભાઈ સહિત બહોળી સંખ્યામાં ઠાકોર સમાજના યુવકો ઉપસ્થિત રહ્યા હતા.

## વાસણ (ધા)...

**પાના નં.૮ ચાલુ**

ધર્મપ્રેમી લોકો રોટલી, ગોળ ખવડાવતા હોય છે. જોકે, કોઈના ખેતરમાં ભેલાણ કરતી નથી. છતાં કોઈ નરાધમે ત્રણેય ગાયો ઉપર એસિડથી હૂમલો કરી ઈજા પહોચાડતાં ધર્મપ્રેમી જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ અંગે શિવજી મંદિરના મહંતશ્રી સુધાન્સુગીરી મહારાજે જણાવ્યું હતુ કે, ગાય ઉપર એસિડ ફેંકવા વાળા નરાધમોની શોધખોળ ચાલુ છે. જેમનો પત્તો મળે એટલે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## આકોલી ગામેથી...

**પાના નં.૮ ચાલુ**

જણ જુગાર રમતા હતા તેમાં કીર્તિજી સંગ્રામજી ઠાકોર.રહે. આકોલી દિપકકુમાર ગોગારામ સલાટ રહે પાલનપુર માનસરોવર હરિપુરા ૩ કાળુભા વાઘેલા રહે આકોલીને રૂા. ૫૩૫૦ રોકડા એક મોબાઈલ અને એક સ્વીફ્ટ ગાડી નં.GJ18AB.3360 ગાડી મળી કુલ ૧૦૫૯૫૦ રૂા.નો જુગાર ધારાની કલમો લગાવી કાયદેસર કાર્યવાહી કરી હતી.

## બનાસકાંઠામાં આકાશમાં ...

**પાના નં.૮ ચાલુ**

રહી છે. ચોમાસુ ખુબ ઝડપથી આગળ વધી રહ્યું છે. અને ચોમાસાનો માહોલ પણ જામતો જોવા મળી રહ્યા છે. બનાસકાંઠા જિલ્લો એ ખેતી પર મોટો મદાર રહેલો છે. ત્યારે આ વર્ષે પણ વરસાદ ખુબ સારો થાય તેવું દરેક જિલ્લાવાસીઓ ઈચ્છી રહ્યા છે. અત્યારે તો ખેડૂતો વરસાદનું આગમન થાય તે પહેલા ખેતીનો પાક ઝડપથી ખેડ કરી ખરીફ પાકની તૈયારીઓમાં લાગી ગયા છે. ત્યારે કુદરત પણ જિલ્લામાં વહેલી સવારે આકાશમાં જોવા મળતા કાળા ડિબાંગ વાદળોથી ટૂંક સમયમાં વરસાદના સંકેત આપી રહ્યા છે.

છેલ્લા બે મહિનાથી ઉનાળો આક્રમણ બન્યો હતો ૪૫ ડીગ્રી ઉપર તાપમાનનો પારો પહોંચી ગયો છે. જેથી આકાશમાંથી અગનગોળા વરસતા જોવા મળ્યા છે અને તેવા વાતાવરણમાં પ્રતિ અસહ્ય ગરમીથી ત્રાહીમામ પોકારી ઉઠી હતી. પણ ધીરે ધીરે વાતાવરણમાં બદલાવ જોવા મળી રહ્યો છે. જેમાં વહેલી સવારે આકાશમાં કોરામણ વળતાની સાથે હવામાં ભેજનું પ્રમાણ જોવા મળ્યું છે. જેથી પ્રિ - મોનસુન એકટીવીટી સક્રીય થયાનું જાણકારો જણાવી રહ્યા છે. અને હવે વાતાવરણે પણ ચોમાસુ નજીકમાં હોવાના અણસાર આપ્યા છે.

## બ્લેકમેઈલીગનો...

**પાના નં.૮ ચાલુ**

હત્યા કરવામાં આવી હતી. અને તેના મૃતદેહ ઉપરથી ગાડી પણ ફેરવવામાં આવી હોવાનો ઉલ્લેખ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ પાલનપુર રોયલ મેઘામાં રહેતી સંગીતાબેન જોષીએ ગત ૧૮-૫-૧૮ના રોજ ભૂજ ખાતે રહેતા નરસિંહભાઈ આત્મારામ અગ્રવાલને ફોન કરી તેણીના પિતાએ ભૂતકાળમાં નોકરી કરી હતી. જેમની તબિયત સારી ન હોવાથી મળવા માટે બોલાવે છે તેવું કહેતા નરસિંહભાઈ તા. ૧-૦૬-૨૦૧૮ના રોજ ગાંધીધામથી પોતાની ગાડી લઈને પાલનપુર- અમદાવાદ હાઈવે લક્ષ્મીપુરાના પાટીયા નજીક આવેલા સંગીતાબેન જોષીના ઘરે ગયા હતા. જોકે, તે વખતે તેણીના પિતા હાજર ન હતા. દરમિયાન જમતી વખતે સંગીતા જોષીએ અડપલા કરતાં ભયભીત બની નરસિંહભાઈ ત્યાંથી નીકળી ગયા હતા. જે બાદ બીજા દિવસે વિજયભાઈ હરગોવિંદ ભાઈ શિરવાડીયાએ તેમના ઉપર ફોન કર્યો હતો. અને ગઈકાલે તમે પાલનપુર જે છોકરીના ઘરે ગયા હતા. તેણે ઝેર પી લીધુ છે. આ કેસમાં ન આવવું હોય તો રૂપિયા ૩૫,૦૦,૦૦૦ની માંગણી કરી અવાર- નવાર ધમકી આપતો હતો. છેવટે ઈજ્જતના ડરે રૂપિયા ૮,૦૦,૦૦૦ લાખ ચૂકવવાનું નક્કી કર્યુ હતુ. જે બાદ દિયોદરના તેમના મિત્ર મયુરભાઈ ઠક્કરનો સંપર્ક કરી પાલનપુરના જયેશભાઈ ઠક્કર અને વકીલ દિપેશ ઘનશયામભાઈ વૈષ્ણવને પાલનપુરની ન્યુ રામઝૂંપડી ખાતે મળવા બોલાવ્યા હતા. જ્યાં રવિવારે સાંજે વાતચિત કરી બધા નીકળી ગયા હતા. જે દરમિયાન વકીલ દિપેશભાઈને રસ્તામાં માલણ ગામના લશકરભાઈ અનવરભાઈ મીર મળ્યા હતા. જોકે, જયેશભાઈ ઠક્કરનો ફોન આવ્યો હતો કે, વિજયભાઈ ન્યુ રામઝૂંપડી હોટલે મળવા આવે છે. તમે આવો આથી વકીલ અને લશકરભાઈ મીર હોટલે પહોચ્યા હતા. જેઓ ગાડીમાંથી નીચે ઉતરીને ઉભા હતા. તે વખતે વિજય શિરવાડીયાના કહેવાથી વિશાલ નામના શખ્સે રિવોલ્વરથી ફાયરિંગ કર્યુ હતુ. જેમાં એક ગોળી વકીલ દિપેશભાઈના માથા ઉપરથી નીકળી ગઈ હતી. જ્યારે બીજી ગોળી લશકરભાઈના ગળાના ભાગે વાગી હતી. તેમજ વધુ એક ફાયરિંગ કરી બંને શખ્સો ટેટ્ટ ગાડી નં. જીજે. ૨૪.કે ૮૩૦૦ રિવર્સ લઈ લશકરભાઈ ઉપર ફેરવી ફરાર થઈ ગયા હતા.

## ૫ જુન વિશ્વ પર્યાવરણ દિવસ

## પ્લાસ્ટિક બની રહ્યું છે પર્યાવરણ માટે વિનાશકારી

વિશ્વ પર્યાવરણ દિવસ એ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પૃથ્વીના પર્યાવરણના સંરક્ષણ અને સંર્વધન માટે ઉજવવામાં આવતો વૈશ્વિક દિવસ છે. જેને સમગ્ર દુનિયા પ્રતિવર્ષ એક મોટા ઉત્સવની જેમ ઉજવણી કરતી હોય છે. વર્ષ ૧૯૭૨માં ૧ સપ્ટેમ્બરના રોજ થી શરૂ થયેલ વિશ્વ પર્યાવરણ દિવસ શરૂઆતના સમયમાં ઓછી સ્વીકૃતિ ધરાવતો હતો. પરંતુ, સમય જતા તેની મહત્વતાને દુનિયાભરના લોકો સમજી અને સ્વીકારીને મોટા પ્રમાણમાં તેની ઉજવણી થવા લાગી. અને આજે વિશ્વભરનો કોઈ દેશ કે ખૂણો નહી હોય કે જ્યાં આ દિવસ ઉજવણી કરવામાં ન આવતી હોય. જો કે સંયુકત રાષ્ટ્ર આ ઉજવણી માત્ર ક્રિયાક્રમ ન બની રહે તે માટે દર વર્ષે કોઈ એક થીમ નક્કી કરતુ હોય છે. અને વર્ષ ૨૦૧૮ની થીમ છે 'પ્લાસ્ટિક પ્રદુષણ હટાવો'. જો કે આ વર્ષની બીજી વિશેષતા એ પણ છે કે વર્ષ ૨૦૧૮ના વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવા માટેનું યજમાન એ આપણો ભારત દેશ છે. તો ચાલો આજે પર્યાવરણના દુશ્મન એવા પ્લાસ્ટિક વિશે થોડું વિશેષ જાણીએ.

આમ તો પ્લાસ્ટિક શબ્દથી ભાગ્યેજ કોઈ અપરિચિત હશે. પરંતુ આ પ્લાસ્ટિક શબ્દએ ગ્રીક શબ્દ કે પ્લાસ્ટિક અને લેટીન શબ્દ પ્લાસ્ટિક પરથી લેવામાં આવેલો શબ્દ છે. જેનો અર્થ થાય છે કે જે વાળવામાં કે મોડવામાં સક્ષમ હોય. જો કે ગુજરાતમાં ગ્રામીણ ભાષામાં આ પ્લાસ્ટિકને ઝબલું તરીકે પણ કેટલાક લોકો ઓળખાતા હોય છે. આમ તો આ પ્લાસ્ટિક એક સમયે માનવજાતિ માટે વરદાનકારક ગણવામાં આવતું હતું. પરંતુ, આજે આ પ્લાસ્ટિકનો ઉપયોગ એટલી હદે વધી ગયો કે હવે આપણા માટે મુશ્કેલીકારક બની ગયું છે. વર્ષ ૧૯૦૯માં રસાયણ શાસ્ત્રના માધ્યમથી દુનિયામાં પ્રવેશેલો પ્લાસ્ટિક શબ્દ મૂળરૂપે બેકેલાઈટનું વર્ણન કરવા માટે ઉપયોગમાં લેવામાં આવ્યો. બેકેલાઈટએ વિવિધ રસાયણોથી બનેલું પ્રારંભિક પ્લાસ્ટિક હતું.જેની શોધ બેલ્જીયમના લીઓ બેકલેંડએ કરી હતી.જો કે આ સંપૂર્ણ કૃત્રિમ લાળ હતી. જેને ગરમ કરીને કોઈ નિશ્ચિત આકારમાં જ જળવાઈ રહે છે. તો તે લાળ ઠંડ થતા જેતે આકારમાં જ જળવાઈ રહે છે. જો કે ૧૯૩૩માં પોલીથીલીન સન્ક્ષેષણની આકસ્મીક અને પ્રથમ વ્યવહારિક પધ્ધતિની શોધ બાદ જ પ્લાસ્ટિકનો ઉપયોગ વિવિધ સ્વરૂપે માનવજીવન માટે શક્ય બન્યો. આજે માનવજીવનમાં બાળકો માટેના રમકડા, કરીયાણા માટે શોપીંગ બેગ, વિવિધ ચીજોના પેકિંગ સહિતના અનેક પ્રકારે રોજીંદા જીવનમાં ઉપયગો થવા લાગ્યો છે. એટલે કે આજે પ્લાસ્ટિક એ માનવજીવનનું એક અભિન્ન અંગ બની ગયું છે. માટે જ આજે પ્લાસ્ટિક ઉધોગ દૈનીક વિવિધ ઉપયોગમાં લેવાતી પ્લાસ્ટિકની ચીજવસ્તુઓને સરળતાથી ઉપલબ્ધ કરાવી રહ્યું છે. આમ પ્લાસ્ટિક સરળતાથી ઉપલબ્ધ હોવાની સાથે સાથે તેની કિંમત પણ સાવ નજીવી છે. જેથી તેનો ઉપયોગ આપને સૌ વધુમાં વધુ કરીએ છીએ. પ્લાસ્ટિક દિવસેને દિવસે એટલું લોકપ્રિય થઈ રહ્યું છે કે શરૂઆતના ૧૦ વર્ષના સમયમાં ઉત્પાદિત પ્લાસ્ટીકનું કુલ ઉત્પાદન જેટલું ઉત્પાદન આજે દરરોજ થઈ રહ્યું છે. તો વળી અંદાજે ૧૦૦ મિલિયન ટન પ્લાસ્ટિકનું ઉત્પાદન થાય છે. જેમાંથી હજારો ટન પ્લાસ્ટિક તો કચરા સ્વરૂપે આમતેમ જોવા મળે છે. આમ સરળતાથી ઉપલબ્ધ અને પ્રમાણમાં સસ્તું એવું આ પ્લાસ્ટિક આજે પ્રયાવરણના વિનાશ માટેનું કારણ બની ગયું છે અને આજના તબક્કે તો તેનું નિરાકરણ કરી શકે એવી કોઈ જ ફોર્મુલા આપણી પાસે નથી.

આપણે થોડા આંકડાઓ પર નજર કરીએ તો કદાચ આપણી આંખો ખુલી જશે. વર્ષ ૨૦૧૭-૧૮માં ભારતમાં જ સંગઠિત અને અસંગઠિત એવા બંને ક્ષેત્રોમાં મળીને પ્લાસ્ટિકનો ઉપયોગ લગભગ ૧૭.૮ મિલિયન મેટ્રિક ટન(એમ.એમ.ટી.) નોંધાયો છે. પ્લાસ્ટીકીયા ફાઉન્ડેશન નામની સંસ્થા અનુસાર ૨૦૨૦ સુધી ભારતમાં પ્લાસ્ટિકની જરૂરીયાત લગભગ ૨૦ મિલિયન મેટ્રિક ટન (એમ.એમ.ટી.) થવાની સંભાવના છે. હાલમાં ભારતમાં પ્લાસ્ટીક નિર્માણ માટે ૧,૧૩,૦૦૦ મશીનો કાર્યરત છે. જે આવનારા સમયમાં વધવાના છે. એટલે એ માત્ર ભારતમાં જ ૨૦૨૦ સુધી ૧,૮૦,૦૦૦ મશીનો કાર્યરત હશે. આગામી ૫ વર્ષમાં પ્લાસ્ટિકથી બનેલી વિવિધ વસ્તુઓની નીકાશનો આંકડો લગભગ ૭.૯ અબજ ડોલરથી વધીને અંદાજે ૧૫ અબજ ડોલર થવાની સંભાવનાઓ છે.

પ્લાસ્ટિક ખુબ જ લાંબા સમય સુધી ઉપયોગી થનારું ઉત્પાદન છે. જે સંભવિત રીતે અનેક વર્ષો સુધી ઉપયોગી બની રહે છે.તેમ તાં પણ આ અત્યંત હલકી અને સસ્તી સામગ્રી આપણા ઉપયોગ થયા બાદ કચરાના ઢગલાઓના મોટા પ્રમાણમાં મળે છે.જે ઢગલો સમય જતા પ્લાસ્ટિકનો જ મોટો અડ્ડો બની જાય છે. પ્લાસ્ટિકના કુલ ઉત્પાદનમાંથી વિવિધ સ્વરૂપે પેકેજીગ માટે લગભગ ૪૦% પ્લાસ્ટિકનો ઉપયોગ કરવામાં આવે છે. જેના પછી વિવિધ ગ્રાહકીય અને ઘરેલું સામાન માટે ૨૨.૪%, બિલ્ડીગ અને કન્ટ્રકશન માટે ૧૯.૭% મોટર વાહન માટે ૮.૯%, ઈલેક્ટ્રોનીક્શ માટે ૫.૮% અને ખેતી માટે ૩.૩% પ્લાસ્ટિકનો ઉપયોગ થાય છે. માત્ર પ્લાસ્ટિક બેગના નિર્માણ માટે જ સમગ્ર વિશ્વમાં ૫૦૦ અરબ પ્લાસ્ટિકનો ઉપયોગ કરવામાં આવે છે. જયારે પ્લાસ્ટિક બેગનો ઉપયોગ સરેરાશ કેટલીક મિનિટો માટે જ થાય છે. ત્યારબાદ તે મોટાભાગે કચરા સ્વરૂપે જોવા મળે છે. તો વળી આ પ્લાસ્ટિકની બેગ કે અન્ય વસ્તુને પૂર્ણપણે નાશ થવામાં લગભગ ૧૦૦૦ વર્ષ જેટલો સમય લાગી જાય છે.આમ આપણા ગ્રહ પર સૌથી સર્વવ્યાપ્ત અને લાંબા સમય સુધી અસ્તિત્વ ધરાવનાર વસ્તુઓમાં પ્લાસ્ટિક એક છે. જેના કારણે જ શહેરોના રસ્તાઓ, મોટા ગામડાઓમાં રસ્તાઓ, પબ્લિક પાર્ક, ટ્રેકિંગ વાળા પર્વતો, દરિયા કિનારા તેમજ પર્યટન સ્થળ પર પ્લાસ્ટિકનો કચરો જોવા મળવો એ હવે સામાન્ય વાત થઈ ગઈ છે.એટલે કે પૃથ્વી પરની એવી કોઈ જગ્યા નથી કે જ્યાં માણસ હોય અને ત્યાં પ્લાસ્ટિક કચરો ન હોય **ક્રમશઃ**

**ડૉ.નીતા ખંડેલવાલ, ડૉ. હરીશ ગુપ્તા, હસુમતી શાસ્ત્રી, ડૉ. પ્રજ્ઞા દશોરા (દાંતીવાડા)**

## સૌરભ...

**અનુસંધાન ૫ નું ચાલું**

જીવનમાં સુખશાંતિ મેળવવા માટે ફાંફા મારવાના બદલે થોડી શાંતિ માટે મહેનત કરવાના બદલે આપણે અખંડ અને અવિનાશી શાંતિ મેળવવા જીવનમાં રહેલી કુટેવો, અવગુણોની આહુતિ આપી દઈએ.

વર્તમાન સમયે પ્રભુ પિતા પરમાત્માએ પણ આ ધરા પર આવીને રૂદ્રજ્ઞાન યજ્ઞ રચ્યો છે. જેમાં આપણે સહુ વિકારોની આહુતિ આપી દઈએ તો જીવન સુખ શાંતિમય પવિત્ર બની જશે.

યજ્ઞમાં બેઠેલા યજમાન યજ્ઞ દરમિયાન વ્રત રાખતા હોય છે. યજ્ઞમાં પવિત્ર ભોજનનું વ્રત રાખવામાં આવે છે. યજ્ઞ પુરો થયા પછી જ ભોજન ગ્રહણ કરી શકે છે. આપણું જીવનયજ્ઞ છે આપણે જે સંકલ્પો લઈને જીવનયજ્ઞની શરૂઆત કરીએ છીએ તેને દ્રઢતા સાથે પૂર્ણ કરીએ. આજીવન વ્રત લઈએ, જીવનયજ્ઞ છે તો વ્રતને પણ નિભાવીએ.

યજ્ઞમાં બ્રાહ્મણ જોઈએ છે. આપણા જીવન યજ્ઞના રક્ષક બ્રાહ્મણ પણ આપણે જ બનવાનું છે. મહાન કર્મથી બ્રાહ્મણ બની અને આપણી કમી કમજોરી રૂપી હવન સામગ્રીને રોજ શ્વાહા કરી જઈએ. આપણે કરેલા શ્રેષ્ઠ સંકલ્પોને ટકાવી રાખવા દ્રઢતા આપીએ અને બ્રાહ્મણની જેમ યજ્ઞમાં જીવનને શુદ્ધ પવિત્ર બનાવવાનો સંકલ્પ કરીએ.

**બી.કે. નીતાબેન**

## ચિંતન...

**અનુસંધાન ૫ નું ચાલું**

વર્ષોથી અહેવાલ પ્રસિદ્ધ થાય. નીગમના ચેરમેન-ડીરેકટરો સંગઠનના હોદ્દેદારો જલસા કરે તો કેટલાય કર્મચારીઓ, નોકરી કર્યા વગર જે પગાર ભથ્થાં ખાય છે કોણ બોલે ? આવું બધા ખાતામાં થઈ ગયું છે. લોકશાહીમાં જાગૃતિ લાવવા શિક્ષણનું સ્તર સુધારવું કેન્દ્ર રાજય સરકાર દ્વારા પ્રયત્ન થાય છે. ધો.૮ સુધી મફત શિક્ષણની ઘોષણાને માધ્યમિકમાંથી અપર પ્રાથમિકમાં ધો.૮ નેલઈ જઈ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત મફત શિક્ષણ આપવાની પહેલ હવે બીજી તરફ જુઓ ગુજરાત સહિતના તમામ રાજયોમાં કે.જી. જુનીયર, સીનીયર બાલમંદિરથી માંડીને ધો.૧ થી ૮ ની ખાનગી હાટડીઓ એટલી બધી સરકાર દ્વારા ખોલાવવામાં આવી ને તેમાં વાલીઓને વિદ્યાર્થીઓની બેફામ લુંટ ચાલે છે. નાના ભુલકાંની સ્વતંત્રતા ઉપર તરાપ જેમાં શક્તિ સ્વરૂપાનું યોગદાન બહુ મોટું છે. પતિદેવોની ઉપરવટ જઈને પોતાનો પરિવાર સુધરેલો છે તેવું સાબિત કરવા ઉંચી ફી વાળી શાળાઓમાં ને તેમાંય અંગ્રેજી માધ્યમની શહેરની શાળા પસંદ કરવાની નાના નગર કે ગામડામાંથી આ બહાના હેઠળ ભાડે મકાન રાખીને શહેરમાં રહેવા જવાનું ભલે ને બાપડો પતિને વૃદ્ધ માબાપ જ્યાં ત્યાં ઠોકર ખાતા હોય . કોઈ દલીલ કરે તો ફટાકડી ફટ દઈને ફુટે અમારાં છોકરાનું ભવિષ્ય તો જુવાનું છે. તમારા ભાઈ કંઈ ભણ્યા નથી તો આ ગામડે રીબાવવું પડે છે. છોકરાં ભણે એટલે સારૂં હવે ઘરમાં મુશ્કેલીએ સર્જાય કે ઝડપી ફુટતી ફટાકડી બે પાંચ ચોપડી માંડ ભણેલી હોય ને 'અંગ્રેજી' વર્ડ વધુ ઉપયોગ કરતી તેના સંતાનોને બિચારી કાગળે શું ભણાવે ને તેમના અંગ્રેજીમાં માહેર થતા માનસના ઉદ્ભવતા સવાલોના જવાબો આપી પણ શું શકે ? વાચક મિત્રો આ વ્યથા ઘણા પરિવારની છે. આપણે આપણી જ વાતું કરીને મનથી હળવા થવું છે. ચિંતન સાચું કરી દિવ્યજયોત પ્રગટાવવા પ્રયત્ન કરીએ, શાળા કોલેજોમાં વાલીઓની રીતસરની ઉઘાડી લુંટ ચાલે ખોટા ખોટા સિદ્ધિનાં ગ્રાફ બતાવી આપણે બધું સમજતા હોવા છતાં મને કમને લુંટાઈએ તો છીએ જ મોબાઈલ ઈન્ટરનેટના ઝડપી હાઈફાઈ સ્પીડના હવામાનમાં બાળકોને ભણવું નથી તો સામે શિક્ષકોને ભણાવવું એ કયાં છે ? ધો. ૧ થી ૯ ના બાળકોનું સાચું ગુજરાતી, હિંદી વાંચતા એ આવડતું નથી. ગણિત-વિજ્ઞાન-અંગ્રેજી વિષયની વાત જ શુ કરવી ? ધો.૧૦ અને ધો.૧૨ બોર્ડની પરીક્ષા જો સાચી રીતે લેવામાં આવે તો શિક્ષણના સ્તરની પોલ ખુલ્લી પડે તેવી હાલત છે. ગણિતનું પેપર અઘરૂં નીકળ્યું, અંગ્રેજીમાં કોર્સ બહારનું પુછાયું પ્રીન્ટ ઈલેકટ્રોનિક મીડીયામાં થોડો ઉહાપોહ કરવાનો ને પરીણામ જે નીચું આવે તેવી શકયતા દેખાય છે. તેને ધ્યાનમાં રાખી ધો. ૧ થી ૯ ની જેમાં ધો.૧૦ અને ધો.૧૨ માંયે કુદડી મારીને પાસ કરી નાખોને આ વર્ષે ધો.૧૨ માં ગુજરાતી અંગ્રેજી વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થીઓની સંખ્યા વધુ છે. ફરજીયાત અંગ્રેજી વિષય વિદ્યાર્થી મન-મગજમાં કયારે ઉતરશે ? હજુ ગુજરાતના છોકરાને ગુજરાતી જ નથી આવડતું ત્યાં ? ? વેકેશન અંતિમ તબક્કામાં છે. શાળા કોલેજોમાં પ્રવેશોત્સવનો માહોલ સર્જાયેલો છે. યુનિફોર્મ આઈકાર્ડ ને ફીના નામે લુંટખોરી પછી બીજું તરકટ ઉભું થશે. અત્યારે અહીં અટકીએ નહીંતર પેટ્રોલ ડીઝલની જેમ બોલપેનની શાહીના ભાવમાં પણ વૃદ્ધિ થઈ જશે. અહીં કોણ કોને પુછે છે ?

**.યશપાલસીંહ ટી. વાઘેલા મો.૯૪૨૮૬૭૮૬૯૯**

## શ્રધા અને સંસ્કાર...

**અનુસંધાન ૫ નું ચાલુ**

મારે કોની સહાયતા લઈને મારા સ્વસ્થાને પહોંચવું ?

મહાત્માએ વધુ વાર્તાલાપ ટાળીને કહ્યું : દિકરી ! તું અહીં થોડેક જ દુર દત્તપુર નામે નગર છે. ત્યાંના રાજા તને જરૂર સહયોગ કરશે. તું મારી પાછળ ચાલી આવ. હું તને માર્ગ સુધી મુકવા માટે આવું. ત્યાગવૃત્તિના અવતાર સમાએ મહાત્મા નતદ્રષ્ટીએ આગળ વધ્યા. પદ્માવતી ત્યાગપુંજ સમા મહાત્માના સાનિધ્યમાં ખુબ જ સ્વસ્થ બની પાછળ ચાલી.

નગરનો માર્ગ આવી જતાં પોતાનું કર્તવ્ય સમાપ્ત થતાં સંત પદ્માવતીને આશીર્વાદ આપી પાછા વળ્યા.

પદ્માવતી રાણી નગરના માર્ગે આગળ વધી. દત્તપુર નગરના પ્રવેશદ્વારે જ સાધ્વીજી ભગવંતો મળી જતાં પદ્માવતી તેમની સાથે ઉપાશ્રયમાં પહોંચી. 'મત્થએણ વંદામી' કહી મુખ્ય સાધ્વીજીને વંદન કર્યા. ધર્મલાભનો આશિષ આપી સાધ્વીજી ભગવંતે તેની બધી મનોવ્યથાને છેદી દીધી.

મધુર સ્વરે મિત શબ્દોમાં અમિત ઉપદેશ આપ્યો, શ્રાવિકા ! સુખ હંમેશાં સહુને સોહામણું લાગે છે, જ્યારે દુઃખ બિહામણું લાગે છે. ઈચ્છા છે સદૈવ સુખની, પણ દુઃખ તેનો સથવારો છોડતું નથી. સુખ તરફની નજર ઉઠાવી મધ્યસ્થતા પૂર્વક જીવન જીવવામાં આવે તો સુખ તેનો સોનેરી સંગાથ કયારેય છોડશે નહીં.. વાસ્તવમાં સંયમિત જીવનમાં સાચું સુખ છે.

સાધ્વીજી ભગવંતની દુઃખ વિદારક વાણી સાંભળીને પદ્માવતીના મનમાં વૈરાગ્યનો તેજસ્વી દીપ પ્રગટી ગયો. આમેય સંસારના સુખોની અનિત્યતા અને દુઃખોની ભીષણતાનો અનુભવ તો તેને થઈ ચુકયો હતો.

સાધ્વીજી ભગવંત પાસે રાણીએ સંયમ જીવન અર્પણ કરવાની પ્રાર્થના કરી. મહત્તરા સાધ્વીજીએ તેની યોગ્યતાની પરખ કરીને સંયમ જીવનનું દાન કર્યું. પદ્માવતીએ શરમને કારણે પોતાના ગર્ભની વાત ન કરી. એક દિવસ તો તેણે ગુરૂણીને વાત કરવી જ પડી. ગુરૂણીએ પણ સાચી પરીસ્થિતિને જાણીને ખુબ જ ગંભીરતાપુર્વક આ સમસ્યાને પાર પાડવા માટે દ્રઢધર્મી એક શ્રાવિકાને વાત કરી. શ્રાવિકાએ પણ શાસનની નિંદા ન થાય તેવી રીતે પોતાના ઘરમાં ગુપ્ત સ્થાનમાં બાળકનો પ્રસવ કરાવ્યો.

સાધ્વીજી પણ ગુપ્ત રીતે તે પુત્રને લઈને સ્મશાનમાં આવી. પુત્રને ભૂમિમાં મુકી દીધો અને તે ગુપ્ત રીતે બાળકને કોણ લઈ જાય તે જોવા લાગી. સ્મશાનમાં રહેતો ચંડાલ બાળકને દેખીને નજીકમાં આવ્યો. નવજાત તથા રૂપવાન બાળકને દેખીને તે ખુબ જ રાજી થઈ ગયો. બે હાથથી તે બાળકને ઉઠાવીને આનંદ પામતો આગળ વધ્યો. પદ્માવતી સાધ્વીજી પણ આથી સંતોષ પામી. ગુરૂણી પાસે આવી અને કહ્યું, ગુરૂણી ગર્ભ મૃત હતો, આથી તેને જંગલમાં મુકી દીધો છે..

**પં.રાજપદ્મ વિજયજી**

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૫૦૦-૪૦૦૦૦**
રૂપુ કાચું **૩૯૫૦૦-૪૦૦૦૦**
સોનુ તોલો ૩૧૩૦૦-૩૧૭૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૨૧૦**
પામોલીન ૧૨૧૦
સોયા રીફાઈન ૧૪૧૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૪૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૭૦-૧૫૦૦**
સીંગતેલ ૧૫ લી.૧૩૮૦
**સીગતેલ ૫ લી. ૪૫૦-૪૫૫**
તિરૂપતી કપા. ૧૩૫૦
૫ લીટર ૪૩૨
વનસ્પતિ ઘી ૧૦૪૦-૧૨૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૪૬૫
**૧૫ લીટર સનફલાય ૧૩૧૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૪૦૫
૨ લી. ૧૬૭
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦

ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦

દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૪૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૦૦૦-૩૦૫૦**
**ખાંડ એમ. ૨૯૫૦-૩૧૦૦**
ખાંડએલ. ૩૨૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી.

૪૮૦૦
વડેચા ૧ કી.
૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૪૨૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૧૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા. ૫૭૦
**પરચુરણ**
સોજી ૮૦૦
મેંદો ૭૮૦
શ્રીફળ એમ. ૧૪૨૫
નિરમા સાબ ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૨૦૦
ખાંડ બુરૂ ૩૫૦૦
કોકમ ફુલ ૧૫૦
એલચી ૯૦૦-૧૦૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૮૦-૧૦૦
સુકી ડુંગળી ૧૮૦-૨૦૦
લસણ ૫૦૦-૬૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીબુ ૭૦૦-૧૦૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૫-૯૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૪૦૦
**ભીંડા ૨૮૦-૩૦૦**
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૯૦૦-૧૦૦૦
ટીંડસા ૫૦૦-૮૦૦
ગવાર ૫૦૦-૬૦૦
બાદશાહ બટાકા ૩૪૦-૪૦૦
**સાંગા બટાકા ૨૦૦- ૨૪૦**

## પાટણ યુનિ. દ્વારા સેમીસ્ટર ૬ ની ૧૯ જુલાઈએ પૂરક પરિક્ષા થશે

પાટણ

હેમ. ઉત્તર ગુજરાત યુનિ. પાટણના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ૧ થી ૫ સેમેસ્ટર પાસ હોય અને સેમ - ૬ માં નાપાસ હોઈ તેવા વિદ્યાર્થીઓની પૂરક પરિક્ષા આગામી ૧૯ જુને લેવાનો નિર્ણય કરવામાં આવતા ૧૦ થી ૧૫ હજાર નાપાસ વિદ્યાર્થીઓ પરિક્ષા આપી શકશે. યુનિ.ના કુલપતિ ડો.બી.એ. પ્રજાપતિ અને સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં ૧ થી ૫ સેમસ્ટર પાસ હોય અને માત્ર સેમ - ૬ માં નાપાસ હોય તેવા વિદ્યાર્થીઓનું મહત્વ એક વર્ષ ન બગડે તે માટે યુનિ. ના ઈતિહાસમાં સૌ પ્રથમવાર સેમ - ૬ માં નાપાસ વિદ્યાર્થીઓની આગામી ૧૯ જૂનના રોજ પરિક્ષા લેવાનો નિર્ણય લેવામાં આવતા ચાલુ સાલે સેમ. ૬ માં નાપાસ થયા હોય તેવા તેમજ જૂના વિદ્યાર્થીઓ મળી ૧૦ થી ૧૫ હજાર વિદ્યાર્થીઓને પરિક્ષા આપવાની તક મળશે.

**આજથી પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ**

## જિલ્લામાં પ્લાસ્ટીકનો વપરાશ બંધ થાય સપ્તાહ દરમિયાન ઝુંબેશ હાથ ધરાશે

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાને પ્લાસ્ટિક મુકત બનાવવાના અભિયાન સાથે સમગ્ર જિલ્લામાં આજથી તા. ૫ થી ૧૧ જુન સુધી સાબરકાંઠાજિલ્લામાં પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાનની ઉજવણી કરવામાં આવશે. જેમાં જિલ્લાની છ નગરપાલિકા બે ગ્રામ પંચાયતોમાં સ્વચછતા ઝુંબેશને લગતા લોક જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાંઆવશે તા. ૫ જૂનના રોજ હિંમતનગરના સવારે ૭ કલાકે શહેરના ટાવર ચોકથી પ્રારંભ થઈ સહકારી જીન ચાર રસ્તા, મોતીપુરા, મહેતાપુરા,વિજાપુર રોડ સહિતના શહેરના એન્ટ્રી પોઈન્ટથી પસાર થઈ લોકજાગૃતિની શરૂઆત કરવામાં આવશે. કાર્યક્રમના પ્રારંભે સ્વચ્છતા એમ્બેસેંડર, સ્વચ્છતા આગ્રહી અગ્રણીઓ, નાગરીકો,મહાનુભવો, ચુંટાયેલા પ્રતિનિધીઓ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓને જોડવામાં આવશે. સપ્તાહ દરમિયાન શહેર-ગામના પ્રવેશદ્વાર, જાહેર સ્થળો, મુખ્ય બજારો, ધાર્મિક સ્થળો, શાકભાજી બજાર, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેન્ડ, રીક્ષા સ્ટેન્ડ, હોટલો, દુકાનો, લારી-ગલ્લા અને મુખ્યમાર્ગોની સાફ-સફાઇ તથા પ઼લાસ્ટીક એકત્રિત કરવામાં આવશે. તેમજ નદી કોઝવેની પણ સ્વચ્છતા માટે વિશેષ કામગીરી કરવામાં આવશે. હિંમતનગર શહેરમાં પ્લાસ્ટિક બેગના ઉત્પાદકો, વિતરકો રીટેઈલરો અને અન્ય દુકાનદારોને જોડીને શહેરને પ્લાસ્ટીક મુક્ત બનાવવા પર વર્કશોપમાં જાણકારી આપવામાં આવશે. આ ઉપરાંત સ્થાનિક ચેનલ, પોસ્ટર, ભીતસૂત્રો અને પત્રિકાઓ તેમજ નાટકો દ્વારા લોક જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવશે.

## રાધનપુરમાં રોટરી ક્લબ દ્વારા માર્ગદર્શન શિબિર યોજાઈ


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુરમાં હિંમતવિદ્યાનગર ખાતે રોટરી ક્લબ દ્વારા ધો.૧૦ અને ૧૨ માં પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે કેરિયર માટે માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું,ખેરવાની ગણપત યુનિવર્સીટીના વક્તાઓ એચ.એ.પટેલ અને રજની પટેલ દ્વારા સવિસ્તાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ શિબિરમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે રોટરી ક્લબના હોદ્દેદારો અને સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## સગીરાના અપહરણ કેસમાં છ સામે પોલીસમાં ફરિયાદ

પાટણ

બાલીસણામાં સગીરાનું લગ્નની લાલચે અપહરણ કેસમાં છ જણા સામે ફરિયાદ નોંધાવી છે, પાટણ તાલુકાના બાલીસણા ગામે રહેતી એક સગીરાનું એક યુવક દ્વારા લગ્નની લાલચ આપી અપહરણ કરી ભગાડી લઈ જતાં સગીરાના વાલીએ બાલીસણા પોલીસ સ્ટેશનમાં છ જણા સામે ફરિયાદ નોંધવી છે. જેમાં ઠાકોર ભૂપતજી (રહે.ડેર) ઠાકોર ટીનાજી અમરાજી, ઠાકોર રંગુજી પ્રવિણજી, વણઝરા સતીષજી અભુજી, ઠાકોર વબાજી બાબુજી તથા ઠાકોર અમરાજી કરસનજી સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **ધાનેરા** | જુવાર | ૫૬૫-૭૩૦ |
| ઘઉં | ૩૧૮-૩૫૨ | રજકો | ૨૧૦૦-૨૪૯૦ |
| બાજરી | ૨૪૩-૨૬૦ | ચીકુડી | ૧૨૮૨-૧૨૯૫ |
| ગવાર | ૬૭૦-૬૯૦ | મેથી | ૫૨૦-૫૪૧ |
| રાયડો | ૬૫૦-૭૨૮ | | **સિધ્ધપુર** |
| એરંડા | ૭૬૦-૭૭૬ | વરીયાળી | ૧૩૧૮ |
| મેથી | ૬૧૮ | રાયડો | ૬૬૭-૭૨૦ |
| સુવા | ૮૮૬-૯૪૪ | એરંડા | ૭૩૦-૭૮૫ |
| વરી. | ૧૧૧૬-૧૪૦૦ | અસાલીયો | ૬૬૧ |
| ઈસ. | ૧૦૦૦-૧૪૦૫ | ગવાર | ૬૮૮ |
| રાજગરો | ૯૧૦-૧૦૨૬ | ઘઉં | ૩૧૧-૪૩૯ |
| અજમો | ૯૫૦-૧૦૭૦ | જુવાર | ૫૬૧-૭૪૫ |
| અસાળીયો | ૭૯૫ | બાજરી | ૨૨૯-૨૫૮ |
| ચીકુડી | ૧૨૪૦-૧૩૩૨ | સવા | ૮૪૧-૮૯૨ |
| રજકો | ૨૦૧૧-૨૪૧૧ | જવ | ૨૭૦ |
| ર.બાજરી | ૩૮૧-૪૧૧ | | **પાટણ** |
| જીરૂ | ૨૭૪૪-૨૯૧૧ | જીરૂ | ૧૫૦૦-૨૮૬૯ |
| | **ભીલડી** | વરીયાળી | ૯૦૦-૧૪૭૦ |
| એરંડા | ૭૫૦-૭૭૩ | મેથી | ૪૨૦-૬૦૦ |
| રાયડો | ૬૯૦-૭૧૫ | સુવા | ૬૫૦-૯૩૨ |
| રાજગરો | ૧૦૫૯ | રાયડો | ૬૫૦-૭૬૬ |
| બાજરી | ૨૪૦-૨૬૫ | એરંડા | ૭૬૦-૭૮૩ |
| ઘઉં | ૩૧૬-૩૪૫ | ઈસ. | ૧૦૭૧-૧૧૮૬ |
| મગફળી | ૭૫૧ | અજમો | ૪૪૦-૧૨૭૦ |
| | **થરા** | ઘઉં | ૩૨૮-૩૮૦ |
| જીરૂ | ૨૪૫૦-૩૧૬૪ | બાજરી | ૨૨૫-૨૬૩ |
| એરંડા | ૭૫૫-૭૮૪ | જવ | ૩૦૧ |
| રાયડો | ૭૧૦-૭૩૦ | જુવાર | ૬૩૩ |
| ઘઉં | ૩૨૪-૩૯૬ | રજકો | ૧૬૨૧-૨૬૬૦ |
| બાજરી | ૨૩૭-૨૬૭ | ચીકુડી | ૧૦૫૦-૧૩૪૬ |

## ઉનાવામાં જાહેર માર્ગો પર અને પડતર જમીનો પર દબાણોનો રાફડો

ઉંઝા

ઉનાવામાં જોર માર્ગો તથા પડતર જમીન ઉપર આડેધડ ગેરકાયદે દબાણના રાફડાના કારણે ટ્રાફિક સહિત અનેક સમસ્યાઓ ફૂલી ફાલી છે, તળાવ પાસે ગેરકાયદે કેબીનોને કારણે વરસાદી પાણીના માર્ગો બંધ થઈ ગયા છે, મામુશાહની દરગાહથી મીરાદાતાર સુધી જાહેર રસ્તા ઉપર પણ લાટીવાળાઓએ દબાણો ઉભા કરતા રસ્તો બ્લોક થતાં ટ્રાફિક સમસ્યા ગંભીર બની છે.

ઉંઝા તાલુકાના જાણીતા યાત્રાધામ ઉનાવામાં પવિત્ર મીરાંદાતારની દરગાહે હજારો યાત્રાળુઓ દર્શનાર્થે આવે છે. ત્યારે દરગાહની આસપાસ ગેરકાયદે દબાણોના કારણે પીક વનર્સમાં મોટેભાગે ટ્રાફિકની સમસ્યા ગંભીર બની છે. યાત્રાળુઓના વાહનોના પાર્કિંગ માટે પણ કોઈ સુવિધા જણાતી નથી. જાહેર રસ્તાઓ પર કેબીનોનું દબાણ છતાં તંત્ર ચુપ છે, થોડાક વર્ષ અગાઉ તંત્ર દ્વારા દૂર કરવામાં આવેલા દબાણો આજે પુનઃ યથાવત બની ગયા છે.

ઉનાવામાં આવેલા ગેસ્ટહાઉસો પૈકી મોટા ભાગના ગેસ્ટ હાઉસોમાં પાર્કિંગની કોઈ વ્યવસ્થા નથી. તંત્ર દ્વારા તપાસ ચલાવવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

## પાટણ જિલ્લા.માં રોજગાર કચેરી દ્વારા નોંધણી કેમ્પબનું આયોજન

પાટણ

જિલ્લા રોજગાર કચેરી, પાટણ દ્વારા પાટણ જિલ્લાંમાં વિવિધ તાલુકા મથકોએ નામ નોંધણી, રીન્યુ અલ અને વ્ય.વસાય માર્ગદર્શન કેમ્પાનું આયોજન કરવામાં આવેલ છે. રોજગાર વાંચ્છુંક ઉમેદવારોની નામ નોંધણી, રીન્યુઅલ અને વ્ય વસાય માર્ગદર્શન કેમ્પ તા. ૦૬ જુન-૧૮ના રોજ તાલુકા પંચાયત કચેરી, હારીજ ખાતે, તા. ૦૯ જુન-૧૮ના રોજ ગ્રામ પંચાયત કચેરી, સમી ખાતે, તા. ૧૨ જુન-૧૮ના રોજ તાલુકા પંચાયત કચેરી, સિધ્ધપુર ખાતે, તા. ૧૪ જુન-૧૮ના રોજ તાલુકા પંચાયત કચેરી, ચાણસ્મા ખાતે, તા. ૧૭ જુન-૧૮ના રોજ ગ્રામ પંચાયત કચેરી, સાંતલપુર ખાતે, તા. ૨૨ જુન-૧૮ના રોજ તાલુકા પંચાયત કચેરી, રાધનપુર ખાતેઅને તા.૨૯ જુન-૧૮ના રોજ ગ્રામ પંચાયત કચેરી, વારાહી ખાતે યોજવામાં આવશે.

જો જાહેર રજા હોય તો તે પછીના દિવસે નામ નોંધણી કેમ્પન યોજાશે. નામ નોંધણી માટે આવનાર ઉમેદવારોએ એલ.સી. તથા જો અનામત જાતિમાં આવતા હોય તો સક્ષમ અધિકારીશ્રીનો જાતિનો દાખલો તથા શૈક્ષણિક લાયકાતના તમામ અસલ પ્રમાણપત્રો તથા પ્રમાણિત કરેલ તમામ પ્રમાણપત્રોની ઝેરોક્ષ નકલ તથા પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફસ અને ઇ-મેઈલ આઈડી બનાવી સાથે લાવવા જિલ્લો રોજગાર અધિકારીશ્રી, પાટણની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## ૭થી ૪૭ વર્ષના ૪૧ ટ્રેકર્સોએ ૪ દિવસમાં દુર્ગમ વિસ્તારમાં ૫૮ કિમી અંતર કાપ્યું

મહેસાણ

મહેસાણાની અરાવલી એડવેન્ચરસના કૈલાસ જાની અને પરિક્ષિત આચાર્ય દ્વારા તાજેતરમાં ઉત્તરાખંડના ૧૧૭૨૫ ફૂટની ઊંચાઈ ધરાવતા હર-કી-દુનના દુર્ગમ વિસ્તારમાં ટ્રેકિંગનું આયોજન કરાયું હતું. જેમાં મહેસાણા, ગાંધીનગર અને કલોલ તાલુકાના ૭થી ૪૭ની વયના ૪૧ ટ્રેકર્સોએ ભાગ લીધો હતો. આ ટ્રેકિંગમાં ૯ વર્ષિય હેત આચાર્ય અને ૧૪ વર્ષીય આર્નવ ચૌધરીએ ૧૩ હજાર ફૂટની ઊંચાઈ ધરાવતા મનિદ્રા તાલું પર્વતને સર કર્યો હતો. તમામ ટ્રેકર્સએ ૪ દિવસમાં ૫૮ કિલોમીટરનો દુર્ગમ વિસ્તાર સર કર્યો હતો.

ટ્રેકિંગના પ્રથમ દિવસે જ પથ્થર પરથી મારો પગ લપસ્યો હતો અને પગમાં સ્ક્રેપ પડી ગયો હતો.

મારા માટે એ સમયે ઉભા રહેવું પણ મુશ્કેલ હતું. પરંતુ મારાથી નાની ઉંમરનાં સાથી મિત્રોની હિંમત જોઈ મારી હિંમત વધી અને મેં ટ્રેકિંગ પૂર્ણ કર્યુ.દિલ્હી પહોંચતાં જ એક પગે ઈજા થઇ હતી. પગ સૂજી ગયો હતો. તેમ છતાં ટ્રેકિંગ ચાલુ રાખ્યું તો સતત ચાલવાથી દુ:ખાવો પણ વધી ગયો હતો. હર-કી-દુનથી પાછા ફરતી વખતે બંને પગના અંગુઠાના નખ ખેંચાઇ ગયા હતા. પણ સાથી મિત્રોની હિંમત જોઈ ટ્રેકિંગ પૂર્ણ કર્યું.

## રાધનપુરમાં ભારતીય આર્મીમાં આહીર રેજિમેન્ટનું નિર્માણ કરવા આવેદન અપાયું

રાધનપુર

રાધનપુરમાં આહીર સમાજના અગ્રણીઓ અને યુવાનો દ્વારા પ્રાંત કચેરીએ આવેદનપત્ર સુપરત કરીને ભારતીય આર્મીમાં આહીર રેજિમેન્ટનું નિર્માણ કરવા રજુઆત કરવામાં આવી છે.દેશના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, રક્ષામંત્રી અને મુખ્યમંત્રીને સંબોધીને લખેલા આ આવેદનપત્રમાં જણાવ્યા મુજબ આપણા દેશની સેનાથી મોટી કોઈ દેશભક્તિ નથી,તો આપણી સેનામાં જાતિવાદ શા માટે..?? પ્રાચીન કાળથી જયારે પણ દેશને રક્ષાની જરૂર પડી છે ત્યારે આહીર( યાદવ ) કોમે બલિદાન આપ્યા છે.દેશની દરેક મહત્તમ લડાઈમાં યાદવ સૈનિકોનો મહત્વનો ફાળો રહ્યો છે. ૧૮૫૭ની ક્રાંતિથી ૧૯૬૧માં ગોવા લિબરેશન,૧૯૬૨માં ચીન સામે યુદ્ધ, ૧૯૬૫માં હાજીપીર, ૧૯૬૭માં નાથુલા,૧૯૭૧માં જેસલમેર, ૧૯૭૮માં બડગામનો મોરચો,૧૯૮૪માં ઓપરેશન મેઘદૂત,૧૯૮૭માં શાંતિ રક્ષક સેનાની ભૂમિકા શ્રીલંકામાં એલ.ટી.ટી.ઈ.સામે યુદ્ધ, ૧૯૯૯માં કારગિલ,૨૦૦૧માં સંસદ હુમલો, અક્ષરધામ હુમલામાં, ૨૦૦૮માં મુંબઈ હુમલા વગેરે જેવા યુદ્ધોમાં આહીર (યાદવ) સૈનિકોનો અહમ ફાળો છે. તો પછી બીજી કોમની જેમ આપણી આર્મીમાં આહીર રેજિમેન્ટ શા માટે નથી..?? અમારી કોમના આટલા શોર્ય હોવા છતાંય આહીર રેજિમેન્ટ નથી.


કમલ ચક્રવર્તી

૧૯૯૯માં કારગિલ યુદ્ધ વખતે ઈન્ડિયન આર્મીના ગ્રેનેડિયર યોગેન્દ્રસિંહ યાદવે સૌથી નાની વયે હયાત પરમવીર ચક્ર મેળવેલ હતો,૧૯૬૨ના યુદ્ધમાં કુમાઉ રેજિમેન્ટની આહીર કંપનીએ ૧૧ સેના મેડલ મેળવ્યા હતા.આવા અનેક પરાક્રમો હોવા છતાંય આહીર રેજિમેન્ટ શા માટે નથી..?? માટે ઝડપથી આર્મીમાં આહીર રેજિમેન્ટની સ્થાપના કરવામાં આવે તે માટે આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. જો ટૂંકસમયમાં આહીર રેજિમેન્ટની સ્થાપના કરવામાં નહિ આવે તો આહીર એકતા મંચ,સમગ્ર આહીર (યાદવ) સમાજ દ્વારા ગાંધીચીધ્યા માર્ગે દેશવ્યાપી આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારવામા આવી હતી.અને જણાવ્યું હતું કે અમારે આહીર રેજિમેન્ટ દેશભક્તિ માટે જોઈએ છે,આહીર રેજિમેન્ટ અમારો હક્ક છે. આ પ્રસંગે વઢિયાર આહીર સમાજના પ્રમુખ બાબુભાઈ આહીર (ધોળકડા) રાધનપુર-સાંતલપુર આહીર એકતા મંચના પ્રમુખ ગીરીશ ભાઈ આહીર (મોટીપીપળી) અને બાબુભાઈ આહીર (બકુત્રા), રામભાઈ આહીર (એ.બી.વાય.એમ.), વાલાભાઈ આહીર, સામંત માસ્તર, કનુ માસ્તર,રાયમલ માસ્તર, સવજીભાઈ, નરેશ ભાઈ, ગોવિંદભાઇ, કાનજીભાઈ સહીત ઉપસ્થિત રહ્યા હતા.

### પાટણમાં પદ્મનાથ ચોકડી પાસે કેનાલમાં નહાવા પર પ્રતિબંધ જરૂરી

પાટણ

પાટણમાં પદ્મનાથ ચોકડી પાસે આવેલ કેનાલ કે જે માનસરોવરના ફિલ્ટર પ્લાન્ટ સુધી જાય છે. જેનું પાણી પાટણની જનતા પીએ છે, ત્યારે આ કેનાલની અંદર અવાર નવાર ઉનાળાની ગરમી હોઈ નાના બાળકો, યુવાનો, અને રાહદારીઓ નહાવા માટે નહેરમાં પડે છે, તો આ લોકોને નહાવા પડતા અટકાવવા માટે પાટણ નગરપાલિકાના પ્રમુખ દ્વારા એ ડિવીઝન પોલીસ સ્ટેશન તથા બી. ડિવીઝન પોલીસ સ્ટેશનને જાણ કરવા છતાં કોઈ પગલા ભરવામાં ન આવતાં લોકોમાં રોષ વ્યક્ત થઈ રહ્યો છે. અત્રે નોંધવું ઘટે કે કેનાલમાં લોકો નહાવા પડે છે જેથી પાણી ડહોળુ અને દુષિત થઈ શકે છે, આ બાબતે સ્થાનિક પોલીસ દ્વારા કેનાલના સ્થળે કડક કાર્યવાહી થવી જોઈએ.

## મહેસાણામાં સામાન્ય બાબતે બે મુસ્લિમ જુથો વચ્ચે અથડામણ

મહેસાણા

મહેસાણા શહેરમાં આવેલા સિધ્ધપુરી બજાર ખાતે ગત શનિવારે મોડી સાંજે ગાડી પાર્ક કરવાના મુદ્દે મુસ્લિમોના બે જુથો વચ્ચે બોલચાલી થયા બાદ અથડામણ થતા એક વ્યક્તિને ગંભીર ઈજાઓ થઈ હતી અન્ય ઈજાગ્રસ્તોને મહેસાણાની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

રામઝાન માસમાં રોઝા છોડવાની બાબતે થયેલા તકરારના પગલે આ વિસ્તારમાં ભારે ઉત્તેજના ફેલાઈ હતી.

જાણવા મળતી વિગતો અનુસાર મહેસાણા સિધ્ધપુરી બજારમાં દુકાન આગળ ગાડી પાર્ક કરવા બાબતે બે વ્યક્તિઓ વચ્ચે તકરાર થઈ હતી અને બાદમાં બંને જુથના પરિવારો આમને સામને આવી જતાં હિંસક ઘટના સર્જાઈ હતી. કેટલાકને ઈજા થતાં હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ બાબતે એ ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી હતી.

## પાટણ પાલિકામાં ગેરરીતિને લઈ અંતે તપાસ કમિટી નિમાઈ

પાટણ

પાટણ પાલિકામાં વિવિધ કામોમાં ગેરરીતિના આક્ષેપોને લઈ વહીવટી અને રાજકીય ગરમાવો વધી ગયો હતો. પાલિકાના બોર્ડ દ્વારા ભાજપ - કોંગ્રેસના કુલ ૬ સભ્યોની કમિટી બનાવી તપાસ કરૂ કરાઈ છે. કોન્ટ્રાકટરે પોતાના કામના પૈસા મંજુર કરાવવા કન્સલ્ટન્ટ કટકી માંગતો હોવાના આક્ષેપો કરતાં ખળભળાટ મચી ગયેલ છે.

છેલ્લા કેટલાક સમયથી કોન્ટ્રાકટર ડાર્વિન પટેલે કામ કર્યા બાદ રકમ મંજૂર નહિ થતાં રૂા.૪ લાખ 'ઓમ કન્સન્ટન્ટે' માગ્યા હોવાના આક્ષેપ સાથે રજૂઆત કરી હતી. આ સાથે ફાઈલ દબાવી રાખવાને લઈ ચીફ ઓફિસર સામે પણ શંકાની સોય તાકી હતી. કોંગ્રેસ શાસીત પાલિકામાં ગેરીતિની વાતો વચ્ચે કટકીનો વીડીયો વાયરલ થતા ખળભળાટ મચી ગયો હતો. આ તમામ ગતિવિધિ વચ્ચે બોર્ડ દ્વારા કોંગ્રેસના કુલ છ સભ્યોની કમીટી બનાવી તપાસ કરવાના આદેશ કરાયા હતા. કમીટીને ૧૫ દિવસમાં પોતાનો રિપોર્ટ રજુ કરવાનો હોવાથી નવા પ્રમુખની ચૂંટણી બાદ મળનારા બોર્ડમાં રિપોર્ટને લઈ નિર્ણયો લેવાય તેવી વકી છે. ગેરરીતી બાબતે કોગ્રેસના અતુલ પટેલ, બાબુ પટેલ, ભરત ભાટીયા સાથે ભાજપના મહેશ પટેલ સહિત ૪ નગર સેવકો અને બાંધકામ શાળાના બે ઈજનરો સહિત ૬ સભ્યોની કમિટી તપાસ કરશે.

## ચારણકા ગ્રામજનોની પુનરુત્થાન અને પુનઃવસવાટની રજુઆત

રાધનપુર

ચારણકા ગામના ગ્રામજનોએ ગુજરાત પાવર કોર્પોરેશન લી.ના ચેરમેન અને સચિવને લેખિતમાં રજુઆત કરીને જણાવ્યું છે કે સોલારપાર્ક નિર્માણમાં ચારણકા ગામ સીમતળની સરકારી પડતર અને ખેતીની જમીન મળીને કુલ ૨૦૦૦ હેક્ટર જમીન સંપાદિત કરેલ છે.સોલારપાર્ક નિર્માણ વખતે ગુજરાત પાવર કોર્પોરેશન લી. દ્વારા ગ્રામજનોને બાંહેધરી આપવામાં આવી હતી તે બાબતે આજદિન સુધી અમલ કરવામાં આવ્યો નથી. ચારણકા ગામના સરપંચ સુમેરસિંહ જાડેજા, ઉપસરપંચ સામતભાઇ રબારી, પૂર્વ સરપંચ રાઘવદાન ગઢવી, જાનમહમ્મદ રાઉમા, ઈશ્વરભાઈ બઢીયા સહીત ગ્રામજનોએ ગાંધીનગર જઈને કરેલી રજુઆતમાં જણાવ્યા મુજબ સોલારપાર્ક નિર્માણમાં ૨૦૦૦ હેક્ટર જમીનમાં આવેલા પીલુડી (ખારા જાળા, મીઠા જાળા), મીઠા બાવળ, ખીજડો,કયડો સહિતનું નિકંદન નીકળી ગયેલ છે. અને હાલ બાકી રહેલ ૭૦૦ એકર જમીનમાં ભેલ કંપની દ્વારા વૃક્ષોનું છેદન કામ ચાલી રહ્યું છે.સોલારપાર્ક નિર્માણમાં કપાયેલા વૃક્ષોનું વાવેતર કરીને ઉછેરવાનું પ્લાનિંગમાં સામેલ હતું.પણ એ કામગીરી કરવામાં આવી નથી.આ ઉપરાંત જે સીમતળાવ અને આડબંધ સોલારપાર્કમાં ગયેલ છે તે ગામલોકોની જરૂરિયાત મુજબ ઊંડા કરી વધુ પાણી સંગ્રહ કરવાની અને જ્યાં જરૂર જણાય ત્યાં નવીન સીમતળાવ બાંધી આપવાની બાંહેધરી આપવામાં આવી હતી, જે પુરી કરવામાં આવી નથી. સોલારપાર્કને કારણે ચારણકાને નર્મદા બ્રાન્ચ કેનાલ મળવાની હતી એ પણ રદ થયેલ છે.જયારે સરકારી પડતર જમીનમાં ગામના અને બાજુના ગામ આલુવાસ, ફાંગલીના પશુપાલકો પશુ ચારિયાણ માટે સરકારી પડતર જમીનનો ઉપયોગ કરતા હતા,ચારણકા ગામમાં પાંચ હજાર ઘેટાં-બકરા અને એક હજાર ગાયો-ભેંસો છે,જેનું ચારિયાણ નષ્ટ થયેલછે. સોલારપાર્ક નિર્માણ વખતે ગુજરાત પાવર કોર્પોરેશન અને વીજઉત્પાદન કરતી કંપનીઓ દ્વારા કંપનીઓના નફામાંથી અમુક હિસ્સો શિક્ષણ,પીવાના પાણી,નિરાધાર પરિવારો અને ગરીબોના આવાસ જેવી પ્રાથમિક સુવિધાઓ માટે વાપરવામાં આવે છે,પરંતુ આજ દિન સુધી આ કામગીરી થઇ નથી.ગુજરાત પાવર કોર્પોરેશન દ્વારા એક અંગ્રેજી શાળા ( રેસીડેન્સી સ્કૂલ)નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું,અને બોર્ડ પણ લગાવેલ,પરંતુ પાંચ વર્ષ બાદ આજદિન સુધી કોઈ જ કામગીરી કરવામાં આવી નથી.સોલારપાર્ક નિર્માણ વખતે એક દવાખાનું બનાવવાનું વચન આપવામાં આવ્યું હતું,જે હજુ સુધી અધ્ધરતાલ જ છે. સાંતલપુર રેફરલ સુધી પહોંચવા માટે એક એમ્બ્યુલન્સ વાન ફાળવવામાં આવી હતી,જે આજે ગુજરાત પાવર કોર્પોરેશનની ઑફિસના પ્રાંગણમાં ધૂળ ખાઈ રહી છે.જો ગ્રામજની માંગણીઓ નહિ સંતોષાય તો ઉગ્ર આંદોલન કરવાની અને કંપનીઓની કામગીરી અટકાવી દેવાની પણ ચીમકી ઉચ્ચારવામા આવી છે.આ રજૂઆતની નકલ મુખ્યમંત્રીના કાર્યાલયમાં પણ આપવામાં આવી હતી.

## પાટણ ખાતે 'લોકકલ્યાણ સેવા ગ્રુપ - પાટણ' દ્રારા આયોજિત તુરી બારોટ સમાજનો જીવન સાથી પસંદગી મેળો યોજાયો

પાટણ

પાટણ ખાતે 'લોકકલ્યાણ સેવા ગ્રુપ - પાટણ' દ્વારા આયોજિતતુરી બારોટ★ સમાજનો જીવન સાથી પસંદગી મેળો - ૨૦૧૮નું આયોજન થયેલ, આ કાર્યક્રમ ના મુખ્યમહેમાન એવાં સમારંભ ઉદઘાટકગૌતમભાઈ ગેડીયા (ચેરમેન, ડો.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ - ગુજરાત સરકાર અને મહામંત્રી ભા.જ.પા - ગુજરાત પ્રદેશ (અ.જા.) મોરચા) નું લોક કલ્યાણ સેવા ગ્રુપ તથા પાટણ તુરી બારોટ સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું, આયોજકોનો કાર્ય ને બિરદાવીને આભાર વ્યક્ત કર્તા શ્રી ગેડીયા એ જણાવ્યું હતું કે, ગુજરાતને કલા ક્ષેત્રે વિશેષ ગૌરવ પ્રદાન કરનારી એવી અંત્યોદય સમાજ પૈકીની આ કલાસાધક તુરી બારોટ સમાજે સંગઠિત થઈને સામાજીક, શૈક્ષણિક, રાજકીય ક્ષેત્રે તેમજ તમામ મોરચે આગળ આવવા અપીલ કરી ને પસંદગી મેળામાં ભાગ લીધેલાં તમામ યુવાન - યુવતીયોને શુભકામનાઓ પાઠવી હતી, આ સમારંભમાં ભાજપ - ગુજરાત પ્રદેશ અ.જા. મોરચાના મંત્રી શૈલશભાઈ પરમાર, કલાકાર રસિકભાઈ બારોટ, લોકગાયક અને અભિનેતા રાકેશભાઈ બારોટ, પ્રશાંત જાદવ,ચંદ્રકાંત બારોટ સફાઈ કામદાર નિગમ ડિરેકટ ગંગારામભાઈ સોલંકી તેમજ મીનાબેન પરમારજિલ્લા પંચાયત સદસ્ય હરિભાઇ સોલંકી મોતીભાઇ તૂરી સહિત કાર્યકમ દાતા વિવિધ ક્ષેત્ર ના આગેવાનોતેમજ જે ભાગ લીધેલ અપરણિત યુવક અપરણિત યુવતીઓ તેમજ તેમના માતા પિતા સહિત હાજર રહ્યા હતા આ જીવન સાથી પસંદગીઓ મેળો સમગ્ર ઉતર ગુજરાત થતાં લોકો મોટી સંખ્યા હાજર રહ્યા હતા આ લોક કલ્યાણ સેવા ગુર્પ દ્વારા તૂરી બારોટ સમાજ પરણવાના આવેલા દીકરીઓ દીકરીઓ માટે આ સુંદર આયોજન કરવામાં આવ્યું તે બદલ આ સંસ્થા સમાજ આ કાર્યકરી સમાજ વિકાસ અને સમાજ બીજી સમાજ હરોળ ઊંચું સ્થાન ઊભું થાઈ તેવા પ્રયત્ન હાથ ધરવામાં આવ્યા છે આ જીવન સાથી પસંદગી મેળામાં જે લોકો પોતાનું પસંદગી ઉતારવામાં આવશે તો પ્રદેશ ભાજપ અનુસૂચિ મોરચાના મંત્રી શૈલેષભાઈ પરમાર દ્વારા ૫૦૦૦/-પાંચ હજાર રૂપિયા સહાય કરવાનું સૂચન કરવામાં આવ્યું હતુ જેને લઈ આ કાર્યકમ ૧૦જેટલા લોકો જીવન સાથી પસંદગીઓ મેળો માં પસંદગી ઉતારવામાં આવી હતી આ સંસ્થા જે જીવન સાથી પસંદગી મેળો શું કેવાય તેપણ આજના યુગ લોકો માહિતગાર કરી આ સફળ બનાવ્યા હતો તેમજ પ્રદેશ ભાજપ અનુસૂચિ જાતી મંત્રી શૈલેષભાઈ જણાયું હતું કે સમાજ માંથી ગોળ વાડા પરગના તેમજ કુરવિવાજો તજી સમાજ શિક્ષણ મજબૂત બનાવી આવનાર સમય સમાજ કલા ની સાથે શૈક્ષણિક પણ જરૂર છે આવી સંસ્થાઓ આ ભગીરથ કાર્ય કરવા સમાજ ઉપીઓગી થવા અપીલ કરી હતી આ લોકકલ્યાણ સેવા ગુર્પ સંસ્થા આયોજકો ચેરમેન લક્ષ્મીકાંત સોલંકી વાઈસ ચેરમેન લક્ષમણભાઈ પરમાર કારોબારી સભ્ય વિજયભાઈ બારોટ તેમજ હર્ષદભાઈબારોટ સંસ્થાના હોદેદારો હાજર રહી આ કાર્યકમ સફળ બનાવો હતો સહિત બહોળી સંખ્યામાં સમાજના યુવાઓ, વડીલો ઉપસ્થિત રહ્યા હતા.આ પસંદગી મેળો સફળ બન્યો હતો

